શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ પરિચય પરીક્ષા માટે મંજુર કરેલ છે

નવજીવન ગ્રંથમાળા પ્રકાશન-સોપાન ૧૨

આવૃત્તિ - પહેલી | નકલ - ૧૦૦૦

વિ. સં. - ૨૦૧૨. | સન:- ૧૯૫૬



મૂલ્ય પોણા બે રૂપિયા



પ્રાપ્તિ સ્થાનો -

શ્રી નવજીવન ગ્રંથમાળા,

[illegible] - | શાખા -
[illegible] | [illegible]
[illegible] | ભરૂચ.



શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-પૂના.

[illegible], પૂના-૨

[illegible] | સૌરાષ્ટ્ર શાખા
[illegible] | [illegible],
[illegible] | જામનગર.



જે રજૂ કરવામા આવેલ છે. તેમા હજીએ ઘણી ખામીઓ હશે, પણ
અત્યાર સુધીના તેના અર્થો જે પ્રગટ થયા છે, તેથી કર્તાના ભા
સ્પષ્ટ સમજાતા નથી. ઉંડાણ ઉતરી વિચારાશે, તો જણાશે, કે અ
૬ થી ૭ ગાથાઓની એક એક વચન કૃતિઓ તો આગમની ગૂ
પંક્તિ જેવી બની જાય છે જો કે તેમા આગમોનો સારજ તારવી
કૃતિકારે જનતા સમક્ષ રજૂ કર્યો છે. એ ૭ કે સાત ગાથાઓ આપ
માટે તો ૬-૭ સૂત્રો સમાન જ છે એમ માનીએ તો વાંધો નથી. અનં
જ્ઞાનીઓ નાના સૂત્રોમાં અનંત અર્થોને જેમ સંગૃહિત કરી શકે છે
તેમ તેમના શિષ્યો પણ નાનીશી કૃતિમાં પણ કેટલાય ગૂઢ રહસ્યોને
સંગ્રહ કરી શકે છે, તે આ કૃતિ ઉપરથીજ જાણી શકાય છે

આ સિવાય આ બન્ને કૃતિમા બીજી એ એક ખૂબી સમાએ
છે, કે આજના સમાજની પરિસ્થિતિઓને અવલોકવાનો માર્ગ
ઉપકારી મહાપુરુષ ચીંધે છે આપણે ઉન્માર્ગે જતા હોઈએ, તે કો
ઉપકારી આવીને હિતશિક્ષા આપે, તેવી રીતનો આ સ્તવનોમાં તેમ
શુભ સંદેશ છે એમના એ શુભ વચનો ટંકશાળી વચનો બની ગ
છે એમની નિસ્પૃહતાથી કહેવાએલી આ વાણી વાસ્તવમા મર્મસ્
બનેલી છે. આ રીતે ભગવાનની સમક્ષ કહેતા કહેતાં પણ ચાલુ યુગ
અને ભાવિના યુગને ઉદ્બોધન કરવાની કટાક્ષ શૈલિ બીજે ક્યાંય જો
મળતી નથી. એમની એ અનેક કળાવાળી કલાની કુશળતા આ
સંધી કોઈ કળી શક્યું નથી આપણા સમાજના હિત માટે કૃતિકા
જે જે કટાક્ષ વેધ્યા કર્યા છે, તેના પર શ્રી સંઘના આગેવાનો
વાચકો અને અભ્યાસીઓ ખૂબ લક્ષ આપે, અને એમના માર્ગ
સૂચનોને અમલમાં મૂકી જીવનાદર્શ બનાવે!

[illegible]

[illegible] પ્રકાશન સમિતિ



શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

પરિચય પાઠ્યક્રમ

સંકલિત

વિશ્વવિભૂતિઓ, શ્રી નવપદજીની પૂજા

તથા

શ્રી અભિનંદનસ્વામી, શ્રી અનંતનાથ ભગવાન અને શત્રુંજય ગિરિરાજ એ ત્રણ સ્તવનોના

રહસ્યાર્થ:—

દેવાધિદેવ વીતરાગ જિનેશ્વર.

પાર્શ્વ શંખેશ્વર નમી કરી, વળી ગણધર પાય
ચુ ચોવીશ જિનતણી, સ્તુતિ ગણુ સુખદાય. (૧)
ભવિ પૂજે અરિહંતને, શાસન જગ હિતદાય,
ઉપકાર ધોધ વહાવતા. તારે ત્રિભુવનરાય. (૨)

દુનિયામાં ઉપકાર એ જુદી વસ્તુ છે. આ પૃથ્વી ઉપર જે કોઈ મોટામાં મોટા ઉપકારી હોય. તો ભગવાન શ્રી તીર્થંકર દેવો જ હોય છે તીર્થંકર પ્રભુને અરિહંત, પરમેશ્વર. વીતરાગ

કે દેવાધિદેવ પણ કહેવાય છે. એ ભગવાન ચતુર્વિધ સંઘ (સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા) રૂપી શાસનની સ્થાપના કરે છે. એમના જેટલું પુણ્ય કોઈનું હોતું નથી. પોતે સ્થાપેલા સંઘના તેઓ મહાનેતા કહેવાય છે. (૧) ગર્ભમા આવતાં, (૨) જન્મતાં, (૩) દીક્ષા સમયે, (૪) કેવળજ્ઞાન અવસરે, અને (૫) છેવટે મોક્ષે જતાં દેવતાઓનાં સિંહાસનો ચલાયમાન થતાં જ ત્યાંથી દેવો મહોત્સવ ઉજવવા આવે છે આ પાચ અવસરો **કલ્યાણકના** નામથી ઓળખાય છે. આમ પ્રભુને જ્યારે કેવળજ્ઞાન થાય, કે તુરત જ દેવેન્દ્રો આવી સમોસરણ રચે છે, તેમા ભગવાન અપૂર્વ ધર્મદેશના આપે છે. આ પ્રમાણે તે પ્રભુજી ઘણા જીવોને બુઝવે છે આ ઉપકાર જેવો તેવો સામાન્ય નથી, કારણકે જન્મમરણનાં દુઃખોથી ભરેલી સંસારચક્કીમા અનંતા આત્માઓ જે પીસાઈ કે ચગદાઈ રહ્યા છે, તેવા અગણિત ને અત્યંત દુઃખોમાથી ઉગારીને તે ભગવાન મોક્ષના અનંતા સુખના સ્થાનમા મોકલી આપે છે દુઃખી આત્માને સુખી બનાવે તે જ સાચા ઉપકારી કહેવાય

[illegible] સાગરોપમના બે ભાગ કરો, એકનું નામ [illegible] અને બીજાનું નામ અવસર્પિણી [illegible]

ભગવાન સિંહાસન પર બિરાજે. ને દેશના આપે. ઓછામાં ઓછા ક્રોડ દેવો પ્રભુની સેવામાં હાજર રહે છે. ભગવાન ચાલે, ત્યારે પગ ભૂમિ પર મૂકે નહિ. પણ દેવોએ ગોઠવેલાં સુવર્ણ કમળ પર ચાલે છે આકાશમાં છત્ર ચાલે છે. ચાલતાં ચાલતાં કાંટા ઊંધા થઇ જાય. પંખીઓ ત્રણ પ્રદક્ષિણા ફરે છે. પ્રભુજી જ્યાં જાય ત્યાં છ માસ સુધી રોગ થતા નથી. ભગવાન શ્રી **અજિતનાથ** પ્રભુના સમયમાં વધારેમા વધારે **મહાવિદેહક્ષેત્ર** વિગેરેમાં ૧૭૦ તીર્થંકર ભગવાનો હતા આજે **મહાવિદેહ**ક્ષેત્રમાં વીશ તીર્થંકર પ્રભુ વિચરે છે. **ભરત** ને **ઐરાવત**ક્ષેત્રોમાં આજે વિહરમાન ભગવાનોનો વિરહ છે મૂર્તિનો જ આધાર છે

એ ભગવંતને કોઇની ઉપર પણ રાગ હોતો નથી, તેમ કોઇની ઉપર દ્વેષ કે વેરભાવ હોતો નથી. એ ભગવાનનો અનંત ઉપકાર ભુલાય તેમ નથી. તે પ્રભુ બહુ પવિત્ર હોવાથી તેમનું નામસ્મરણ પણ મંત્રસ્વરૂપ બને છે તેમ કરવાથી આપણાં ઘણા પાપો ધોવાઇ જાય છે તેથી જ આપણે વારંવાર "**નમો અરિહંતાણં**" નો જાપ કરીએ છીએ. આ વીતરાગ ભગવાન સૌનુ કલ્યાણ કરો ! આ ચોવીશીમા ચોવીશ ભગવાન થયા છે. તે આ પ્રમાણે છે

  

પાઠ ૧

ભગવાન શ્રી ઋષભદેવસ્વામી.

દુહો

આદિનાથ પહેલા થયા, નમું તે મહારાજ
કુલકર [illegible] ઘરે [illegible] જિનરાજ. (૩)

શ્રી ઋષભદેવસ્વામી ભગવાન આ ચોવીશીના પ્રથમ તીર્થંકર થયા હતા. તેઓનો જન્મ **વિનીતા** (અયોધ્યા) નગરીમાં થયો હતો. **નાભિરાજાના** એ પ્રભુ પુત્ર થતા હતા. એ પ્રભુજીના માતુશ્રીનું નામ **મરૂદેવા** હતું. એ પ્રભુના પુત્ર **ભરત** ચક્રીએ ચાર વેદની રચના કરી, ને ત્યારથી 'મા હન' કહેનારા બ્રહ્મણ કહેવાયા.

ભગવાનનું શરીર સુવર્ણ જેવા વર્ણનું ને પાંચસો ધનુષ્ય પ્રમાણ હતુ. એ પ્રભુના સાથળમાં **વૃષભનો** આકાર જન્મથી હતો, તેને **લંછન** કહેવાય છે, એટલે તેમનું લંછન વૃષભ હતું. અઢાર કોડાકોડી સાગરોપમ (એટલે અસંખ્યાતા વર્ષો) સુધી આ **ભારત** ભૂમિમા ધર્મનું નામનિશાન ન હતું, તેવા સમયે આ પ્રભુજીએ દેવવિમાનમાંથી અવતરી ધર્મશાસનની પહેલી જ સ્થાપના કરી. ભગવતે ત્યાશી લાખ પૂર્વનું આયુષ્ય ગૃહસ્થપણે વિતાવ્યું. પછી ૪૦૦૦ પુરૂષો સાથે દીક્ષા લઇને એક લાખ પૂર્વ સુધી ગામેગામ વિહાર કરી, ચારિત્ર પાળ્યું પ્રભુજીએ ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરી

પ્રભુજીનો પરિવાર આ પ્રમાણે હતો. ૮૪૦૦૦ મુનિવરો અને ૩ લાખ સાધ્વીઓ હતા. અષ્ટાપદ તીર્થ ઉપર ભગવાન મોક્ષે ગયા છે. ભગવાન શ્રી ઋષભદેવસ્વામીના શાસન રક્ષક ગૌમુખ યક્ષ અને ચક્રેશ્વરી દેવી થયા છે. શ્રી શત્રુંજય, શ્રી આબુજી તથા શ્રી ઝગડીયાજી વિગેરે [illegible] શ્રી ઋષભદેવસ્વામીના મોટા જિનાલયો છે.

પૂર્વ-૮૪ લાખને ૮૪ લાખે ગુણવાથી આવેલી વર્ષની સંખ્યા મોક્ષે ગયા-સર્વથા જન્મ મરણનાં દુઃખથી મુક્ત થયાં.

★ ★ ★

પાઠ ૨.

શ્રી અજિતનાથ ભગવાન.

દુહો.

અજિતનાથ બીજા નમું, શાસન જસ જયકાર,
કેવળ આરીસે જુએ, વિશ્વભાવ સુખકાર. (૪)

પ્રથમ તીર્થપતિના થયા પછી પચાસ લાખ ક્રોડ સાગરોપમ વિતી ગયા. ત્યારબાદ બીજા ભગવાન શ્રી **અજિતનાથ**સ્વામી થયા. **જિતશત્રુ** રાજા અને **વિજયા** રાણીના એ પુત્ર હતા. **અયોધ્યા** નગરીમાં અવતરેલા એ પ્રભુનું **ગજ** લંછન હતું. સાડા ચારસો ધનુષ્ય જેવડું ઊંચું એ પ્રભુજીનું શરીરપ્રમાણ હતું. એક હજાર નરવીરો સાથે તે પ્રભુજીની દીક્ષા થઇ હતી. ૭૨ લાખ પૂર્વનું દીર્ઘઆયુષ્ય એ દેવાધિદેવનું હતું. મોક્ષે જતી વખતે એ પ્રભુનો વિશાળ પરિવાર એક લાખ મુનિવરોથી તથા ત્રણ લાખ અને ત્રીશ હજાર આર્યાઓથી શોભતો હતો. આ ભગવાન શ્રી **સમ્મેતશિખર** મહાતીર્થ ઉપર મોક્ષે ગયા. **મહાયક્ષ** નામના દેવે એ પ્રભુના શાસનમાં ધર્મી આત્માઓને ઘણી સહાય કરી છે. તથા **અજિતબલા** નામની દેવીએ શાસનસંરક્ષક તરીકે ઘણી સેવા બજાવી છે. એ શાસન જયવંતુ રહો! બારમી સદીમાં શ્રી **તારંગાજી** તીર્થમાં મહારાજા **કુમારપાળે** મોટું જિનમંદિર બંધાવી, આ ભગવાનનું મહાન અલૌકિક બિંબ પધરાવ્યું છે.

શબ્દાર્થ.

દેવાધિદેવ=ક્રોડો દેવો એ નાથની સેવા કરતા હતા, એટલે એ પ્રભુ દેવોના પણ પૂજ્ય હતા તેથી દેવાધિદેવ કહેવાય છે.

પરિવાર=એ ભગવાનની સેવા કરનારા મહાવ્રતધારી મુનિઓ.

આર્યાઓ=મહાવ્રતધારી સાધ્વીજી મહારાજો.

  

પાઠ ૩.

શ્રી સંભવનાથ ભગવાન.

દુહો

સંભવજિનને પામીને, થાય અનાથ સનાથ.
સુણી દેશના હિતકરી, કરે મુક્તનો સાથ. (૫)

વિશ્વોપકારી શ્રી અજિતનાથ ભગવાનની પછી ત્રીશ લાખ ક્રોડ સાગરોપમે ત્રીજા તીર્થંકર પ્રભુ શ્રી સંભવનાથ ભગવાન થયા. ભાવિક આત્માઓના ઉદ્ધાર કરવાની ઉત્કટ ભાવનાથી જિન-નામકર્મ બાંધીને તેઓ આવ્યા હતા. તેમના પિતાજીનું નામ જિતારી રાજા હતું, ને સેના માતાની કુખે પ્રભુ અવતર્યા [illegible] એ પ્રભુની [illegible]વનવર્ણી માતા હતી. પ્રભુને ઘોડાનું [illegible] એ ભગવાનનો જન્મ શ્રાવસ્તિ નગરીમાં થયો [illegible] શરીર [illegible] હતું. ભગવાને [illegible] હતી [illegible] લાખ પૂર્વનું [illegible] હતું. તેમના [illegible] [illegible] જીને [illegible] સમેતશિખર [illegible] નિર્વાણ [illegible] તેમનું નામ [illegible] નારી હતું. એ [illegible]

શબ્દાર્થ.

સાગરોપમ=અસંખ્યાતા વર્ષો. સોવનવર્ણી=સોનાના રંગ જેવો વર્ણ.
સમક્તિવંત=ભગવાનના ધર્મ ઉપર શ્રધ્ધા રાખનાર

★ ★ ★

પાઠ ૪.

શ્રી અભિનંદનસ્વામી.

દુહો.

અભિનંદન ચોથા પ્રભુ, સ્યાદ્વાદ રસ કંદ
તસ ગુણને અવલંબતા, લહું આનંદ અમંદ (૬)

ત્રીજા ભગવાનની પછી દશ લાખ કોડી સાગરોપમે ચોથા વિશ્વવિભૂતિ શ્રી અભિનંદનસ્વામીજી થયા. તેમના પિતાનું નામ સંવર રાજા અને માતાનું નામ શ્રી સિદ્ધાર્થા હતું. પ્રભુનો જન્મ અયોધ્યામાં થયો હતો

સાડી ત્રણસો ધનુષ્ય જેવડું તે પ્રભુજીનું શરીર હતું. એક હજાર પુરુષો સાથે તે ભગવાનની દીક્ષા થઇ હતી. તે ભગવાનને વાનરનું લંછન હતું. પ્રભુજીએ પચાસ લાખ પૂર્વનું દીર્ઘાયુષ્ય ભોગવી શ્રી સમેતશિખરજી તીર્થ ઉપર મુક્તિ મેળવી એ ભગવાનનો શિષ્ય સમુદાય ત્રણ લાખ સાધુઓનો હતો, તથા સાધ્વીઓ છ લાખ ને છત્રીશ હતી. શાસનદેવ ઇશ્વર નામે હતા. ને કાળી નામની દેવી સંરક્ષક હતી.

શબ્દાર્થ

વિશ્વવિભૂતિ=મહાન તેજસ્વી પુરુષ. દીર્ઘાયુષ્ય=લાંબુ આયુષ્ય.
સમુદાય=પરિવાર, સમૂહ

★ ★ ★

પાઠ ૫.

શ્રી સુમતિનાથ ભગવાન.

દુહો.

<u>સુમતિનાથ</u> સેવા કરો, પૂરે સઘળી આશ,
જ્ઞાન દીપકને આપતા, ટાળે ભવના પાશ. (૭)

શ્રી અભિનંદનસ્વામી ભગવાન અને શ્રી **સુમતિનાથ** પ્રભુ એ બે તીર્થપતિઓની વચ્ચે નવ લાખ સાગરોપમનું અંતર પડ્યું. આ પ્રભુજીનો જન્મ **અયોધ્યા** નગરીમાં **સુમંગલા** માતાની કુક્ષીએ અને **મેઘરથ** રાજાના કુળમાં થયો હતો. તેઓશ્રીનું લંછન **ક્રૌંચનું** હતું. ને શરીર ત્રણસો ધનુષ્ય પ્રમાણનું હતું. એ ભગવંતનું આયુષ્ય ચાલીસ લાખ પૂર્વનું હતું.

એક હજાર વીરનરો સાથે પ્રભુએ સંયમ અંગિકાર કર્યું. શ્રી **સમેતશિખરના** પહાડ ઉપર એ અરિહંત ભગવાને શિવપદ લીધું. પ્રભુશ્રીનો શિષ્ય સંપ્રદાય ત્રણ લાખ ને વીશ હજાર મુનિવરો અને પાંચ લાખ ને ત્રીશ હજાર સાધ્વીજીઓથી શોભતો હતો. પ્રભુના **તુંબરૂ** યક્ષ તથા **મહાકાલી** દેવી એ બે શાસનરક્ષક હતા. આ ભગવાનનો પ્રભાવ શ્રી **તલાજા** તીર્થમાં તથા માતર (નડીઆદ પાસે) માં બહુ વિખ્યાત છે. એ તીર્થ ખરેખર દર્શનીય છે.

પાઠ ૬.

શ્રી પદ્મપ્રભસ્વામી.

દુહો.

પદ્મપ્રભ જિન હિતકરૂ, કાંતિ અતિશયવંત
ભવ્ય હૃદય પ્રવેશીને, ટાળો અરિગણ સંત. (૮)

શ્રી **સુમતિનાથ** ભગવાનના નિર્વાણથી નેવું હજાર ક્રોડ સાગરોપમે શ્રી **પદ્મપ્રભ** જિનેશ્વર નિર્વાણ પામ્યા.

કૌશાંબી નગરીમાં **શ્રીધર** રાજા તથા **સુસીમા** રાણીના પુત્રપણે શ્રી **પદ્મપ્રભુજીનો** જન્મ થયો. પ્રભુને **કમળનુ** લંછન હતું. ત્રીશ લાખ પૂર્વનું આયુષ્ય હતું. અઢીસો ધનુષ્ય દેહમાન હતું. રાતો વર્ણ પ્રભુના શરીરનો હતો. એક હજાર માનવીઓ સાથે પ્રભુશ્રીએ ચારિત્ર સ્વીકાર્યું. ત્રણ લાખ ત્રીશ હજાર મહાત્માઓ, અને ચાર લાખ વીશ હજાર સાધ્વીજીઓના વિશાળ પરિવારથી એ ભગવાન ઝળકતા હતા. પ્રભુજી **સમેતશિખર** તીર્થ ઉપર અનંત સુખવાળા મુક્તિપદને પામ્યા. **કુસુમ** યક્ષ તથા **અચ્યુતા** દેવી પ્રભુના શાસનની સેવામાં હાજર હતા. અને તે હંમેશ પ્રભુની ઘણી ઘણી ભક્તિ કરતા હતા.

શબ્દાર્થ

અરિગણ=કર્મ રૂપી શત્રુનો સમૂહ દેહમાન=શરીરનો ઉંચાઈ
અનંત સુખવાળા=અપાર સુખવાળા

  

પાઠ ૭.

શ્રી સુપાર્શ્વનાથજી.

દુહો.

શ્રી સુપાર્શ્વ જિન શોભતા, સ્થાપી ચઉવિહ સંઘ
આકાશે જેમ સૂર્ય તેજ, ટાળે તિમિર પ્રબંધ. (૯)

શ્રી **પદ્મપ્રભસ્વામીજી** પછી નવ હજાર કોડ સાગરોપમે શ્રી **સુપાર્શ્વ**નાથ ભગવાન થયા **વાણારસી** (બનારસ-કાશી) નગરીમા **સુપ્રતિષ્ઠ** પિતા તથા **પૃથિવી** માતાના શ્રી **સુપાર્શ્વ નાથજી** પુત્ર હતા. **સ્વસ્તિક** લંછન પ્રભુજીનું હતું. દીક્ષા એક હજાર માનવીઓ સાથે થઇ. બસો ધનુષ્યનું એ પ્રભુનું શરીર હતુ, ને વીશ લાખ પૂર્વ સુધી લાંબુ આયુષ્ય ભોગવ્યુ ભારતભૂમિના ખુણેખુણામા ધર્મના ડંકા વગાડ્યો ને ઘણા જીવોને તાર્યા શ્રી **સમેતશિખરજી**ના મહાન ગિરિરાજ ઉપર એ પ્રભુ મોક્ષે ગયા ત્રણ લાખ મુનિઓ તથા ચાર લાખ ત્રીશ હજાર સાધ્વીજીઓ પ્રભુજીના શાસનમાં થયા. **માતંગ** યક્ષ અને **શાંતાદેવી** પ્રભુના શાસનના રખવાળ હતા.

શબ્દાર્થ

[illegible], [illegible], [illegible], [illegible] અને [illegible]
[illegible] રખવાળ-રક્ષણ કરનાર.

★　　★　　★

પાઠ ૮.

શ્રી ચંદ્રપ્રભસ્વામી.

[illegible]

[illegible]
[illegible] (૧૦)

શ્રી સુપાર્શ્વનાથસ્વામીથી નવસો ક્રોડ સાગરોપમે શ્રી **ચંદ્રપ્રભ** ભગવાન થયા **ચંદ્રપુરી** નગરીમાં પિતા **મહાસેન** તથા માતા લક્ષ્મણાને ત્યા ચંદ્ર લંછનથી શોભતા શ્રી **ચંદ્રપ્રભ**સ્વામીનો જન્મ થયો. તે પ્રભુજીનુ શરીર દોઢસો ધનુષ્યનુ હતું. આ પ્રભુનું શરીર ગૌરવર્ણવાળું હતુ.

એક હજાર પુરુષો સાથે પ્રભુની દીક્ષા થઈ. દશ લાખ પૂર્વનુ એ ભગવાને આયુષ્ય ભોગવ્યુ, અને શ્રી **સમેતશિખર** ઉપર હંમેશ માટેના અખંડ નિવૃત્તિવાળા મોક્ષને મેળવ્યું. પ્રભુનો શિષ્ય સમુદાય અઢી લાખ મુનિ મહારાજોનો, ને ત્રણ લાખ એંસી હજાર સાધ્વીઓનો હતો. શાસનસંરક્ષક **વિજય** અને **જ્વાલા** દેવી હતા. શ્રી **ચંદુર** તીર્થમાં (શ્રી શંખેશ્વરજીની પાસે) આ પ્રભુજીનું મંદિર છે

શબ્દાર્થ

સુખવાસ=સુખવાળુ સ્થાન ગૌરવર્ણ=શ્વેત અથવા ઉજળો વર્ણ.
અખંડ નિવૃત્તિ=સંપૂર્ણ શાંતિ.

★ ★ ★

પાઠ ૯.

શ્રી સુવિધિનાથસ્વામી.

દુહો.

સુવિધિનાથ દેવે અને સમકિત જે સુખકાર,
વિરલાજ અવલોકી જે, તેઓના તે વિચાર (૧૧)

ભગવાન શ્રી ચંદ્રપ્રભસ્વામીજી પછી નેવુ ક્રોડ સાગરોપમે શ્રી સુવિધિનાથ પ્રભુ થયા સુગ્રીવ રાજા અને રામા માતા એ પ્રભુજીના પિતા ને માતા થતા હતા તેમનો જન્મ કાકંદી

નગરીમાં થયો હતો, અને લંછન **મગરમચ્છનું** હતું. એ પ્રભુ શ્રી **પુષ્પદંત** ભગવાનના નામથી પણ ઓળખાતા. પ્રભુજીનું આયુષ્ય બે લાખ પૂર્વનું હતું. તેમનું શરીર એકસો ધનુષ્ય ઉંચાઈનું હતું ભગવંતે એક હજાર પુરુષોની સાથે ચારિત્ર ગ્રહણ કર્યું. જેમ ઇંદ્ર દેવોની સભા વચ્ચે શોભે, તેમ પ્રભુશ્રી પોતાના બે લાખ મુનિઓ અને એક લાખ ને વીશ હજાર સાધ્વીઓથી શોભતા હતા. એ પ્રભુ શ્રી **સમેતશિખર** ઉપર નિર્વાણ પામ્યા. શાસનદેવ **અજીત** યક્ષ અને દેવી **સુતારા** શ્રી સંઘના સહાયક હતા

શબ્દાર્થ

વિશ્વભાવ અવલોકીને=દુનિયાને ઝીણી નજરે જોઇને
નિસ્તાર=કલ્યાણ કરનાર. નિર્વાણ=મોક્ષ.

★ ★ ★

પાઠ ૧૦.

શ્રી શીતળનાથસ્વામી.

દુહો

શીતળનાથ દશમા પ્રભુ, વંદન કરું અણમોલ
[illegible] મન [illegible], [illegible] (૧૦)

હવે [illegible] શ્રી સુવિધિનાથ પ્રભુની પછી નવ ક્રોડ સાગરો-પમે શ્રી શીતળનાથસ્વામી થયા

ભદ્દિલપુર નામના નગરમાં દૃઢરથ રાજા અને નંદા [illegible] નેવું ધનુષની ઉંચાઈ હતી. [illegible] લાખ પૂર્વનું આયુષ્ય પાળ્યું. [illegible] ભગવાનને [illegible] શ્રી સમેત

શિખર ઉપર પ્રભુજી શિવપદને પામ્યા. તારાઓમાં જેમ ચંદ્રમા શોભે, તેમ આ ભગવાન એક લાખ સાધુઓ અને એક લાખ ને ૭ સાધ્વીઓ વચ્ચે શોભતા હતા. **બ્રહ્મ** યક્ષ અને **અશોકા** નામે દેવી પ્રભુના શાસનની રક્ષા કરતા હતા.

શબ્દાર્થ

અણમોલ=જેની કિંમત ન અંકાય એવા.
અનેકાંત મત=દરેક બાજુના વિચારવાળો મત. **ભવિ**=ભાવિક પુરુષો.

★ ★ ★

પાઠ ૧૧.

શ્રી શ્રેયાંસનાથ પ્રભુ.

દુહો.

શ્રેયાંસ જિનને સમરીયે, શિવસુખના દાતાર,
ભવના રોગ મટાડવા, ઉત્તમ વૈદ્ય પ્રકાર. (૧૩)

પ્રભુ શ્રી **શીતળનાથ** ભગવાન થયા પછી એક સો સાગરોપમ ને છાસઠ લાખ છવ્વીસ હજાર વર્ષ ઓછા એવા એક ક્રોડ સાગરોપમે શ્રી **શ્રેયાંસનાથ** જિનેશ્વર થયા. **સિંહપુર** નગરમાં વિષ્ણુ નામના રાજાને ત્યાં તેમનો જન્મ થયો હતો. માતાનું નામ પણ વિષ્ણુ હતું. પ્રભુનું લંછન ગેંડાનું હતું. ચોરાશી લાખ વર્ષ સુધી ભગવાન જીવ્યા. એક હજાર પુરુષવૃંદ સાથે ભગવાનની દીક્ષા થઈ. પ્રભુશ્રી એંશી ધનુષ્યની ઉંચી કાયાથી શોભતા હતા. ઉત્તમ ધ્યાનમાં પ્રભુશ્રી **સમેતશિખર** તીર્થ ઉપર મહાસુખવાળા મોક્ષને પામ્યા. ચોરાશી હજાર મુનિઓની અને એક લાખ ત્રણ હજાર સાધ્વીજીઓની સંપદા હતી. **મનુજેશ્વર** નામે યક્ષ ને **શ્રીવત્સા** દેવી શાસન

સેવક હતા.

શબ્દાર્થ.

ભવરોગ=જન્મ મરણનાં દુઃખો. પુરુષ વૃંદ=મનુષ્યોનો સમુદાય. સંપદા=પરિવાર.

  

પાઠ ૧૨.

શ્રી વાસુપૂજ્ય ભગવાન.

દુહો.

વાસુપૂજ્ય જિન અવતર્યા, કરવા ભવિ કલ્યાણ.
સુર અસુર સેવા કરે, શિર ધરી જિનની આણ. (૧૪)

શ્રી શ્રેયાંસનાથ પ્રભુની પછી ચોપન સાગરોપમે પરમ ઉપકારી ભગવાન શ્રી **વાસુપૂજ્યસ્વામી** થયા એ પ્રભુ **વસુ પૂજ્ય** રાજાના પુત્રપણે **ચંપાપુરી** નગરીમાં અવતર્યા. **જયા** નામે તેમની માતા હતા ભગવાનને **મહીષનું** લંછન હતું. પ્રભુજીના શરીરનો વર્ણ રાતો હતો. આયુષ્ય પ્રભુનું બોતેર લાખ વર્ષનું હતું શરીર પ્રમાણ સીત્તેર ધનુષ્યનું હતું. છસો પુરુષ સાથે ભગવંતે સંયમ લીધું. ભગવાનનું મોક્ષકલ્યાણક ચંપાપુરીમાં જ થયું હતું બોતેર હજાર સાધુ મુનિરાજ અને [illegible] સાધ્વીઓના પરિવારથી પ્રભુની શોભા ઘણી વધી હતી. કુમાર યક્ષ અને ચંડા દેવીએ એ પ્રભુજીના [illegible] હતી

શબ્દાર્થ

[illegible] જિન [illegible] આજ્ઞા [illegible]

  

પાઠ ૧૩.

શ્રી વિમળનાથસ્વામી.

દુહો

<u>વિમળનાથ</u> નિર્મળ કરે, ટાળે ઘોર મિથ્યાત,
ભવ દાવાનળ ઝાળમાં, શીતળ બોધ વિખ્યાત (૧૫)

ભગવાન શ્રી **વાસુપૂજ્યસ્વામી** પછી શ્રી **વિમળનાથ** પ્રભુ ત્રીશ સાગરોપમે થયા. **કંપીલપુર** નામની નગરીમાં **કૃતવર્મ** નામે રાજા રાજ્ય કરતા હતા. તેમની રાણીનું નામ **શ્યામા** નામે હતું. વરાહ (ભુંડ) લંછનવાળા પ્રભુશ્રી **વિમળ-નાથ** ભગવાને આ ઉત્તમ કુળમાં જન્મ લીધો. સાઠ (૬૦) ધનુષ્યનું શરીર પ્રમાણ હતું. સાઠ લાખ વર્ષનું આયુષ્ય આ પ્રભુજીનું હતું. એક હજાર માનવીઓ સાથે ભગવાનની દીક્ષા થઇ. **સમેતશિખરજી** ઉપર પ્રભુ મુક્તિ પામ્યા. અડસઠ હજાર મહા મુનિઓએ તથા એક લાખ ને આઠસો સાધ્વીઓએ એ પ્રભુજી પાસે દીક્ષા અંગિકાર કરી કલ્યાણ સાધ્યું. **ષડ્મુખ** યક્ષ અને **વિજયા** એ પ્રભુના શાસનના રખેવાળ હતા.

શબ્દાર્થ

ઘોર મિથ્યાત=સાચો ધર્મ નહિ ગમવો તે

ભવરૂપી દાવાનળ=જન્મ-મરણના દુઃખરૂપી અગ્નિ

વિખ્યાત=[illegible] જગતની [illegible] પાણી [illegible] તે

  

પાઠ ૧૪.

શ્રી અનંતનાથ પ્રભુ.

દુહો.

<u>અનંતનાથ</u> પ્રભુજી હોયે, અનંત સુખનું ધામ,
કરૂણારસ સ્પર્ધા કરે, સાયર <u>સ્વયંભૂ</u> નામ. (૧૪)

શ્રી વિમળનાથ પ્રભુ થયા ત્યાર પછી, નવ સાગરોપમને આંતરે શ્રી અનંતનાથ ભગવાન થયા. અયોધ્યા નગરીમાં તે પ્રભુનો સિંહસેન રાજાને ત્યાં સુયશા માતાના પુત્ર તરીકે જન્મ થયો એ પ્રભુનું લંછન સિંચાણાનું હતું. ભગવાનની ઉંચાઇ પચાસ ધનુષ્યની હતી, ને ત્રીશ લાખ વરસનું આઉખું હતું. તેમની એક હજાર મનુષ્યો સાથે દીક્ષા થઇ હતી ત્યારબાદ ભગવાને ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરી પછી છેવટે શ્રી **સમેતશિખર** તીર્થ ઉપર મોક્ષપદને પામ્યા, ત્યારે એ ભગવંતના છાસઠ હજાર સાધુઓ હતા, ને બાસઠ હજાર સાધ્વીજી હતા. **પાતાળ** નામના દેવે. ને અંકુશી નામની દેવીએ **ચતુર્વિધ** સંઘને ધર્મકરણી કરવામાં સહાય કરી હતી અને સકલ સંઘના વિઘ્નો દૂર કર્યાં હતા.

શબ્દાર્થ

[illegible] — સ્વયંભૂ—[illegible] નામ [illegible]
[illegible] સાગર.

  

પાઠ ૧૫.

શ્રી ધર્મનાથસ્વામી.

દુહો

<u>ધર્મનાથ</u> જિન પૂજજો. સકલ મનોરથ માળ
કલ્પવૃક્ષ જેમ પૂરતા જપતા ધમ જપમાળ. (૧૫)

શ્રી અનંતનાથસ્વામીની પછી ચાર સાગરોપમે ભગવાન **શ્રી ધર્મનાથસ્વામીનુ** શાસન આવ્યું. **રત્નપુરી** નગરીમાં વજ્ર લંછનવાળા પ્રભુ શ્રી ધર્મનાથસ્વામીનો જન્મ **ભાનુ નૃપતિ** અને **સુવ્રતા** રાણીને ત્યા થયો. તેમનુ ૪૫ ધનુષ્યનું સુંદર શરીર હતું, અને જીવન દશ લાખ વર્ષ સુધીનું હતં. એક હજાર તરુણો સાથે પ્રભુજીએ સંયમ લીધું **શ્રી સમેતશિખર** પર તે પ્રભુએ પોતાનો અંતિમ ભવ પૂર્ણ કરી શ્રી સિદ્ધિપદને પ્રાપ્ત કર્યું. એ પ્રભુએ ચોસઠ હજાર પુરુષોને, અને બાસઠ હજાર ને ચારસો સ્ત્રીઓને દીક્ષા આપી હતી કિંનર યક્ષ અને પ્રજ્ઞપ્તિ દેવી પ્રભુના શાસનને સાનિધ્ય કરતા

શબ્દાર્થ

મનોરથ=[illegible] અંતિમ ભવ=છેલ્લો જન્મ
સાન્નિધ્ય=સહાય, મદદ

* * *

પાઠ ૧૬.

શ્રી શાંતિનાથ જિનેશ્વર.

દુહો

[illegible]
[illegible]

શ્રી ધર્મનાથ પ્રભુની પછી પોણો પલ્યોપમ ન્યૂન એવા ત્રણ સાગરોપમે **શ્રી શાંતિનાથ** ભગવાન થયા. અગાઉના વખતમાં **ગજપુર** નામના નગરમાં **વિશ્વસેન** રાજા રાજ્ય કરતા હતા. **અચિરાજી** નામે તેમની રાણી હતી. એ રાજાને ત્યાં ત્રણ જ્ઞાનવાળા પ્રભુ શ્રી શાંતિનાથ જિનેશ્વરનો જન્મ થયો. યૌવન વય થતાં એ ભગવાન ચક્રવર્તિ થયા, એટલે આખા ભારત પર તેમનું સામ્રાજ્ય પથરાયું. તે પ્રભુનું દેહ ચાલીશ ધનુષ્યનું હતું. પ્રભુશ્રીએ દુનિયાને સાચો માર્ગ બતાવવા માટે એક હજાર સત્પુરુષો સાથે દીક્ષા લીધી. એક લાખ વર્ષનું આયુષ્ય પ્રભુજીએ પાળ્યું. તેઓશ્રીને શોભતું **હરણનું** લંછન હતું. ભગવાનને **સમ્મેતશિખરજી** તીર્થ ઉપર શુભ ધ્યાન ધરતા મોક્ષની પ્રાપ્તિ થઇ. શ્રી **વામજ તીર્થ**માં તથા શ્રી **ઇડર તીર્થ**માં આ પ્રભુજીના વિશાળ જિનાલયો છે. બાસઠ હજાર મહામુનિઓ, તથા એકસઠ હજાર ને છસો સાધ્વીજીઓના તે પ્રભુ નાયક હતા. ગરુડ યક્ષ અને **નિર્વાણી** દેવી એ પ્રભુના શાસનના સહાયક હતા.

શબ્દાર્થ.

[illegible] જ્ઞાન, [illegible]જ્ઞાન, અવધિજ્ઞાન
[illegible] ઉપર રાજ્ય [illegible]
[illegible]

★　　　　★　　　　★

પાઠ ૧૭.

શ્રી કુંથુનાથ ભગવાન

[illegible]
[illegible]

શ્રી શાંતિનાથ પ્રભુના થયા પછી, અર્ધ પલ્યોપમે પ્રભુ શ્રી કુંથુનાથજી ભગવાનનુ શાસન આવ્યું. ગજપુર નગરમાં એ પ્રભુજીનો જન્મ થયો હતો. શૂર રાજા અને શ્રીમતી રાણી એ પ્રભુજીના પિતા ને માતા હતા છાગ લંછન ભગવંતનું હતું. પહેલા ભગવાનથી આપણે જોઇશું, તો જણાશે, કે આ કાળ ઘટતો જતો હોવાથી ભગવાનોના શરીરો પણ એક એક કરતાં નાના નાના થતાં જોતા આવ્યા છીએ. તેમ આ પ્રભુજીનું શરીર પાત્રીશ ધનુષ પ્રમાણ જ હતું. એક હજાર મનુષ્યો સાથે ભગવાનની દીક્ષા થઇ. પંચાણું હજાર વર્ષનુ દીર્ઘ આયુષ્ય પ્રભુજીએ ભોગવ્યુ. પ્રભુજી સમેતશિખરજી ઉપર મોક્ષે ગયા. ત્યારે ભગવંતના સાઠ હજાર મુનિઓ, ને સાઠ હજારની ઉપર છસોની સંખ્યામા સાધ્વીજીઓ હતા ગંધર્વ યક્ષ અને અચ્યુતા દેવી એ પ્રભુજીના શાસનના સેવક હતા. જે પ્રભુએ ચક્રવર્તિની મહાન રિદ્ધિને ભોગવી, અને પછી જે તીર્થંકર તરીકેની પણ સકળ રિદ્ધિને ભોગવવા ભાગ્યશાળી થયા હતા, તે કુંથુનાથ પ્રભુ સહુનું કલ્યાણ કરો.

શબ્દાર્થ

પ્રાતિહાર્ય અષ્ટ અતિશયો=પ્રભુજીના આઠ મહાન પ્રભાવક ચિન્હો ગુણવિલાસ મહંત=ગુણોને ભોગવનારા મહાન થયા છાજે=શોભે.

★  

પાઠ ૧૮

શ્રી અરનાથ ભગવાન.

દુહો.

[illegible]

[illegible]

શ્રી કુંથુનાથ પ્રભુ પછી એક ચતુર્થાંશ પલ્યોપમમાં હજાર ક્રોડ ઓછા વર્ષે પ્ર શ્રી **અરનાથસ્વામી ગજપુર** નગરમાં **સુદર્શન** રાજાની દેવી **મહ્દાર** રાણીની કુખે જન્મ્યા. ત્રીશ ધનુષ્યના સુંદર શરીરથી પ્રભુની શોભા વધતી હતી. ચોરાશી હજાર વર્ષ સુધી ભગવાન જીવ્યા. **નંદાવર્ત** (સાથીઆ) નું ભગવાનના સાથળ પર સુશોભિત ને મંગળિક ચિન્હ (લંછન) હતું. ચક્રવર્તિ થયા પછી પ્રભુએ એક હજાર મહાપુરુષો સાથે જન્મ મરણના દુઃખો ટાળે એવું ચારિત્ર લીધું. શ્રી **સમેતશિખર** ગિરિરાજ પર પ્રભુ ચારિત્રના ફળરૂપ મોક્ષને પામ્યા. પચાશ હજાર સુસાધુઓ, અને સાઠ હજાર સુસાધ્વીજીઓનો પરિવાર પ્રભુશ્રીનો હતો. **યક્ષેન્દ્ર** ને **ધારિણી** દેવી પ્રભુશાસનના સેવક હતા.

શબ્દાર્થ

રિદ્ધિસિદ્ધિ=[illegible] ગુણવાન=[illegible] ગુણોવાળા
ગિરિરાજ=[illegible]

★ ★ ★

પાઠ ૧૯.

શ્રી મલ્લિનાથ પ્રભુ.

તે પુરુષપણે જ અવતરે છે, પણ આ એક મોટું આશ્ચર્ય બન્યુ છે. એ ભગવાનના માતા પિતા અનુક્રમે **પ્રભાવતિ રાણી** અને **કુંભ રાજા** હતા. યૌવન પામતા એ પ્રભુના શરીરનુ પ્રમાણ વધીને પચીશ ધનુષ્યનું થયું હતું. કુંભ કળશનું માંગળિક લંછન પ્રભુના સાથળે ઘણું જ શોભતું હતું. ભગવાનની કાંતિ નીલ વર્ણવાળી દેદીપ્યમાન હતી. ત્રણસો ઉત્તમ પુરુષો સાથે એ ભગવાનની દીક્ષા થઇ. એ પ્રભુજીએ પચાવન હજાર વર્ષનું આયુષ્ય ભોગવ્યું. અને મહાન તીર્થ શ્રી **સમેતશિખરજી** ઉપર શિવપદ પ્રાપ્ત કર્યું. પ્રભુશ્રીનો પરિવાર ચાલીશ હજાર મુનિઓનો, અને પંચાવન હજાર સાધ્વીજીઓનો હતો. **કુબેર** યક્ષ ને વૈરૂટ્યા દેવી શાસનમા રહેલા સહુને સહાય કરતા. અમદાવાદ પાસે ભોયણીજી તીર્થમા આ પ્રભુનું મોટું જિનાલય છે.

શબ્દાર્થ

ઘન મેઘ=કાળા વાદળા   પ્રાયઃ=મોટે ભાગે   નીલ=લીલો.

*   *   *

પાઠ ૨૦.

શ્રી મુનિસુવ્રતસ્વામી.

દુહો

મુનિસુવ્રત સ્વામી પ્રભુ, ભવોદધિ તરવા જહાજ
મોહ નિદ્રાને વારવા, બેઠું દેવ મહારાજ. (૨૦)

શ્રી મલ્લિનાથ ભગવાનનાં શાસન પછી ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીજીનું શાસન ચોપન લાખ વર્ષે આવ્યું. **પદ્માવતી** રાણી તથા મહાભાગ્યવાન સુમિત્ર રાજન રાજગૃહી નગરમ શ્રી મુનિસુવ્રત પ્રભુનો જન્મ થયો. પ્રભુને લંછન કાચબાનું હતું. ને વીશ ધનુષ્યની કાયા હતી. ત્રીશ હજાર વર્ષનું એ

પ્રભુજી ઉજ્જવળ જીવન જીવ્યા. એક હજાર મનુષ્યો સાથે પ્રભુજીએ સંયમ અંગિકાર કર્યું. શ્રી **સમેતશિખરજી** પર પ્રભુ મોક્ષે ગયા. ત્રીશ હજાર મુનિપુંગવો, અને પચાશ હજાર આર્યાઓથી પ્રભુનું શાસન ઝળકતું હતું. **વરૂણ યક્ષ ને અચ્છુપ્તા** દેવી ચતુર્વિધ શ્રી સંઘને સહાય કરતા હતા. આ પ્રભુજીનાં તીર્થો ભરુચ, અગાશી (મુંબઈ પાસે) વિગેરે સ્થળોમાં છે.

શબ્દાર્થ

ભવોદધિ=જન્મ મરણના દુઃખોરૂપી મહાસમુદ્ર.

ઉજ્જવળ=ફીક્ક, નિર્મળ, શોભતું   મુનિપુંગવો=મહામુનિઓ

★ ★ ★

પાઠ ૨૧.

શ્રી નમિનાથ પ્રભુ.

દોહા

<u>નમિનાથ</u>! આપ્યા અને, [illegible] મુક્તિનું ધામ.
દીન દાસ અમ જાણીને, [illegible] પ્રભુ! તુજ નામ (૨૧)

૨. મુનિ[illegible]સ્વામીના થયા પછી ૭ લાખ વર્ષે શ્રી [illegible] જિનેશ્વરનું શાસન [illegible] મિથિલા નગરીના રાજા વિજયસેનના [illegible] શ્રી **નમિનાથ** પ્રભુ અવતર્યા. પ્રભુજીની [illegible] **નીલ કમળનું** હતું. [illegible] એક હજાર પુરુષો [illegible] અને સંપૂર્ણ આયુષ્ય [illegible] **સમેતશિખર** ગિરિરાજ ઉપર એ [illegible] મુનિવરો, તથા એક [illegible]

સમાન હતા. ભૃકુટી યક્ષ અને **ગાંધારી** દેવીએ પ્રભુના ચતુર્વિધ સંઘના વિઘ્નો નિવારી સંઘનું રક્ષણ કર્યું હતું.

શબ્દાર્થ

શ્રેષ્ઠ=ઉત્તમ સબળ=શક્તિમાન વિઘ્નો=સંકટો, દુઃખો

* * *

પાઠ ૨૨.

ભગવાન શ્રી નેમનાથ.

દુહો.

નેમિનાથ પરમેશ્વરા બ્રહ્મચારી ભગવાન
યદુવંશ નભ ચંદ્રમા ગુણ અનંત નિધાન (૨૨)

શ્રી નમિનાથ પ્રભુ થયા પછી પાંચ લાખ વર્ષે ભગવાન શ્રી નેમનાથસ્વામીનું શાસન પ્રવર્ત્યું રાજા સમુદ્રવિજય અને શિવાદેવીના શ્રી **નેમનાથજી** પુત્ર થતા હતા. **શૌરીપુર**માં એ દેવાધિદેવનો જન્મ થયો હતો તેમનું બીજું નામ શ્રી અરિષ્ટનેમિ પણ હતું. એ પ્રભુના શરીરનું પ્રમાણ દશ ધનુષ્યનું હતું. તથા પ્રભુનું લાંછન **શંખનું** હતું. એ પ્રભુની કાંતિ શ્યામ હતી, છતા અત્યંત દેદીપ્યમાન હતી

એક દિવસ એ પ્રભુ દ્વારિકામા ફરતા ફરતા શ્રી કૃષ્ણની આયુધશાળામા જઈ પહોંચ્યા, ને કૃષ્ણજીનો શંખ પૂર્યો કૃષ્ણ ભયથી ત્યાં આવ્યા. બેના બળની પરીક્ષા થઈ. તેમા પ્રભુજી જીત્યા એટલે કૃષ્ણજીને શંકા થઈ, કે આ નેમનાથજી મારું રાજ્ય લઈ લેશે તે સમયે આકાશવાણી થઈ. કે "એ ભગવાન તો પરણ્યા વિના જ કુમારપણે દીક્ષા લેવાના છે માટે ચિંતા કરશો નહિ." પછી એક દિવસ કૃષ્ણજી અને ગોપીઓ જળ-ક્રીડા કરવા [illegible]

પાર્શ્વનાથસ્વામી, શ્રી શેરીસા પાર્શ્વનાથ પ્રભુ, શ્રી અંતરીક્ષ પાર્શ્વ જિનેશ્વર, શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાન (મુંબઇ), શ્રી અમીઝરા પાર્શ્વનાથ, શ્રી ચિંતામણી પાર્શ્વનાથસ્વામી, શ્રી મનમોહન પાર્શ્વનાથ, શ્રી લોઢણ પાર્શ્વનાથ (ડભોઇ), શ્રી લોદ્રવા પાર્શ્વનાથ પ્રભુ (જેસલમેર પાસે), શ્રી ભટેવા પાર્શ્વનાથ, શામળીયા પાર્શ્વનાથ, સહસ્રફણા પાર્શ્વજિન, શ્રી સુરજમંડન પાર્શ્વનાથ (સુરત), શ્રી સ્થંભન પાર્શ્વનાથજી (ખંભાત), શ્રી પંચાસરા પાર્શ્વનાથ (પાટણ), શ્રી ભીડભંજન પાર્શ્વનાથ, શ્રી જગવલ્લભ પાર્શ્વનાથજી, શ્રી કલ્યાણ પાર્શ્વનાથસ્વામી વિગેરે ઘણા વિખ્યાત તીર્થોમાં આ પુરિસાદાનીય શ્રી પાર્શ્વનાથસ્વામીજી મૂળનાયક તરીકે વિશાળ જિનમંદિરોમાં બિરાજમાન છે. ને બહુ જ દર્શનીય અને યાત્રા કરવા લાયક છે. આ પ્રભુજીના ૧૦૮ કે ૧૦૦૮ પણ આવા નામો છે.

શ્રી સમેતશિખર તીર્થ આજે આ પ્રભુજીના નામથી જ એટલે Paras nath Hill પારસનાથ હીલના નામે જ ઓળખાય છે

શબ્દાર્થ

પુરિસાદાનીય=[illegible]. અંતરીક્ષજી=[illegible]

★ ★ ★

પાઠ ૨૮.

શ્રી મહાવીરસ્વામીજી.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

શ્રી પુરિસાદાનીય પાર્શ્વપ્રભુની પછી ભગવાન શ્રી **મહાવીર**-સ્વામી અઢીસો વર્ષના અંતરે થયા. તેમનો જન્મ **ક્ષત્રિયકુંડ** નગરમાં થયો. પ્રભુશ્રીના પિતાનું નામ **સિદ્ધાર્થ** રાજા હતું, ને માતાનુ નામ **ત્રિશલાદેવી** હતુ. એ પ્રભુજીને લંછન સિંહનું હતુ. સાત હાથ પ્રમાણ તેમનુ શરીર હતુ. ને આયુષ્ય બોંતેર વર્ષનું હતું. બીજા ત્રેવીશે પ્રભુજીએ ઘણા પુરુષો સાથે દીક્ષા લીધી હતી. પરંતુ આ પ્રભુની દીક્ષા તો એકાકીજ થઈ હતી. એ પ્રભુજીએ ઘણા ઉપસર્ગો સમતાપૂર્વક સહન કર્યા હતા. તેમનો સાધુઓનો પરિવાર ૧૪ હજારનો ને સાધ્વીજીનો છત્રીસ હજારનો હતો તે પ્રભુ **પાવાપુરી** તીર્થમા આસો વદ અમાસે મુક્તિ પામ્યા, ત્યારે ત્યા દેવોએ તથા રાજાઓએ ઘણા દીવાઓ પ્રગટાવી **દિવાળી** પર્વ ઉજવ્યુ. ત્યારથી દિવાળીની શરૂઆત થઈ તે પ્રભુના મુખ્ય શિષ્યનુ નામ શ્રી ગૌતમસ્વામીજી હતુ. તેમનો વિનય અદ્‌ભૂત હતો હાલ શ્રી વીર ભગવંતનું શાસન ચાલે છે. એ પ્રભુને મોક્ષે ગયાને લગભગ પચીશ સો વર્ષ વીતી ગયા. અને હજી પણ સાડાઅઢાર હજાર વર્ષ સુધી એ પ્રભુનું શાસન ચાલુ રહેવાનું છે **માતંગ** યક્ષ અને **સિદ્ધા-યિકા** દેવી એ પ્રભુના શાસન રખેવાળ છે પ્રભુના તીર્થો-પાવાપુરી, સાચોર (સત્યપુરીમંડન), ક્ષત્રિયકુંડ (સિરોહી પાસે) **નાંદીયા,** દીયાણા, મુંડાળા મહાવીર ગાના મહાવીર, બામણવાડા (મારવાડ) વિગેરે સ્થળોમા છે

શ્રી નાંદીયાજી તીર્થ પ્રભુના ભાઈ નંદીવર્ધનના નામથી વસ્યુ લાગે છે ત્યા શ્રી નંદીવર્ધને ભરાવેલ જીવિતસ્વામીની આખા હિંદુસ્તાનમાં અજોડ એવી મહાન પ્રતિમાજી બિરાજેલી છે સાક્ષાત્ પ્રભુ દેશના દેતા હોય તેવી મૂર્તિ છે દર્શન કરવાનું સહુને મહાભાગ્ય છે

શાંતિદાઈ

[illegible]

ઐશ્વર્યકરો વિઘ્નહરશ્ચ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથપ્રસાદઃ પુનાતુ

શ્રી નવપદ પૂજા.

પ્રથમ પદે શ્રી અરિહંત પદ પૂજા.

મંગળાચરણ

પાર્શ્વ શંખેશ્વર નમનથી, વરીયે મંગળમાળ
કલ્પતરૂ જે ભારતે, વિઘ્ન હરે તત્કાળ (૧)

ધર્મતણા બીજ રોપવા, મંગળ વાણી વિસ્તાર
ગૌતમ ગણધર તે નમું, ગુણ ઘણા છે સાર (૨)

વાણી વિલાસ દ્યો શારદા! સંયમ રંગ કલ્લોલ.
ધર્મપ્રભાવ તે હિત કરે, કિંમત જસ અણમોલ (૩)

ભવસાગરથી તારવા, યોગ અસંખ્ય પ્રમાણ,
અન્ય યોગ અવિરાધીને, આપો ઇચ્છિત ઠાણ (૪)

સિદ્ધ વિશોધન મુખ્ય કરૂં, શ્રી સિદ્ધચક્ર પસાય,
વાંછિત દાને સુરમણિ, આગમો ચિત્ત લાય. (૫)

શ્રી નવકાર છે આગમો, ચઉદ પૂર્વનો સાર,
મંત્ર તંત્ર શિરોમણિ, શ્રીપાળાદિક ઉદ્ધાર. (૬)

નવપદ આરાધન વિના, રઝળ્યો આ સંસાર.
ભવભવ ભમતાં જે મળ્યો, [illegible] આધાર. (૭)

મન [illegible] કરે, ધ્યાનથી શીઘ્ર પ્રભાવ
શ્રી સિદ્ધચક્ર આરાધતાં, [illegible] ભાવ (૮)

[illegible] મનોહાર
[illegible] શ્રી જિનેન્દ્ર [illegible] (૯)

  

અરિહંત પદના દુહા:

ઘાતી ચાર ઉચ્છેદીને, બને પ્રભુ અરિહંત
ઉપકારો મહી પર કરે, સમવસરણ ઝળકંત ૧

પર્ષદા બારે શોભતી, દેશના દે સુખકાર,
તે કારણ સિદ્ધથી કહ્યા, પ્રથમ પદે હિતકાર ૨

ઢાળ –(રાગ – જિનરાજકું સદા મોરી વંદના)

અરિહંતને સદા મોરી વંદના: વંદના, વંદના, વંદના રે. અરિ૦ વંદના તે પાપ નિકંદના રે, અરિહંતને. (આંકણી) સમ્યક્ત્વથી ભવ ગણના જાણો, જેથી ટળે ભવફંદના રે: અરિ૦ શાસન રસીયા સર્વ બનાવી, સેવક કરૂં જિનચંદના રે. અરિ૦ (૧) તીર્થંકર નામ કર્મ નિકાચે, પદ વીશ કરી આરાધના રે: અરિ૦ ભવ અનંતા જીવ દુઃખ પામે, તેહને શિવપુર સાવના રે. અરિ૦ (૨) ભાવ દયા રોમે રોમ પ્રગટી. આપ તરી પર તારના રે; અરિ૦ ભાવરસ ઝરણું વહેતું મૂકતાં. વિશ્વ ઉદ્ધાર પ્રચારના રે. અરિ૦ (૩) જન્મ મહી પ્રભુ ત્રણ જ્ઞાન યુક્તા, દ્રવ્ય જિણંદ તેહ માનના રે: અરિ૦ કેવળજ્ઞાનથી ભાવ અરિહંતા, ધર્મ ચક્રવર્તિ જાણના રે. અરિ૦ (૪) જિન કલ્યાણકે થાયે અજવાળાં. અતિશય ચોત્રીશ ધારના રે: અરિ૦ પાંત્રીશ ગુણથી શોભતી વાણી. સંઘ ચતુર્વિધ તારના રે. અરિ૦ (૫) લાખોને તાર્યા સેવક તારો. આપી દર્શન હું

ઉપકારના રે; અરિ૦ ધર્મ સુકાની મહાગોપ વંદું, નિર્યામક ભવ તારના રે. અરિ૦ (૬) ઠકુરાઇ ત્રણ ભુવનની છાજે, દેવ ક્રોડો કરે સેવના રે, અરિ૦ અબુઝ જનને જ્ઞાન દીપ આપી. મિથ્યા તિમિર મિટાવના રે. અરિ૦ (૭) પરતંત્રતાની કારમી બેડી, દાસતાણી નિવારના રે; અરિ૦ તુજ ઉપકાર અનંત હું સમરું, સ્વામી શરણ છત્ર ધારના રે. અરિ૦ (૮) ભરત ઐરાવત ક્ષેત્ર માંહી, શાશ્વત જિન ચિત્ત ધારના રે; અરિ૦ તીર્થ તીર્થંકર શિરસા વંદું, જિતેન્દ્ર જિન! તારના રે. અરિ૦ (૯)

કાવ્યમ્.

અર્હત્કર્મ વિચાર સાર કલિત પંચ મહા સૌખ્યદ,
પૂજ્યાં ભક્તિ વિચાર [illegible] મનગાં પ્રત્યક્ષ ચિંતામણિ ॥
ધ્યાનાત્ યસ્ય ભવેન્નિરંતર ગુણં સિદ્ધં મનોવાંછિતં,
વંદે [illegible] મનસા [illegible] શિવકરં શ્રી સિદ્ધચક્ર સદા ॥૧॥

[illegible] શ્રી પરમપુરુષાય પરમેશ્વરાય [illegible] શ્રીમતે જિનેંદ્રાય, પ્રથમ શ્રી અરિહંત [illegible] શ્રી સિદ્ધચક્રાય [illegible] ચંદન પુષ્પ ધૂપં દીપ [illegible] ॥

[illegible] શ્રી [illegible] પૂજનમાં પ્રથમ શ્રી અરિહંત પદ પૂજન સંપૂર્ણ ॥૧॥

  

ભાવાર્થ.

(દુહા.) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતને મંગળ નિમિત્તે આપણે સૌ નમસ્કાર કરીએ, તેથી મંગળની માળા પામી શકીશું. મંગળ કરવા માટે જે અહીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુને નમન કરવામાં આવ્યું, તેનું કારણ એ છે, કે આજે આપણી ભારત ભૂમિમાં કલ્પવૃક્ષો નથી, કે જે શ્રી ઋષભદેવ પ્રભુના સમયમાં હતા. એટલે પેલા કલ્પવૃક્ષો નથી, છતાં એ શ્રી શંખેશ્વર ભગવાનની પ્રતિમાજી આપણે માટે કલ્પવૃક્ષ સમાન જ છે. આજે ભારત એ કલ્પવૃક્ષથી શોભી રહ્યું છે. એ પ્રભુ એવા મહા પ્રતાપી છે. કે એ ભગવાન ભક્તવર્ગના તત્કાલ વિઘ્નો દૂર કરે છે, તેથી આ ભાવ કલ્પતરુ છે. (૧)

ધર્મના બીજ રોપવા માટે જેમનો વાણી વિસ્તાર ઘણો જ મંગળકારી છે, તે અનંત લબ્ધિનિધાન પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીજી મહારાજ છે, તેમને પણ હું નમસ્કાર કરું છું. તેઓના ગુણો વિશ્વમાં ઘણા જ પ્રસિદ્ધ છે. (૨)

શારદાદેવી જે સરસ્વતીજીના નામથી પણ સુપ્રસિદ્ધ છે, તે દેવી જ્ઞાન વિમાસમાં સહાય કરનારી છે એટલે વાણીનો વિસ્તાર પણ કેટલાય એવી શક્તિ એના વરદાનથી મળે, તે હેતુથી અહીં જણાવાયું, કે 'હે શારદા દેવિ' જ્ઞાન સમૃદ્ધિ રૂપે એવી અમને શક્તિ આપો. તથા સંયમ શુદ્ધિની ભાવના પણ આપો કારણ કે જ્ઞાન અને સંયમ એ બેઉથી ધર્મનો પ્રભાવ વિશેષ [illegible] (૩)

[illegible]

યોગો કહ્યાં છે. જેમ કે જ્ઞાન, સંયમ, દાન, તપ, શીલ વિગેરે. તે યોગોમાંથી પ્રત્યેક યોગ આરાધ્ય છે, પણ તે દરેક યોગની એવી-રીતે આરાધના થવી જોઇએ, કે એક આરાધવા જતાં બીજા યોગને હાનિ ન પહોંચે, એટલે કે એકયોગની આરાધના કરતાં બીજા કોઈ પણ યોગની વિરાધના ન થાય, તેવી કાળજી રાખે ને સાવધાની રાખીને સાધના કરવાથી ઇચ્છિત એવા સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે. એ અસંખ્યાતા યોગોમાંના નવ મુખ્ય યોગોનું આરાધન કેવી રીતે ને શા માટે કરવું, તેનુ વર્ણન આપણે આ પૂજામાં વિધિ-પૂર્વક અને સવિસ્તર કરવાનું છે. એ નવપદમય શ્રી સિદ્ધચક્ર યંત્ર કેવું છે, તેનું વર્ણન હવે કરવામાં આવે છે. (૪)

વિશ્વના જીવોનો ઉદ્ધાર કરી તેઓને વિકસિત કરવા માટે શ્રી સિદ્ધચક્રજી મહાયંત્રનો પ્રતાપ સાચુ સુખ આપનાર છે એનુ આરાધન કરનારને એ યંત્ર ઇચ્છિત આપવામાં ચિંતામણિ રત્ન સમાન છે. માટે એ નવપદમય મહાયંત્રનું ભક્તિપૂર્વક ચિત્ત દઇને હે ઉત્તમ આત્માઓ ! તમે આરાધન કરો. (૫)

શ્રી નમસ્કાર મહામંત્ર શાશ્વતો છે, એટલે કે અનંતાકાળ થયા એ મહામંત્રનું સતત આરાધન થતું આવ્યું છે, તથા સમગ્ર ૧૪ પૂર્વનો એ સાર છે એનો અર્થ એ થયો, કે આ પૂજામા જે નવપદજીનું વર્ણન આપણે કરવાનું છે તેને નવકાર મહામંત્ર તથા શ્રી સિદ્ધચક્ર યંત્ર એ બેની સાથે ગાઢ સંબંધ છે, [illegible] કે [illegible] જાણે [illegible] એ [illegible] પ્રતાપી [illegible] છે. અને તેના સંકટમાંથી મુક્ત [illegible] અચિન્ત્ય પ્રભાવ છે તેથી એની સાધના આ [illegible] સાવધાની કરવી જરૂરી છે [illegible] કે છે તેથી તે સર્વે યંત્ર તંત્રમાં

શિરોમણિ છે. એનો પ્રભાવ વિશ્વમાં કેટલો બધો ફેલાએલ છે, તે જાણવા માટે આ વિગતો જણાવવામાં આવી છે. વળી શ્રીપાળ અને મયણાસુંદરી જેવાઓનો પણ આ નવપદના અવલંબનથી જ ઉદ્ધાર થયો હતો (૬)

આ પદો તો વિશ્વના અતિશય વિશુદ્ધ તત્ત્વો છે. સંસારભરમા આવા શુદ્ધ તત્ત્વો મળવા મુશ્કેલ છે. એટલે એ પરમ પવિત્ર વસ્તુમાં તારવાની શક્તિ હોય જ. તે ચીજોમાં અશુદ્ધિ હોઇ શકતી જ નથી એટલે આ પદોનું આરાધન ન થાય, ત્યાં સુધી આત્માની શુદ્ધિ શકય નથી જ. એટલે જે અત્યાર સુધી આત્માની શુદ્ધિ થઇ નથી, તેનું કારણ એ જ છે, કે હજી પણ આ નવપદોનું આરાધન નથી કર્યું. તેનું જ આ પરિણામ છે પરંતુ પરમ ભાગ્યોદયે અનંતા ભવો બાદ આ ભવમાં સામગ્રીઓ, શ્રદ્ધા સહિત આરાધવાની ઇચ્છા અને યોગ્યતા મળી છે તેનો લાભ ઉઠાવવો જ જોઇએ. (૭)

આ સિદ્ધચક્રનું સાચા દિલથી કરેલું આરાધન, મનમા ચિંતવેલી વસ્તુઓને ઇચ્છાનુસાર પૂર્ણ કરવા સમર્થ છે. તેના ધ્યાનથી તાત્કાલિક લાભો મળે છે નિર્મમ ભાવથી ને સ્વાર્થ વિના જો એ ધ્યાન થાય, તો એ યંત્રનો ચમત્કારિક પ્રતાપ હોવાથી, મનોકામનાઓ સિદ્ધ થતા વાર લાગતી નથી એટલે એ ત્રિકાળે એ સિદ્ધચક્રજીની જ સહાયતાથી (આપણી સર્વેની નાવડી જે ભવ રૂપી સમુદ્રમા તરતી મૂકી છે) તે મુક્તિ બંદરે પાર ઉતરશે. અહીં જન્મમરણરૂપી જળથી ભરેલા સંસારને મહાસમુદ્રની ઉપમા આપવામાં આવી છે તેમાં આરાધક જીવનના આયુષ્યને નાવડીની ઉપમા [illegible], આપી છે. [illegible] [illegible] [illegible] [illegible] તેમાં સફર કરનાર નાવિકનું સ્થાન [illegible]

પણું છે, તે જ્ઞાનની જગ્યાએ આ નવપદનું આરાધન સમજવું. તેનો સહારો લઈ તારવાનું છે. (૮)

કર્તા કહે છે, કે ઉપર જણાવી ગયા એટલો બધો પ્રભાવ જેનો છે, તે નવેય પદનું સ્વરૂપ સમજાવતી, ભક્તિભાવ ઉત્પન્ન કરતી, તથા એ નવપદને ઓળખાવ્યા બાદ આત્માના સાચા માર્ગને અનુસરવાનું બતાવતી એ ૯ પદોની નવ પૂજાઓ અમે મનોરંજક રાગોમાં બનાવીએ છીએ એ શ્રી સિદ્ધચક્રજીની અધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી દેવી છે આ પૂજા બનાવવામાં તે શાસન દેવીની અમને મંગળ કરનારી આંતરિક સહાય છે, એટલે જ આ પૂજા બનાવવાનું શ્રેયોકાર્ય અમારું નિર્વિઘ્ને પાર પડ્યું છે કારણકે એ મહાદેવી સિદ્ધચક્રજીના આરાધકોને સહાય કરતી આવી છે, કરે છે, ને કરશે જ એટલે મહાપૂજા બનાવવાનું મારું આ ભગીરથ કાર્ય તે દેવીની સહાય ન હોય, તો પાર પડે જ નહીં. એ પ્રમાણે એ દેવીની સહાયના સહારાથી આ નવ પૂજાઓ બનાવીને શ્રી નવપદજીની આંતરિક ભક્તિ ભાવ કરીને કર્તા પોતાને કૃતકૃત્ય માની, આ પ્રયાસને મંગળકારી માને છે (૯)

અરિહંત પદના દુહાના અર્થ:-

શ્રી અરિહંત પદ નવે પદમાં પ્રથમ આવે છે તે અરિહંત ભગવાન કોને કહેવાય? તે કેવા હોય? વિગેરે અરિહંતની ઓળખાણ આ પૂજામાં કરવામાં આવેલ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ૪ ઘાતી કર્મો છે. તે આત્માના ૪ (અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્ય રૂપ) ગુણોનો ઘાત કરે છે. માટે તેને ઘાતી કર્મ [illegible] ચારે ઘાતી કર્મો [illegible]

પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ શકે, પણ ૪ ઘાતીનો તો નાશ થવો જ જોઇએ. એનો નાશ કરીને ભગવાન અરિહંત થાય છે. એટલે અરિ=શત્રુ (રાગદ્વેષ) એનો નાશ થાય કે તુરત ભાવ તીર્થંકરનો ઉપકાર શરૂ થાય એ કારણથી તીર્થંકર, અરિહંત, વીતરાગ, કે જિનેશ્વર એ બધા એક જ અર્થના કહેનારા શબ્દો છે એ દેશના ભગવાન વીશ હજાર (૩ ગઢના ૧૦,૦૦૦+ ૫૦૦૦+૫૦૦૦) પગથીઆ વાળાને એક યોજન વિસ્તારવાળા રૂપાના, સોનાના અને રત્નના એમ ત્રણ ગઢવાળા ઝળકતા સમો-સરણમાં બેસીને સંભળાવે છે (૧)

આ સમોસરણમાં ભગવાન પૂર્વાભિમુખ બેસે છે બીજી ત્રણેય દિશાઓમાં દેવેન્દ્રો એ ભગવાન જેવા જ ત્રણ રૂપો બનાવે છે. એમ ચતુર્મુખી દેશના સંભળાવે છે તેમાં નારકી સિવાય પંચેંદ્રિયની ત્રણેય ગતિઓના પ્રાણીઓ એનો લાભ ઉઠાવે છે. પહેલા ગઢ પર વાહનો હોય છે, બીજા ગઢમાં પંચેંદ્રિયતિર્યંચો બેસે છે. તથા સૌથી ઉપરના ગઢમાં બાર પર્ષદાઓ—દેવ, દેવી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓ વિગેરે એકચિત્તે તે અમૃત વચનોને સાંભળે છે આવા સમોસરણાદિમાં બેસીને ચતુર્વિધ સંઘની સ્થાપના કરીને વિશિષ્ટ ઉપકાર કરવાનું કામ તીર્થંકર નામકર્મ બાંધીને અવતરેલા અરિહંત ભગવાન જ કરે છે. [illegible] ચાર ઘાતી કર્મો [illegible] હોય [illegible] ઉપકાર કરીને [illegible] હોવાથી [illegible] કર્મોથી રહિત એવા [illegible] સિદ્ધ ભગવંતો કરતાં પહેલું [illegible] અરિહં-તોનું [illegible]
[illegible]
[illegible]

વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશને ભલે રોજની રૂા. ૩૦૦) '
આવક હોય, અને તેની પાસે દલીલ કરનાર કોઇ બેરિસ્ટ
રોજના એક હજાર મેળવતો હોય, તો પણ ન્યાયાધીશ મધ્યઃ
બેસે ને તેનું સૌ સન્માન કરે, તેમ સિદ્ધ પદ કરતાં અરિહંત
પદ પ્રથમ રાખવામાં આવેલ છે. (૨)

(ઢાળ) શ્રી અરિહંત ભગવાનને સદાને માટે વંદના હો. એ
વંદના કરતાં શિરોનમન થાય છે, ત્યારે નમતાં નમતાં અનેક
ભવોનાં પાપોનો નાશ થાય છે. આ ભવમાં જે તીર્થંકર અથવા
અરિહંત થાય, એઓના પૂર્વનો ઇતિહાસ કેવો હોય, અથવા
કેવા સત્કર્મો કર્યા હોય, તેથી એ અરિહંત થાય છે, વિગેરે શરૂ
આતથી વિગત અહીં જણાવાય છે. એકંદરે જીવાત્મા તો અનંતા
કાળથી જન્મમરણ કરતો આવ્યો છે. જન્મે છે, ને મરે છે.
એવા જન્મોની તો ગણત્રી જ નથી, પરંતુ એવા પ્રકારની કોઇ
ઉત્તમ પ્રકારની ભવિતવ્યતાના યોગે કોઇ ભવમાં સમકિતની
પ્રાપ્તિ થાય છે. અત્યાર સુધીના જન્મો ખાલી મીંડા સમાન હતા.
સમકિત રૂપી એકડો આવ્યા બાદ ભવની ગણત્રી થવા માંડે છે,
ત્યારથી તે મોક્ષ સુધી એ ગણત્રી ગણાય છે. મોક્ષે પહોંચવાથી
જન્મમરણના ફેરા ટળી જાય છે. સમ્યકત્વ પામ્યા બાદ એવી
અપૂર્વ ભાવના જાગે છે, કે સર્વેને હું મુક્તિમાર્ગના અથવા શ્રી
જિનેશ્વર ભગવાનના શાસનના સન્મુખ બનાવું અને તે સર્વે
[illegible] સેવક બનાવું, એવી મારામાં શક્તિ પ્રાપ્ત
થાઓ. (૧)

અરિહં[illegible]થી આગળના ત્રીજે ભવે તીર્થંકર નામ કર્મ
[illegible] નિકાચિત [illegible] છે / કર્મોના ૧૫૮ વિભાગ કહેલ થાય છે
[illegible] ૧૫૮ પ્રકૃતિમાં નામ કર્મને

ની ૧૦૩ પ્રકૃતિ મધ્યે એકનુ નામ તીર્થંકર નામકર્મ છે. બાકીની ૧૫૭ પ્રકૃતિઓમાં આવી ઉત્તમ પ્રકૃતિ કોઈ નથી. એ તીર્થંકર નામ કર્મ બાંધતી વખતે તેઓ વીશસ્થાનક તપની આરાધના કરે છે, એવો તીર્થંકર નામ કર્મની સાથેનો આ તપનો સંબંધ નિયત હોય છે. તે તપ કરતાં તે આત્મા આવી ઉત્કૃષ્ટ ભાવના ભાવે છે, કે અનંતાનંત જીવો ચારે ગતિમાં જન્માદિના પાર વિનાના દુઃખો પામે છે. તે સર્વને એ દુઃખો-માંથી મુક્ત કરીને મુક્તિના અનંત સુખના ભોક્તા બનાવવા માટે પ્રયત્નો કરવા જોઈએ. (૨)

દયાના બે પ્રકાર છે. દ્રવ્યદયા અને ભાવદયા, શરીરે કે ધને ઘટે દુઃખી હોય. ને તેનુ સામાજિક દુ.ખ જોઈને આપણને દયા આવે. ને સહાય આપીને તેનું દુઃખ ઓછું કરીએ. તે દ્રવ્ય-દયા કહેવાય. ત્યારે બીજી બાજુએ ૪ ગતિમા જીવોને જે અનંતા જન્મમરણાદિના દુઃખો સહન કરવા પડે છે, તેઓને મુક્તિમાર્ગ બતાવી, તેમાં સ્થિર કરી, શુદ્ધ ધર્મનું આરાધન કરવાનો ઉત્તમ અને નિર્દોષ પંથ બતાવી તેમને મુક્તિએ પહોચાડી અનંત સુખના ભોક્તા બનાવવા, એ ભાવદયા છે. એવી જીવમાત્રને દુઃખમાંથી ખસેડી અનંતા સુખમાં લઈ જવાની-તારવાની તમન્ના એ ભાવદયા છે જેમ કોઈ શ્રીમંતને કોઈ મોટી તીર્થની યાત્રા કરવા જવું હોય. તો પોતાના પરિવારને તથા પાસ નોકરોને તે સાથે [illegible] ભાવના થઈ જાય. તો તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

યાત્રા કરાવે છે. તેવી જ રીતે તીર્થંકર નામકર્મ નિકાચતી વખતે અપૂર્વ પ્રકારની એવી ભાવના વધે છે, કે "હું તારું અથવા મોક્ષે જાઉં તેથી શું? પણ સાથે બીજા જે જે આવે તેને સાથે લેતો જાઉં, એટલે કે જાણે મોક્ષનો એક મહાન સંઘ જ હું કાઢું, ને એ સૌને તારું," એમ પોતે તરવા સાથે બીજાઓને તારતા જાય, તેનું નામ ભાવદયા કહેવાય છે. એવો પરોપકારના નિમિત્તથી નિતરતો ભાવનારસ અસંખ્યાતા આત્મપ્રદેશોમાં પ્રત્યેક રોમાંચે પ્રગટે છે. એ રીતે તેઓ સ્વપર કલ્યાણ સાધે છે આવું ઝરણું આત્મામાં વહેતું થાય છે. જેમ ગંગોત્રીમાં ગંગાનું નાનું સ્વરૂપ હોય છે, તેમ ત્રીજા ભવ પૂર્વે ભાવના સામાન્ય રૂપે હોય છે, ને પછી તીર્થંકર નામ કર્મનો ઉદય જ્યારે કેવળજ્ઞાન થાય ને દેશના આપે ત્યારે પૂર્ણરૂપે પ્રગટે છે. ને પરોપકાર પુરસ્કારમાં ઉત્કૃષ્ટી કક્ષાનો હોય છે. તે વખતે સર્વ લોકના જીવોના ઉદ્ધારની જ માત્ર તમન્ના હોય છે. આપણે જો ભવિજીવ હોઈએ. તો આપણે પણ ભવિષ્યમાં કોઈ દિવસ તીર્થંકર થઈ શકીએ તેમ છે માટે ભાગે ઉચ્ચકુળના જીવોને જ આવી [illegible] ભાવના થાય છે. (૩)

એવું નામકર્મ બાંધીને આવેલા આ પ્રભુને જન્મથી જ મતિ, શ્રુત અને અવધિ એમ ત્રણ જ્ઞાન હોય છે, મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન [illegible] હોય છે, પરંતુ પૂર્વ જન્મોનું જાણ [illegible] તેવા વિશિષ્ટ અવધિજ્ઞાનની પ્રાપ્તિ બીજા કોઈ પણ મનુષ્યને જન્મથી [illegible] શકતી નથી. પાણ [illegible] શક્તિ [illegible], તેમ દેવગતિમાં અને નારકીગતિમાં અવધિ [illegible] હોય છે પણ મનુષ્યમાં આવે [illegible] તેમનું ગર્ભમાંથી જ જ્ઞાન [illegible] મનુષ્ય [illegible] અવતરતાં જ અવધિજ્ઞાન

તેઓની ઝળક અને વિશિષ્ટતાને સૂચવે છે. અન્યાગના મહાન વિદ્વાન કરતા એમની આ જન્મતાં જ લાખોગુણી અધિકતા ગણી શકાય. એ હિસાબે એ જન્મ તીર્થંકરપણાનો તો ગણાય જ, છતાં પણ જન્મથી તે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યાં સુધી તે દ્રવ્ય અરિહંત કહેવાય છે કેવળજ્ઞાન થાય ત્યારથી દેશના દેવી શરૂ કરે ત્યારથી ભાવ તીર્થંકર કહેવાય છે. દીક્ષા લે તે વખતે ચોથુ મન:પર્યવ જ્ઞાન થાય છે તો પણ ભાવ અરિહંત કહી શકાય નહી. એ વીતરાગનો ઉપદેશ સાભળવા ભુવનપતિના, જ્યોતિષીના, વૈમાનિકના એવા ત્રણેય લોકના જીવાત્માઓ સાભળવા માટે સમવસરણમા આવે છે તે કારણથી ત્રિભુવનના એ પૂજ્ય બને છે, ને ત્રિભુવનના માન્ય બને છે તેઓ વિશ્વના ઉદ્ધારક હોવાથી સુરાસુર સેવિત એ પ્રભુ ધર્મચક્રવર્તિ કહેવાય છે. (૪)

એ દરેક અરિહંત ભગવાનના ચ્યવન, જન્મ, દીક્ષા કેવળ અને નિર્વાણ એમ પાંચ કલ્યાણકો હોય છે એ વીતરાગ અનંત ઉપકારી હોવાથી એ કલ્યાણકોની કેટલાક ભવિ આત્માઓ એકાસણાદિ કરી આરાધના કરે છે. એ ઉપકારી પરમર્ષિના કલ્યાણક વખતે નારકીના પણ અજવાળા થાય છે (નારકીમા તો સદાને માટે અંધકાર જ હોય છે) કેટલો વખત [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

સાંભળે છે. એ સાંભળવાથી એ મુક્તિનો આરાધક સંઘ બને છે. અહીં તો એ દેશનાથી એ ચતુર્વિધ સંઘ જ તરે છે, એમ બતાવ્યું, કારણ પંચેંદ્રિયો જ તરે છે. તેમાં પણ ત્યાં જે આવીને લાભ ઉઠાવે તે. વળી જે આરાધક ભાવનાવાળા હોય તે. પોપટ, હાથી, ઘોડા વિગેરે જેઓ સાભળે છે તેઓ, તથા દેવદેવીઓ આવ્યાં હોય તે, તે ભવમા મોક્ષે જઇ શકતા નથી; એટલે એમ કહ્યું છે, કે ચતુર્વિંધ સંઘને ભગવાન તારે છે. બીજી આરાધનાઓ દ્વારા ભલે બીજા પણ તરે, છતાં મુક્તિ સુધી જેને પહોંચાડે, તે તો ચતુર્વિંધ શ્રી સંઘ–સાધુ, સાધ્વી, શ્રાવક ને શ્રાવિકા જ છે એ તો મનુષ્ય જ હોય; એટલે મુક્તિ તો મનુષ્યો જ મેળવી શકે. એમની આગળના કોઇ તીર્થંપતિનું શાસન આ નવા તીર્થંપતિ થયાથી બંધ થાય છે. એટલે એ તીર્થંકર ભગવંતનું ચતુર્વિંધ સંઘની સ્થાપના થવાથી નવું શાસન ચાલુ થાય છે. (૫)

ઉપરોક્ત ગુણવાળા એ અરિહંત ભગવાનને ભક્તિથી આપણે કહીએ, કે હે અરિહંત ભગવાન! આપે લાખો જીવોને તાર્યા ને મુક્તિએ પહોંચાડ્યા હવે આ સેવકને તારો. હું બહુ દુઃખી છું. ચારેય ગતિમા કોઇ ઠેકાણે શાંતિ નથી. મારા ભવરોગનું ઔષધ આપની પાસે છે. અરિહંતના શરણ વિના મારો ઉદ્ધાર થનાર નથી. એટલે મારા ઉપર ઉપકારના [illegible] ભાવના રસની વૃદ્ધિથી દયા લાવી મારો ઉદ્ધાર કરો. [illegible] ધર્મરૂપી નાવના આપ સાચા સુકાની છો. [illegible] તારનાર આપ એક મહાન નિર્યામક છો, એ [illegible] મારામાં પરમાર્થ વૃત્તિ જાગે એ [illegible] શરણું આપીને આ નમન કરું છું. (૬)

એ અરિહંત પ્રભુની સેવામાં ઓછામાં ઓછા ક્રોડ દેવતાઓ રહે છે. તેમ દેવ, મનુષ્ય અને પશુઓ અરિહંતની પાસે હાથ જોડીને ઉભા રહે છે. દેવેન્દ્રો આવી સમવસરણ રચે છે. એટલે ત્રણે ભુવનના જીવોને તારવાનું કામ એ પ્રભુ કરતા હોવાથી દેવેન્દ્રો ત્રણ ગઢ પર એ વીતરાગને બેસાડે છે. તે યોગ્ય જ છે. એ ઠકુરાઇ, સેવા કે માનપાન એ પ્રભુને જ શોભે છે. યોગ્યતા વિના ઠકુરાઇ છાજે જ નહીં. તેથી જ કેવળજ્ઞાન થયા વગર દેવેન્દ્રો સમવસરણમાં બિરાજવાનું કહેતા પણ નથી. એ વીતરાગ ત્રિભુવનનું કલ્યાણ કરે છે. તેથી ત્રણ ગઢ પર બિરાજમાન કરાવે, તે કોઇપણ જાતનું અનુચિત નથી જ. એ વીતરાગ અજ્ઞાન જીવોને જ્ઞાન આપવાનું કામ કરે છે. રાત્રે અમાસના અંધારામાં જવું હોય ત્યારે બેટરી કે દીવો સાથે લઇને જાય તો પાધરું કામ થાય તેવી જ રીતે એ જ્ઞાન દીપકથી આત્માઓના મિથ્યાત્વ રૂપી અંધકાર ભાગી જાય છે.

એ ભગવંતની પાસે આપણે એ માગીએ કે પરમાત્મા [illegible]

હોય જેમ મનુષ્યના નામ અપાય છે, ને તેના હસ્તાક્ષરથી તે નામે સહી કરાવાય છે, તેને નામે પત્રો લખાય છે, તે તેને મળી જાય છે, તેમ પશુનું થતુ નથી. તેમ અરિહંત નામે કોઈ તીર્થપતિ નથી. આ ગુણજનિત પૂજા બહુ જ વાસ્તવ ધોરણની, ને વિશાળ દ્રષ્ટિની છે એવા દેવ તો સૌ કોઇ ગુણગ્રાહી સજ્જનને માન્ય હોય જ, એટલે એમના જેવા સર્વોત્તમ મહાન તારક આત્માનું શિરછત્ર રૂપ શરણ મળે, એથી અધિક હર્ષ શાથી થાય ? એ જ કારણથી જ્યારે જ્યારે આ અરિહંતનું નામ લેવાય, ત્યારે ત્યારે એમનો અનંત ઉપકાર યાદ આવે. એ યાદ આવે એટલે શિર ઝૂકી જાય. એ શિર ઝૂકે એટલે કર્મનો નાશ થાય 'સવ્વપાવપ્પણાસણો નમુક્કારો' બીજા ઘણાએ સેવાભાવી મનુષ્યો દેખાય છે તેમનામાં આવી તારવાની તમન્ના હોતી નથી, કે આવી ભાવદયા હોતી નથી. દ્રવ્યદયાવાળુ હૈયું તર [illegible] દેખાશે, પણ તેઓ ભાવદયાને જાણતા પણ નહીં હોય [illegible] દ્રવ્યદયા કરતા એક ભાવદયા વધી જાય છે. એથી આજના [illegible] કાર્યકરોનું કહેલુ કથન આપણને મુક્તિએ [illegible] જાય એવું મળવાનુ જ નથી એ હેતુથી શિરછત્ર તો અરિહંત [illegible] બનાવી શકાય ? એમના જેવું પરોપકારી [illegible] જ નથી. (૮)

[illegible] પ્રશ્ન [illegible] ઉદ્ભવે છે, કે આ અરિહંત ક્યાં થાય ને [illegible] ? [illegible] જવાબ અહીંથી મળી રહે છે, કે અરિહંત [illegible] જ [illegible] થાય કે વળી અઢીદ્વીપના [illegible] ક્ષેત્રોમાં જ થાય કે ભરતક્ષેત્ર, [illegible] તેમ ત્રણ ક્ષેત્રોમાં જ અરિહંત [illegible] નહીં, અથવા નો સ્વર્ગ

મૃત્યુ ને પાતાળ એ ત્રણમાં મૃત્યુલોકનું જ અહોભાગ્ય છે, કે જ્યાં અરિહંતો આવી, મુક્તિ મંઝિલના પંથને સ્થાપી ઉપકાર કરી જાય. તેમાં વળી મહાવિદેહક્ષેત્રમાં કોઈ કાળ એવો નથી, કે જ્યારે અરિહંતનો વિયોગ હશે. ૨૦ વિહરમાન ભગવાન તો ઓછામાં ઓછા હોય જ. ભરત-ઐરાવતમાં તો ઉત્સર્પિણી અવસર્પિણી કાળને હિસાબે હોય છે. એમ નજરપટ પર થોડો કાળ, વધારે કાળ, ભૂત-ભવિષ્યના લાંબા વર્ષો. એમ અનંતા કાળના અનંતા અરિહંતો એ અરિહંતના ગુણના અર્થમાં આવી શકે છે તેથી જ તેના એક અક્ષરના જાપથી સાત સાગરોપમના પાપો નાશ થઈ જાય છે. આ વ્યાપક નામ બહુ પવિત્ર નામ છે એવા અરિહંતનું આત્મામાં હૃદય કમળમાં ધ્યાન ધરહુ [illegible] જેઓએ આ અરિહંતે સ્થાપેલ તીર્થને અને આવા મહાન શાસનની સ્થાપના કરનાર અરિહંતોને મસ્તક નમાવી નમસ્કાર કરું છું. શ્રી તીર્થંકર દેવ પણ જ્યારે સમવસરણમાં બિરાજે છે. ત્યારે 'નમો તિત્થસ્સ' એમ કહી જૈન શાસન રૂપ તીર્થને નમીને બેસે છે. એવી પૂજાના કર્તા શ્રી જિનેન્દ્રવિજયજી મહારાજ કહે છે, કે હે અરિહંત દેવ! તારા શરણમાં આવેલા મને તારજો. (૮)

(કાવ્યાર્થ) શ્રી અરિહંત ભગવાનના [illegible]

તે શ્રી સિદ્ધચક્ર યંત્રને હું મનથી સદાને માટે નમસ્કાર કરું છું. (૧)

(મંત્રાર્થ) સર્વ શ્રેષ્ઠ પુરુષ એવા, તથા તીર્થની સ્થાપના કરનારા સાચા ઐશ્વર્યવાન પરમ ઇશ્વર એવા, શ્રી જિનેશ્વર ભગવાન, તથા શ્રી અરિહંત પદથી સુશોભિત એવા, શ્રી સિદ્ધચક્ર યંત્રને જલ, ચંદન, પુષ્પ ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય અને ફલાદિનું જન્મ-જરા-મરણના નિવારણ માટે અર્ઘ્ય અર્પણ કરું છું.

(પછી ૨૭-૭+૭+૭+૩+૩=૨૭ ડંકોરાની થાળી વગાડવી.)

॥ ઇતિ શ્રી નવપદ પૂજાયાં શ્રી અરિહંત પદે પ્રથમ પૂજા સંપૂર્ણ. ॥૧॥

★ ★ ★

દ્વિતીય પદે શ્રી સિદ્ધપદ પૂજા.

દુહા

કર્મ આઠ ઉચ્છેદી જે, સ્થિર થયા ગુણધામ,
જ્ઞાન સ્વભાવ તરંગમાં, શાશ્વત લે વિશ્રામ (૧)
અનંત આનંદ અનુભવે, દુઃખ નહિ જ્યાં લવલેશ,
સાદિ અનંત સ્થિતિ કરી, જ્યોતિ રૂપ અશેષ (૨)

ઢાળ (રાગ નામુ નમો પદ સાતમે)

<u>નમો અનંત સિદ્ધમાં</u>, ન જાસ અંશ સંસાર રે

સુખ, સર્વ દેવેન્દ્રના સુખથી, અનંત ગુણું સુખ સ[illegible] છે. સુખ. (૧) [illegible] કર્મ સ[illegible] વિભાવ દશાના અભાવથી, સ્વભાવ સુ[illegible] છે. [illegible] (૨). આઠાર કર્મ જીવને. ઉપા

વ્યાધિ અપાર મેરે. અણાહારી પદમાં તે નહીં, અનંત ગુણ આગાર મેરે. સુખ. (૩). ક્ષાયિક સમકિતના ધણી, આઠ ગુણ જાસ ઉદાર મેરે. એક અવગાહને જ્યાં રહે, સિદ્ધ અનંત સુખકાર મેરે. સુખ. (૪). અજર અમર અવિનાશી જે, આવે ન ફરી સંસાર મેરે. સિધ્યા અનંતા સિધ્યશે, ગુણ અનંત ભંડાર મેરે. સુખ. (૫). લોકાલોક-ને દેખતા. એક સમય ત્રણ કાલ મેરે. સાત રાજને છેડલે, લોકાંતે જેહ દયાળ મેરે. સુખ. (૬). સિધ્ધ થવાના કારણે. કરે અરિહંત સુપ્રયાસ મેરે. કોટી વળી સાથે ગયા. સહેલ કરે સુખવાસ મેરે. સુખ. (૭). નિજ ગુણ ભોગી આતમા. સકલ ગુણ વિશ્રામ મેરે. વિષય સુખ સ્પર્શે નહિ. અતિ નિર્મળ ગુણધામ મેરે. સુખ. (૮). 'નમો સિધ્ધાણં' પદ જપથી, માનુ ભવનો અંત મેરે. જિનેન્દ્ર વાત્સલ્ય ભાવથી. સિધ્ધ ધ્યાને વિલસંત મેરે. સુખ. (૯).

કાવ્યમ. અર્હદ્ધર્મ વિચાર:

॥ અથ મંત્ર ॥ [illegible] દ્વિતીય [illegible]

[illegible]

★ ★ ★

આચાર્ય

હોતો નથી ભગવાન મહાવીર જેવા કોઇ તીર્થંકરનો આત્મા હોય, કે સામાન્ય કેવળી કોઇ મોક્ષે ગયા હોય. તેમાંથી કોઇને પણ ઉપકાર કરવાના નિમિત્તથી પણ સંસારમાં પાછા આવવાનું હોતું જ નથી. અનંતા આત્મા મોક્ષે ગયા છે, ને હજુ અનંતા જશે. અનંતા કાળ પછી પણ તીર્થંકર ભગવાનની પાસે પ્રશ્ન કોઇ પૂછશે, કે "હે ભગવાન! કેટલા જીવ મોક્ષે ગયા?" તેનો ઉત્તર આવો જ મળશે, કે "એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષે ગયો છે." આ નિગોદનું બહુજ સૂક્ષ્મ સ્વરૂપ શાસ્ત્રોમાં કહ્યું છે. કે આ ૧૪ રાજલોક સૂક્ષ્મ નિગોદથી ઠાંસોઠાંસ ભરેલા છે, એટલે સોયના અગ્રભાગ ઉપર એ નિગોદના અસંખ્યાતા ગોળા છે. તે એક ગોળામાં અસંખ્યાતી નિગોદ છે અને તેની એક નિગોદમાં અનંતા જીવો છે આવી એક નિગોદ પણ અનંતા કાળે ખાલી થતી નથી, કે થવાની નથી. અહીં [illegible] [illegible] સર્વસામાન્ય નિયમ એવો છે, કે [illegible] [illegible] [illegible]

[illegible]

દેખતા હોય છે. જે મુક્તિએ જાય તેને મનુષ્ય થઇને જ જવુ પડે છે. દેવ કે નારકીમાથી જવાતું જ નથી, એવો શાસ્ત્ર સિદ્ધાંત છે. મનુષ્ય લોકથી સિદ્ધ શિલા ૭ રાજ ઉંચે છે. એ હિસાબે સાત રાજને છેડે અને જ્યાં આ લોકનો છેડો આવે છે ત્યા તેઓ રહે છે (૬)

શ્રી તીર્થંકર દેવો શાસન સ્થાપીને જે તારવાનું કાર્ય કરે છે, એ પણ મુક્ત થવા અને અન્યોને મુક્ત કરવા પ્રયાસ કરી રહ્યા છે. પોતે મોક્ષે જાય છે ત્યારે અને તેમના શાસનમાં આગળ પાછળના મળીને લાખો ને ક્રોડો જીવોને મોક્ષે પહોંચાડે છે. તે આત્માઓ આજે અનંત આનંદમા મહાલી રહ્યા છે દુઃખી આત્માઓ સંસારથી મુક્ત થયા તોજ તે સુખી થયા. (૭)

પર વસ્તુઓથી આનંદ માનવાનો જે ઉલ્ટો રસ્તો હતો તે મટી ગયો, ને હવે મુક્તિમાં આવ્યા બાદ પોતાના જ ગુણોના ભોગવટામા આત્મા લીન બન્યો જેમ પારકા પૈસા વ્યાજે લાવીને કોઇ ધંધો કરે, તેમ શરીર પ્રત્યેના પ્રેમથી પૌદ્ગલિક સુખમાં આત્મા સંસારમા આનંદ માનતો હોય, પણ જ્યારે કોઇ પોતાના જ પૈસાથી વેપાર કરતો હોય, તે જેમ નિશ્ચિત રહે છે, તેમ અહીં પુદ્ગલની પરાધીનતા ન હોવાથી સ્વભાવજન્ય અને સ્વગુણજન્ય સ્વાનુભવ સ્વરૂપ સાચો આનંદ આત્મા માણી રહ્યો છે એવી આત્માની ઉચ્ચકક્ષા હોય ત્યાં સુખ પોતે આવીને જરૂર વાસ કરે જ. ત્યાં ઇંદ્રિયો જ હોતી નથી ને પછી તે ઇંદ્રિયોના વિષયોનું સુખ તો હોય જ ક્યાંથી [illegible] સુખો તો ત્યા હોઇ શકતા જ નથી. બાહ્ય સુખ કે જે અહીં નહિં હોવાથી, અત્યંત નિર્મળ, પવિત્ર અને ગુણો [illegible] માણી જાય છે. (૮)

'નમો સિદ્ધાણં' નો જાપ કરવાથી અથવા તેવી ભાવના ભાવીને ભવ સંસારનો હું અંત જ કરવા માગું છું. કર્તા અહીં એમ કહે છે, કે વીતરાગ ભગવાનના વાત્સલ્ય ભાવની ઉદારતાથી, અનંતાનંત સિદ્ધ ભગવંતોના આદર્શને સન્મુખ રાખીને, સિદ્ધોનું ધ્યાન કરવામાં જ સ્વ-વિભાગનો આનંદ માનવો જોઈએ. આ રીતે પોતાના જ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પોતે આનંદ અનુભવે છે. મિથ્યા વસ્તુઓનો મોહ છોડી એ આદર્શોને સામે ધરી, પોતે આદર્શરૂપ બનવા માગે છે, જેથી એમ થાય, કે [illegible] હતી તે બધું ય તેમને ભળી ગયું (૮)

કાવ્યાર્થ મંત્રાર્થ પૂર્વવત્

॥ ઇતિ શ્રી નવપદ પૂજાયાં દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા સંપૂર્ણ ॥

★ ★ ★

તૃતીય પદ શ્રી આચાર્યપદ પૂજા.

દુહા

[illegible]

[illegible]

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] ... ત્રીજે પદ આચાર્યને છે, નમીએ ભાવ ઉદાર, [illegible] [illegible], [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.

સારણ વારણ સાર હો જિન. સિદ્ધ૦ (૨) આગમ તત્ત્વને શોધતાં રે, પ્રભાવક ગુણધામ; સાવધાનપણે સાધતાં રે, વિચરે તે નિષ્કામ હો જિન. સિદ્ધ૦ (૩) શાસન ધોરી સાહિબા રે, પાળે મારગ શુદ્ધ; છત્રીશ ગુણે અલંકર્યા રે, ભવિ વિબોધન બુદ્ધ હો જિન. સિદ્ધ૦ (૪) ગચ્છ સ્થંભ વિકથા તજે રે, કરૂણા રસની ખાણ; સમગણે ને નિહાળતાં રે, નિત્ય કલ્યાણનું ધ્યાન હો જિન. સિદ્ધ૦ (૫) પદ ત્રીજું આરાધતાં રે, કરૂં હું અલ્પ સંસાર; રત્નત્રયી શુદ્ધ આપજો રે, શુદ્ધિ ત્રિકરણ કાર હો જિન. સિદ્ધ૦ (૬) દુઃખ કાદવથી ઉગારતા રે, આલંબન આધાર; ભવિ કમળ હિત સૂર્ય જે રે, લહે પદ દર્શન પાર હો જિન. સિદ્ધ૦ (૭) જ્ઞાન આરાધન ધ્યાનથી રે, સાધે જે આતમ કાજ; ઓજમ જેહનું દીપતું રે, યુગપ્રધાનનું રાજ હો જિન. સિદ્ધ૦ (૮) ધર્મ આરાધક સંઘમાં રે, કરતાં ભવિ ઉપકાર; વિજય જિનેન્દ્ર ને લહે રે, નવપદ ધ્યાને સાર હો જિન. સિદ્ધ૦ (૯)

કાવ્યમ્ અર્હત્કર્મ૦

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ તૃતીય શ્રી આચાર્યપદ [illegible] શ્રી સિદ્ધચક્રાય જલાદિક યજામહે સ્વાહા.

॥ ઇતિ શ્રી નવપદ પૂજામાં તૃતીય શ્રી આચાર્ય પદ પૂજા સંપૂર્ણ ॥૩

ભાવાર્થ

(દુહા) તીર્થંકર ભગવાનના મોક્ષાગમન પછી શાસનને [illegible] આચાર્ય મહારાજની ઉપર જ રહે છે એટલે તે

મુખ્યપણે પર એક શાસનની મહાન જવાબદારી જેટલી હોય છે તે તે કાળના આચાર્યો કે જેઓ મહાજ્ઞાની અને વિદ્વાન હોય તે શાસનને ચલાવનાર હોય છે. તે કારણથી જેને જે કાંઈ પણ શંકા થાય તેને માટે પૂછવાનું અને સમાધાન મેળવવાનું સ્થાન આચાર્ય મહારાજ જ હોય છે. તેઓ પોતાના ચારિત્રના પ્રભાવથી યુગકાલીન જનતા ઉપર સારી છાપ પાડી તેને ધર્માભિમુખ બનાવી, પ્રકૃતિ પર વિચરી, શ્રી તીર્થંકર દેવોની આજ્ઞાઓનો પ્રચાર કરતા હોય છે તેઓ ઉપકાર કરવામાં જ તેવા પરાયણ હોય છે તેઓમાં ધીરજ અને ક્ષાન્ત જેવા બે મહાન ગુણો હોય છે જેઓ જિનાજ્ઞાનું પાલન કરવામાં અગ્રેસર [illegible] માર્ગમાં સ્થિર કરતા [illegible] ચાર વર્ણ તેને બીજ ગુણ કહેવાય છે, કારણ કે તેમાં પાણ્ડિત્ય બુદ્ધિની જ મુખ્યતા છે. વળી એમની પાસે આવનાર આબાલ ગોપાલ જનવર્ગ પર ([illegible]) પોતે સમાન [illegible], તેને [illegible] ગુણ કહે છે. (૧)

પોતે જે પ્રવર્તન કરે છે તેમાં જ્ઞાનાચાર વિગેરે પાંચે આચારોનું મુખ્યપણું છે તેઓ તેના પાલન કરવામાં [illegible] ઉપયોગવાળા હોય છે પોતપોતાના શિષ્ય [illegible] વિગેરેનું [illegible] પોતે કરતા હોવાથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] (૨)

([illegible]) [illegible] [illegible] (૩) [illegible]

વ્યાકરણાચાર્ય, સાહિત્યાચાર્ય કે ન્યાયાચાર્ય કહેવાય છે, તથા કોઈના નામ આગળ પણ આચાર્ય શબ્દ મૂકાય છે, (જેમ કે આચાર્ય વિનોબા ભાવે, આચાર્ય કૃપલાની) તેઓ દ્રવ્યથી આચાર્ય કહેવાય, અથવા આચાર્ય પદમાં રહેલા કોઈ આત્મા શ્રી તીર્થંકરદેવની આજ્ઞા પાળતા ન હોય, એટલે કે પોતાની વાહવાહ માટે નવા મતો કાઢે અથવા પોતાની શાસન પ્રત્યેની પોતાના સ્થાનને યોગ્ય વફાદારી અને ફરજો ન બજાવે, તેવાને પણ દ્રવ્યથી આચાર્ય કહેવાય. પંચિંદિયમા ગણાવેલા ૩૬ ગુણો જેમનામાં હોય, તથા પોતાના ગચ્છનાને અને બીજા સાધુઓને જ્ઞાન ભણાવે, પાંચે આચારોને પાળવા પળાવવામાં ઉદ્યમશીલ રહે, તેઓને **ભાવાચાર્ય** કહેવાય છે. તેવા પૂજ્ય ભાવાચાર્ય મહારાજોને અહીં ભાવથી વંદન કરવામાં આવે છે. તે નમનથી આપણા આત્માનો ઉદ્ધાર થાય છે. સંસારરૂપી સમુદ્રને તરવા માટે એ આચાર્યો નાવ સમાન છે. શ્રી સિદ્ધચક્રજીનું ધ્યાન કરતી વખતે જે ત્રીજા પદમાં શ્રી આચાર્ય પદનું આરાધન આવે છે, તે ધ્યાન દ્વારા કર્મ રાજાના સૈન્યને દૂર હટાવીને મુક્તિના અનંત સુખવાળી આનંદની પ્રાપ્તિ થાય છે. (૧)

ભાવાચાર્ય કેવા હોય કે જેથી શાસન પર તેઓ ઉપકાર કરી શકે, તેમના સર્વે લક્ષણોનો વિચાર કરવામાં આવે છે. સૂરિમંત્રની આરાધના તેઓ કરતા હોય છે. જ્ઞાનધ્યાનની પ્રવૃત્તિઓમાં જ તલ્લીન હોય છે તે કારણથી તેઓ કદી પ્રમાદ કરતા હોતા નથી. તેઓનું હૃદય ખૂબ ઉદાર ચરિત્રવાળું [illegible], [illegible] તેમનામાં હોતી જ નથી. [illegible] આજ્ઞા પ્રમાણે ધર્મોપદેશ આપીને તેઓ [illegible] શિષ્યોને [illegible], શંકા સમાધાન

કરવામાં, તેમ વિકથાથી બચાવવામાં તેઓ ઘણી કાળજી રાખે છે. (૨)

આગમ ગ્રંથોને અવલોકીને, તેનું વારંવાર મનન મંથન કરીને, તેનાથી તેઓ તત્ત્વ શોધ્યા કરે છે ઘણા જીવોને ધર્મ પમાડી શાસન પ્રભાવના કરતા રહે છે. આત્મ સાધના કરવામાં તેઓ ઘણાં સાવચેત હોય છે. [illegible] પરનું મન દુભાવ્યા વિના, પોતાની આત્મ સાધનામાં જ મસ્ત હોવાથી તેઓ ગુણોના [illegible] ધામરૂપ બને છે. આ રીતે તેઓ ગામોગામ વિહાર કરતા હોય છે. એટલે કે કોઈ સ્થાનમાં ગાદી જમાવીને મઠધારી બનતા નથી ને કોઈનાથી મારું મમત્વ તેમનામાં આવી શકતું નથી અને કોઈપણ જાતની [illegible] વગર નિષ્કામ બની નિસ્વાર્થ ઉપકાર બની રહે છે. (૩)

બારેમાસ તેઓ શાસનના નાયક છે તેઓ [illegible] મુનિમાર્ગની [illegible] કરનારા છે [illegible] ઉપદેશ કરનારા તેઓ [illegible] ગુણોથી યુક્ત હોય [illegible] અજ્ઞાન [illegible] પ્રતિબોધ કરી [illegible] કરવામાં બહુ જ કુશળ હોય છે (૪)

[illegible]

દીજીએ રે, ગુણી૦ ભવિજનનો લાહો લીજીએ ગુણી
(આંકણી.) દ્વાદશ અંગને ધાર ધરાવે, સરળ અમ
ચી ગુણ પૂજીએ, ચઉગતિ રણ એ પદ ભક્તિ
પ્રેમ અધિકે કરીજીએ. ગુણી૦ (૧) નિશ્ચય વ્યવહાર
જ્ઞાન કરાવે, તસ ધ્યાને નિત્ય રીઝીએ, જ્ઞાન ક્રિ
શુદ્ધ અનુભવે જોડ, પ્રભુ મારગ સ્થિર લીજીએ
ગુણી૦ (૨) વિકથા ચારને અહનિશ ટાળે, જ્ઞાન ગગન
વિચરીજીએ; વિભાવ દશાથી પર જે રહેતાં, સ્વ
સત્તા રમીજીએ. ગુણી૦ (૩) દશા અધ્યાતમ જાગ
જેની, અપ્રમત્ત ઠરીજીએ; ભવોદધિ તારણ પોત સમ
જે, દુઃખડાં ભવનાં હરીજીએ. ગુણી૦ (૪) સારણ
વારણ ગચ્છને કરતાં, બાર સૂરિનો ધરીજીએ; રત્ન
ત્રયીમાં જે નિત રમતા, ભવિજનને ઉદ્ધરીજીએ
ગુણી૦ (૫) અંગ ઉપાંગના પાઠો કરતા, સુસ્વાધ્યાયે
રમીજીએ; વાચક પદ ભવિ તરવા કાજે, અંતરંગ રંગ
વરીજીએ. ગુણી૦ (૬) પ્રદાન આસેવન શિક્ષા દેતા
સમતા રમને ભરીજીએ, અયોગ્ય શિષ્યને યોગ્ય બનાવે
ઉપમા [illegible] દીજીએ. ગુણી૦ (૭) બહુશ્રુત તારક
[illegible] તારે, [illegible] વરીજીએ; શાંત સુધાર
[illegible] શ્રુત અનેકાંત ચરીજીએ ગુણી૦ (
[illegible] તારક ચિતરીજીએ

પાઠક ઇંદ્રિય દમન પ્રભાવે, જિનેન્દ્ર પદ સરોજએ.
શ્રુણી૦ (૬)

કાવ્યમ્ : અર્હંતમં.

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ[illegible] શ્રી ઉપાધ્યાય
પદ [illegible] શ્રી [illegible] જલાદિક યજામહે સ્વાહા
॥ [illegible] નવપદપૂજાયાં [illegible] શ્રી ઉપાધ્યાય પદપૂજા સંપૂર્ણ ॥૪॥

★ ★ ★

ભાવાર્થ

(ઢાળ) [illegible] ઉપાધ્યાય મહારાજ [illegible]
[illegible]
[illegible] આચાર્ય મહારાજ [illegible]
[illegible] ઉપાધ્યાય મહારાજ [illegible]
[illegible]
[illegible] હોય છે (૧)

[illegible]

અને સંદર્ભ જાણીને) ભણવાનું એટલે અર્થની વાંચના લેવાનું આચાર્ય મહારાજ પાસે હોય છે તેથી પહેલા ઉપાધ્યાયજી મૂળ સૂત્રો શિખવાડે છે, પછી બીજી વખત આચાર્યશ્રી તેજ શિષ્યોને તે સૂત્રોનુ અર્થજ્ઞાન શિખવાડે છે.

(ઢાળ) ભવ્ય આત્માઓએ ઘણા ગુણોવાળા એવા ઉપાધ્યાય મહારાજની ચોથાપદમા આરાધના કરવી જોઇએ સર્વ સામાન્ય રીતે ગુણવાન આત્માઓની ઉપાસના કરવાનુ કારણ એ હોય છે, કે સમાજ ઉપર વિદ્વાન, ચારિત્રશીલ, ડાહ્યા અને શાણા એવા એ ઉપકારી મહાપુરુષોની ઘણી સારી છાયા અથવા છાપ પડી શકે છે તેથી આ પદની આરાધના કરવી તે મનુષ્ય ભવનો લહાવો લેવા સમાન છે એ ઉપાધ્યાય મહારાજ દ્વાદશાંગીનું ચાલુ સ્મરણ કરનારા હોય છે. તથા શિષ્યાદિને ક્રમ પ્રમાણે (એટલે આટલા દીક્ષા પર્યાય બાદ આ આગળ ભણાવાય વિગેરે) અને જેમ જેમ યોગ્યતા દેખાવામાં આવે તેમ તેમ દ્વાદશાંગીનું અધ્યયન અનેક યોગ્યાત્માઓને સમજાવતા જ હોય છે તેઓ બાંધા માટે કપટરહિતપણે સર્વથા નિખાલસ રીતે વર્તતા હોય છે તેથી તેઓ પોતાની પાસે આવનાર સૌની એકધારી પ્રીતિ સંપાદન કરી શકે છે તેવી તે પદની ભક્તિ કરવાનું એને [illegible] છે એ ભક્તિથી ચારે ગતિનો અંત થાય છે (૧)

વ્યવહાર નયથી તે અત્યારે કર્મોથી ઢંકાએલો બની ગયો છે. જેમ આપણે બે આંખોથી સારું દેખી શકીએ છીએ, તેવા જ આ બેઉ નિશ્ચય અને વ્યવહાર છે. એ બેના સહારાથી આપણા આચારવિચાર ઘડાવા જોઇએ. એ નિશ્ચય વ્યવહારને પૂર્ણ લક્ષમા રાખીને જ્ઞાનયોગને અથવા ક્રિયાયોગને અમલમા મૂકીએ તો આત્માના સાક્ષાત્ અનુભવાનંદનો સાચો ખ્યાલ આવી શકે. તેમ થવાથી પ્રભુમાર્ગમા સ્થિરતા પ્રાપ્ત થાય છે. (૨)

સ્ત્રી સબંધી, ખાવા પીવા સંબંધી, દેશ સંબંધી અને રાજદ્વારી ખટપટોના સંબંધવાળી એવી ચારે વિકથાઓ સંસાર વધારનાર હોવાથી, તેઓ સર્વથા તે ચારેયથી દૂર અને અલિપ્ત રહે છે. આવી વિકથાઓથી પર બનીને જ્ઞાનધ્યાનમા તેઓ લયલીન થતા હોવાથી, જ્ઞાન ગગનના આનંદ સિવાય કોઇ જાતનું તેમને દુઃખ હોતું નથી વળી આપણા શરીરમા (પાણી અને દૂધની જેમ) બે ચીજ છે. આપણો આત્મા અને પૌદ્ગલિક શરીર આત્મા એ સ્વ છે, ને તેનું તથા તેના જ્ઞાનાદિ ગુણોનું ચિંતન એ સ્વભાવ છે. અને શરીર અથવા આત્માથી બાહ્ય દરેક વસ્તુનો રાગ એ વિભાવ કે પરભાવ કહેવાય છે. એવા પરભાવની ચિંતા ન કરતા, આત્મભાવમા જ તેઓ મગ્ન રહે છે વળી તેઓ આચાર્ય મહારાજની ભક્તિ પણ પૂર્ણ ભાવથી કરતા હોય છે (૩)

તેમની અધ્યાત્મભાવના ઘણી જ ઉંચા પ્રકારની હોય છે તથા જ્ઞાનાચાર વગેરે આચારોના પાલનમા પ્રમાદરહિતપણે તેઓ ઉદ્યમી હોય છે. સંસારરૂપી મહાન સમુદ્રને તરવા માટે આ ઉપાધ્યાયજી મહારાજનું આલંબન વહાણ અથવા સ્ટીમર સમાન છે તેથી તે પદના આરાધનથી આપણાં ચતુર્ગતિભ્રમણનાં

યોગ્યતા જોયા વિના દીક્ષા અપાય જ નહીં. છતાં કેવળજ્ઞાન થયા પહેલા અયોગ્યતા તો રહેવાની જ. એ દ્રષ્ટિથી પૂર્ણ યોગ્યતા મેળવવાના પ્રયાસ નિમિત્તે જે ખાણી આત્મા અહીં આવે છે, તેના એ પ્રયાસમા રહેતી ક્ષતિઓ કે ખામીઓ દરેકમાં હોય જ. તેવી ખામીવાળા અયોગ્ય અહીં જણાવ્યા છે એમ સમજવું. જેઓ યોગ્ય થવા પોતે ઇચ્છે છે, યોગ્ય બનવા માટે ગુરુ-કુલવાસમાં આવ્યા છે, તેવા આરાધનાના ઇચ્છુક આત્માઓને દુર્ગુણોથી ભરેલા એવા અયોગ્યોથી જૂદા તારવવા જ જોઇએ. જેઓ આવી શિક્ષા મેળવીને સુયોગ્ય બને છે, તેઓ જૈન શાસનને દીપાવનારા બને છે. (૭)

આગમગ્રંથોનું સંદોહન કરીને, એ ઉપાધ્યાય મહારાજ વિસ્તારપૂર્વક જિનકથિત માર્ગ ભવ્યાત્માઓને સમજાવે છે એટલે તત્ત્વજિજ્ઞાસુ આત્માઓને તે તારક પ્રત્યે બહુમાન અને લાગણી પેદા થાય છે એ રીતે ભવિ આત્માઓ શાસનના અનુરાગી બને છે. તેવા જ્ઞાનીઓ બહુશ્રુત કહેવાય છે. એમના પચ્ચીશ ગુણ હોય છે. એ ઉપાધ્યાય મહારાજ પાસેથી આગ-મોનું અનુપમ જ્ઞાન મેળવીને આપણે આત્માની ઘણી સમતા પ્રાપ્ત કરીએ. શ્રી શત્રુંજયના સુરજ કુંડ જેવો મોટો કુંડ હોય અને તેના પાણીથી લોકો સ્નાન કરીને પવિત્ર ને પાવન બની સ્ફૂર્તિ મેળવે છે, તેમ સમતારૂપી અમૃતના કુંડમા ઝીલી, અમારી જિંદગી પાવન બનો ! વળી જિનેશ્વર ભગવંતનું શ્રુત-જ્ઞાન અનેકાંતવાદાત્મક હોય છે એટલે કોઇપણ જાતનો એકાં તવાદ તેમાં હોતો નથી "અમુક વસ્તુ આમ જ હોય" એવા કદાગ્રહને એકાંતવાદ કહેવાય છે આ અનેકાંતવાદને સ્યાદ્વાદ

પંચમ પદે શ્રી સાધુ પદ પૂજા.

(દુહા)

મંગલ કારણ વિશ્વમાં, પરમ પુનિત જસ કાય,
શમ દમ ગુણ આગર નમું, પંચમ પદ મુનિરાય. (૧)

ધર્મ સુધા જસ મુખ ઝરે, મધુર વાણી ગુણકંત,
દર્શન જસ પાવન કરે, ચરણ કરણ ભગવંત (૨)

સત્તાવીશ ગુણે શોભતા, કરૂણા મૂર્ત સ્વરૂપ,
આત્મરમણતા જે લહે. સ્વભાવ ગુણ ચિદરૂપ. (૩)

શ્વેત ગુણ અરિહંતનો શ્રી સિદ્ધ રક્ત કહાય,
પીત વર્ણ આચાર્યનો. નીલવર્ણી ઉવજ્ઝાય (૪)

કર્માષ્ટક ઉચ્છેદવા તપ તપે બાર સદાય,
કાયા શોષવે આપણી, શ્યામ કહ્યા મુનિરાય (૫)

: ઢાળ : (રાગઃ જિણંદા પ્યારા, મુણીંદા પ્યારા.)

મુણીંદા પ્યારા નિજાનંદ કારા, શ્રુતધારી ભગવાન <u>પૂજો રે મુણીંદા પ્યારા.</u> (આંકણી.) સિદ્ધચક્રના પાંચમા પદમાં : ૨ : શાભતા ગુણી મુનિરાજ પૂ. જંગમ તીરથ મુનિ ઉપકારી : ૨ : સાધતાં આતમ કાજ. પૂજો રે. (૧) પંચ મહાવ્રત શુદ્ધ જે પાળે : ૨ ટાળે વળી અતિચાર પૂ. સત્તર પ્રકારે સંયમ સાધે : ૨ : નાશે દોષ વિકાર. પૂજો૦ (૨) જ્ઞાની ધ્યાની શુદ્ધ અનુષ્ઠાની : ૨ : તપે તપસ્યા અપાર. પૂ. ત્રિકરણ યોગે સદા ઉજમાળા : ૨ : કરતાં ભવિ ઉપકાર. પૂજો૦ (૩) તપ વૈયાવચ્ચે જે નિત્ય રક્તા : ૨ : નિર્જરા શુદ્ધ

તેઓ પાલન કરનારા હોવાથી મંગલ સ્વરૂપ કહેવાય છે. તેઓ ઉપકારી હોવાથી કોઇનું અપમંગલ કરનાર બનતા નથી, તેથી મંગલનું જ કારણ બને છે શ્રી નવકાર મંત્રમા મનુષ્યલોકમાના સર્વ સાધુઓને અહી નમસ્કાર કરવામા આવ્યો છે. મંગલ મોક્ષ છે, તેનો રસ્તો બતાવનાર સાધુ મહારાજ તેના કારણ સમાન છે. જેમકે રસોઇ એ કાર્ય છે, અને રસોઇ બનાવનાર કારણ છે. તેમ અહીં પણ મોક્ષ અને તેના કારણ દ્વારા કાર્યકારણભાવ સમજવો. તે મુનિરાજોનું શરીર પણ પરોપકારમા દિનરાત ઉપયોગી હોવાથી પવિત્ર મનાય છે તેઓ સ્વપર સાધક હોવાથી મંગલમય છે. એમના શરીરથી પણ અમંગલ, અબ્રહ્મ કે અકાર્ય કદી થતું નથી. જો કે શરીર અશુચિથી ભરેલું તો હોય જ, છતા તપ, જપ ને જ્ઞાનધ્યાનાદિથી તેઓને પતિતપાવન માનવામાં વાધો નથી. તેઓની સમતા તેમજ આત્મદમનની પ્રવૃત્તિઓ જયારે ગુણરૂપે ઝળકે છે, ત્યારે તેઓના સંસર્ગમાં આવનારાઓના હૃદયમાં તે ગુણસમુદ્ર મહર્ષિઓની છાયા પડવાથી બહુમાન પેદા થાય છે. તેવા મહામુનિઓને અમો નમસ્કાર કરીએ છીએ. (૧)

તેઓની મધુર ભાષા ધર્મના ઉપદેશવાળી માત્ર ઉપકારાર્થે જ કહેવાતી હોવાથી અમૃત સમાન કહેવાય છે, તેમજ તેમનાં દર્શન પણ આપણને પાવનકારી બને છે કારણ કે કાયા પણ પવિત્ર અને વચન પણ પવિત્ર તથા ચરણ સિત્તરી અને કરણ સિત્તરી પૂર્વકનું ઉંચું ચારિત્ર પાળવાની ભાવનાથી મુક્તિના જ એક લક્ષ્યબિંદુને તકી તકીને ચાલનારા હોવાથી, તેઓનું મન પણ પવિત્ર હોય છે. (૨)

અનેક ગુણોવાળા તે મુનિરાજોમા મુખ્ય ગુણ દયાળુપણાનો હોય છે અહિંસાના પરમોચ્ચ સિદ્ધાંતનું તેઓ પાલન કરતા

હોવાથી અને કોઇનું મનથી પણ બુરૂં ચિંતવતા નહીં હોવાથી તેઓ કરૂણાસ્વરૂપ ગણાય છે તેમનું મુખ્ય ધ્યેય આત્મ રમણતાનું હોવાથી પૌદ્ગલિક વસ્તુઓના મોહમાં કે પરનિંદામાં કદી લેપાતા નથી માત્ર પોતાના જ્ઞાનાદિ ગુણોને ખિલવવામા જ તેઓ મસ્ત રહે છે (૩)

દરેક પદનાં જુદા જુદા વર્ણો ધ્યાન કરવા માટે શાસ્ત્રોમાં વર્ણવાયા છે, તે આ મુજબ છે. અરિહંતનો શ્વેતવર્ણ (ગુણ), સિદ્ધપદનો લાલ ગુણ, આચાર્યપદનો પીળો, ઉપાધ્યાય પદનો લીલો અને સાધુપદનો કાળો. આયંબિલની આરાધનાની ઓળી કરતી વખતે એ વર્ણો અનુસાર ઓળા, ચણા, મગ અને અડદ એક એક દિવસ માટે તે તે ગુણ દર્શાવનાર નિયોજેલા હોય છે (૪)

આઠે કર્મોના નાશ કરવા માટે બારેય પ્રકારના તપમાં પ્રતિપળ ઉદ્યમશીલ હોવાથી, તડકાના તાપથી જેમ શરીર કાળું પડી જાય છે, તેમ મુનિરાજોના તપ વિશેષથી તપ-તાપના કારણે શ્યામ વર્ણ કલ્પવામાં આવ્યો છે સૂર્યતાપથી જેમ લીલા પાંદડા વિ. પણ સુકાઈ જાય છે, તેમ વિવિધ તપશ્ચર્યાઓ આચરવાથી મુનિઓનું શરીર સુકાઈ જાય છે, ને આત્મ ભાવ [illegible] થતો જાય છે માનસિક નિર્મળતા અને અપૂર્વ [illegible] અને શરીર [illegible], તેથી કર્મ નિર્જરાના ધ્યેયને [illegible] સિદ્ધ કરતા જાય છે (૫)

(ઘ.ગ) [illegible] પદમાં જૈનના પૂજ્ય મુનિરાજો તથા [illegible] પ્રત્યેક આત્માની સાથે મૈત્રીભાવથી [illegible], [illegible] આત્મ[illegible] સર્વની પ્રાપ્તિને

જીતનારા બને છે. મુનિઓમાં ઇન્દ્ર સમાન છઠ્ઠા ગુણસ્થાન-વાળા તેઓ જ સદ્‌ભાવને મેળવી શકે છે, કે જેઓ પોતાના નિજ આત્મ સ્વભાવમાં રહેતા હોય એટલે કે આચાર વિનાના માત્ર વેશધારી દ્રવ્યસાધુનું માન સમાજમાં રહી શકતું નથી. સંસારી આત્માઓ બધાય સ્વાર્થી હોવાથી મોટા મોટા દોષોથી ભરેલા હોય છે તેમના સમકાલીન યુગમાં જીવન જીવનારા આ મુનિરાજો સાથે જો સરખામણી કરવામા આવે, તો અનેક ગુણો સહિત પરમાર્થ ભાવ મુનિરાજોમા મળી શકે છે. નિસ્વાર્થવૃત્તિ, નિષ્પક્ષપાતીપણું તથા નિખાલસતા જેવા તેમનામાં અનેક ગુણો ઝગકતા હોય છે. આવા ઉત્તમ ગુણો જો તે પદમા રહેલાઓમા કેળવાયા હોય, તોજ સાચું સાધુપણું આવ્યું એમ કહેવાય છે તે કારણથી શિષ્ટ સમાજમા ઉચા આચારવાળી કોટિમા તેમનું અગ્રસ્થાન ટકી શકે છે આ બધો પ્રતાપ પોતાના કેવળ વ્યક્તિત્વનો જ નથી, પરંતુ ભગવાનના **શ્રુતજ્ઞાન દ્વારા મેળવેલી સજ્ઞાન દશાનો જ** છે. તેઓ સત્ય અને અહિંસાના પાલક હોવાથી તેમનું વ્યક્તિત્વ પણ શોભી શકે છે. તેવા પૂજ્ય સાધુ પદની સેવા-ભક્તિ સૌએ કરવી જોઇએ. પ્રાચીન તીર્થભૂમિઓ એ સ્થાવર તીર્થો કહેવાય છે. તે પ્રમાણે ગામોગામ વિહાર કરતા આ મુનિરાજોને જંગમ તીર્થ કહેવાય છે તીર્થની સ્પર્શના કરીએ, ત્યારે ત્યા જવાથી આપણે તરી શકીએ છીએ ' તારે તે તીર્થ " કહેવાય છે. તેમ મુનિવરો આપણા ગામમાં આવીને આપણો ઉદ્ધાર માર્ગ બનાવે છે. એઓના શ્રુતજ્ઞાનની પ્રાપ્તિથી આપણે તરી શકીએ છીએ તેથી તેઓ જંગમ તીર્થ છે (૧)

આત્મકલ્યાણ માટે તેઓ પાંચ મહાવ્રતનું પાલન કરતા

વ્યાપારવાળી ને દુર્ગતિએ લઇ જનારી હોય છે તે હિસાબે મુનિરાજોની પ્રવૃત્તિઓનો વિચાર કરીએ તો લાગશે, કે તે પુણ્યનો બંધ કરાવનારી અથવા નિર્જરા કરાવનારી હોવાથી શુભ વ્યાપારવાળી અને સદ્‌ગતિસાધક બને છે. એમા આટલો બધો ફરક છે. તેઓ ગામોગામ વિહાર કરતાં પોતાનું સંયમ પાલન કરે છે. તેથી અનેક ફાયદાઓ થાય છે અનેક જિન મંદિરોનાં દર્શન થાય છે તે દ્વારા તીર્થયાત્રાઓની પુણ્યમયી સ્પર્શના થાય છે. તેમજ લઘુકર્મી ભવિઆત્માઓને અવસરે અવસરે ઉપદેશ આપી તેઓનો ઉપકાર પણ થાય છે એ યાત્રાઓ વિગેરે કરવા દ્વારા નવનવી જાત્રાઓના લાભના ઉલ્લાસપૂર્વક પ્રભુ ભક્તિમાં તલ્લીન રહે છે. એટલે મુક્તિની સાધનામાં અને સિદ્ધ સ્વરૂપમાં પોતાના આત્માને એકતાન બનાવી દે છે. જાણે સિદ્ધ ભગવંતોની સાથે તાર દ્વારા વાતો જ ન કરતા હોય, એમ પહાડી તીર્થો ઉપર જઇને પણ મુક્તિના અનંતા જીવો સાથે મન મેળવી રહ્યા હોય છે. (૪

એ મુનિપદનો અમારા ઉપર ઘણો ઉપકાર છે. કારણ કે ગણધર ભગવંતો તો 'નમો આયરિયાણં' મા પણ આવે, પરંતુ એવા ગૃહસ્થ ન હોય અને કેવળજ્ઞાની થયા હોય એવા તથા બીજા પણ કેવળીઓનો પણ તેમાં સમાવેશ થાય છે અન્ય શ્રી વિદ્યમાન ભગવંતોના શાસનના મુનિઓ પણ આ મુનિપદમાં આવી જાય છે સંસારસાગર તરવા માટે તેઓ [illegible] છે તે કારણથી જૈન શાસન મુનિ ભગવંતના અસ્તિત્વ ઉપર જ નિર્ભર છે, ને શાસનમા [illegible] આપણે એમ કહી શકીએ, [illegible], તે કારણમાં જૈન શાસન ટકી

શકતું નથી. જેમ બ્રિટિશ સરકારનુ વિસર્જન થયું, ત્યારપછી તેનો વાવટો, તેના કાયદા, તેમ તેના માણસો આ ભારતભૂમિ ઉપર કાઇ પણ કામ કરી શકે નહીં, તેમ મુનિરાજો હશે તો જ અને હશે ત્યા સુધી જ જૈન ધર્મ ટકી શકે તેમ છે ભગવાનની આજ્ઞા શિરે ચડાવનાર, જિનાજ્ઞાને પ્રચારનાર તથા મુક્તિ માર્ગના સંદર્શક એ મુનિરાજો આ ધરાતલને પાવન કરે છે. તેઓના તપોબળ તથા પુણ્યથી જૈન શાસન જયવતુ વર્તે છે જયવત શાસન તેઓનેજ આભારી છે જે જે પ્રદેશોમા મુનિ વિહાર વિરલ બની ગયો. ત્યા ત્યા ધર્મભાવ લુપ્ત થવા લાગ્યો, તેનું પણ આજ કારણ છે. પુનિતકાય મુનિવરો જો ન હોય, તો "નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં ને નમો લોએ સવ્વસાહૂણં" એ પદો નકામા થઇ જાય. કારણ સાધુ પદમાં આવ્યા વિના આચાર્યાદિ કેમ જ બની શકે ? તદુપરાંત અનાર્ય દેશમાં કે યુરોપાદિમા સાધુ મહાપુરુષો વિના શાસન કહી શકાતું કે શોભતુ નથી. (૫)

જેમ આરિસામા આપણા શરીરના ગુણ–દોષો જણાય આવે છે, ને પહેરેલા કપડા ઉપર કોઇ ડાઘો રહ્યો હોય તે દેખાઈ આવે છે. તેમ મુનિરાજો આરિસા સમાન છે, અને તે પણ ભગવાનના આગમ રૂપી આરિસામાં જોઈ જોઇને જ પોતે વર્તનાર હોય છે તેથી તેમના જીવનને 'એક આદર્શ' અનુકરણ કરવા યોગ્ય જીવન માનવું જોઇએ જેમ વકીલ જજ સાથે વાર્તાલાપ કરે, પણ તે કરતી વખતે વર્ષો પહેલાં ભણેલી કાયદાની કલમો ટાંકી ટાંકીને કહે કાયદાથી વિરૂદ્ધ તેની વાત નથી એમ તે બતાવે. તેમ મુનિનું આચરણ આગમથી અવિરુદ્ધ હોય અથવા આગમાચાર ને પ્રતિપળ ભૂલ્યા વિનાનું રાખે છે તેથી

કરનાર હોય, ને પછી અસત્ય બોલે, બોલીને ફરી જાય, શાસ્ત્ર સિદ્ધાંતને માન ન આપે, શાસનને અને શ્રુતને વફાદાર રહેવાને બદલે શાસનથી વિપરીત વર્તે એટલે કે શાસનની અવહેલના અને નિંદા કરાવે, જેની તેની નિંદાઓ કરે, વીતરાગ-કથિત સ્યાદ્વાદ શ્રુતથી વિરુદ્ધ એકાંતવાદની પ્રરૂપણા કરે, ઉત્સર્ગ અને અપવાદના માર્ગને જો ન અપનાવે, તો તે માર્ગ બહાર કહેવાય. તેવા વિરાધક કોઈ હોય, તો તેવા માટે ઉપર જણાવેલું વર્ણન ઉચિત નથી અહીં આટલું વર્ણન કરવામાં આવ્યું છે, તે માત્ર આરાધક આત્માઓ માટે જ છે આરાધક આત્માઓજ શાસન ઉજ્જ્વળ રાખી શકે છે તેથી આ પૂજાના કર્તા કહે છે, કે એ પવિત્ર મુનિપદની સેવા કરવાથી આપણું કલ્યાણ તો થાય છે, એટલું જ નહીં પણ શાસનને, ને સમાજને દીપાવનાર બની શકાય છે એટલે જૈન શાસનની શોભા એઓની સેવા કરવાથી વધતી જ જાય છે. (૯)

કાવ્યાર્થ મંત્રાર્થ પૂર્વવત

॥ ઇતિ શ્રી નવપદ પૂજામાં પંચમ શ્રી સાધુપદ પૂજા સંપૂર્ણ ॥ ૫ ॥

★ ★ ★

ષષ્ઠ પદ શ્રી સમ્યગ્દર્શન પદ પૂજા.

દુહા

સમકિત દર્શનથી લહે, [illegible] પ્રમાણનો [illegible],
જેહ પ્રસાદે આત્મીય જ્ઞાન ચરણ ફળવંત. (૧)
સમકિત વિણ સંસારમાં, [illegible],
[illegible] (૨)
દર્શન વિણ [illegible], [illegible] વિણ અંક,
[illegible] (૩)

અજ્ઞાની કહ્યો શાસ્ત્રમા, જો પૂર્વી દર્શન હીન,
અડ પ્રવચન સમકિતી લહે, શુદ્ધ જ્ઞાન તે લીન. (૪)

ઢાળ : (રાગ – લાલા તોરે દર્શનકી બલિહારી.)

આતમ આનંદ અદ્દભૂત આપે. દર્શનની બલિહારી: નાથ! તુમ દર્શનની બલિહારી, (આંકણી.) ઉજ્વલ પાક્ષિક તે ભવિ જાણો, જો ચાહે મોક્ષ વિચારી; પુદ્ગલ એક પરાવર્તે સીઝે, અન્ય લિંગે જો વિહારી. નાથ૦ (૧) ષટ્ માસે જીવ નિશ્ચે સીઝે, નિગોદથી વ્યવહારી; કાળ અનંતો ચેતન રઝળે, ન બન્યો દર્શનધારી. નાથ૦ (૨) વિવેક વિના સ્વરુપ ન જાણ્યું, ન ગઈ મિથ્યા બિમારી: ભવજળ તરવા કદી નહીં પામ્યો, મનુ ગતિ દુર્લભ સારી. નાથ૦ (૩) ગ્રંથીભેદ જે આતમ કરતા. કરણ કરી બહુ ભારી; સંસારસાગરે દુઃખ બહુ જાણે, મોક્ષ મારગ રૂચિ ધારી. નાથ૦ (૪) જિન દર્શન એક સાચું માને. સડસઠ ગુણ અલંકારી: દુષમ કાલે પ્રતિમા જિનની, સમકિતની દાતારી. નાથ૦ (૫) અભેદ રંગી નિઃસંગતા સાથે. જડ માને મિથ્યાકારી: અંતર જાગતું જે નિત્ય રાખે, રહે સાવધાનતા કારી. નાથ૦ (૬) ચઉગતિ ચૂરણ સમકિત સાધું. તીર્થ યાત્રા જુહારી; તેહ વિના પ્રભુ હું બહુ રઝળ્યો. ટાળે જે દુપાય ખુમારી. નાથ૦ (૭) અમ બોધિ પ્રભુ નિર્મળ કરજો, માનું સફળ અવતારી;

શુદ્ધ દેવ ગુરુ ધર્મની શ્રદ્ધા, અમૂલ્ય ધો મનોહારં
નાથ० (૮) ભવોદધિશોષક સમકિત બળથી, આ
શુદ્ધ જે ધારો; જિતેન્દ્રવિજયને તે પ્રભુ દેજો, આ
નિ:સંગકારી. નાથ० આતમ० (૯)

· કાવ્યમ્ · અર્હદ્ધર્મં०

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ० શ્રી દર્શનપદ મંત્રો
શ્રી સિદ્ધચક્રાય જલાદિકં યજામહે સ્વાહા.

ઇતિ શ્રી નવપદ પૂજામાં પહેલા શ્રી સમ્યગ્દર્શન પદપૂજા સંપૂ

ભાવાર્થ

(દુહા) આ પૂજામાં સમકિત દર્શનનું વર્ણન કર
આવ્યું છે. સમકિત એટલે દેવ, ગુરુ અને ધર્મ ઉપર
શ્રદ્ધા રાખવી તે. સમ્યક્ત્વ મેળવ્યા પછી આત્મા જે
ગુણસ્થાનકે આવે છે, તે વખતની અવસ્થા કેવી હોય,
તે વખતે તેનામાં કેટલા ગુણો પ્રાપ્ત થાય તેની વિગતે
પૂજામાંથી જાણવા મળે છે. બ્રહ્મચારી ગુરુ, સ્ત્રી રહિત
અને હિંસાને પાપ ગણે તે ધર્મ, આ ત્રણેય વસ્તુઓ તરફ
આન્તરિક આકર્ષણ હોય, તેને મિથ્યાત્વ ગુણઠાણું હોય
જિનોક્ત દેવતત્ત્વ ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વની તરફ
આ રીતે [illegible] થાય, ત્યારે સમકિતની પ્રાપ્તિ
[illegible] આત્મા [illegible] પ્રયાણ શરૂ કરે છે
[illegible] આત્મા કેમ જાણે
[illegible]
[illegible] છે, તેમ આત્માના [illegible]
[illegible] આવ્યા છે પરંતુ [illegible]

તો દર્શન શબ્દનો અર્થ સમકિત દર્શન કરવાનો છે સમકિત, સમ્યક્ત્વ કે બોધિબીજ એ બધા એક જ અર્થને સૂચવનારા શબ્દો છે આ સમકિત આવ્યા પછી આત્માનો મુક્તિએ જવાનો નિર્ણય થાય છે ચારે ગતિના ભ્રમણનો અંત આ સમકિત પામ્યા વિના કદીપણ આવી શકતો નથી. વળી આ સમકિત દર્શન કોઇ બહારથી મેળવવાનું હોતું નથી. એ તો આત્માનો જે ગુણ છૂપાએલો છે, તેને માત્ર પ્રકાશમાન કરવાનો બાકી રહેલ છે બિમારીમાંથી ઉઠેલો માણસ જેમ સ્વાસ્થ્યને પામતો જાય, તેમ એક દિવ્ય અનુભવ કરીને આત્મા સાચી વસ્તુને ઓળખતો થઈ જાય એટલે તે આ દર્શનને સ્પર્શ્યો કહેવાય. તેથી તેનો જરૂર ઉધ્ધાર થાય છે એ દર્શનથી પોતાના જ્ઞાન તથા ચારિત્રના ગુણો સફળ થાય છે (૧)

જે આત્માઓ સમકિત પામ્યા હોતા નથી, તેઓનું જ્ઞાન, તેમની ક્રિયા તેમનું ચારિત્ર, અને તેમનું તપ જોઇએ તેવા ફળ આપી શકતા નથી કારણ, કે શાસ્ત્રમાં કહ્યુ છે, કે ચોથા ગુણઠાણે આવ્યા વિના ભણેલું જ્ઞાન બોજા સમાન બની જાય છે ચારિત્ર કાયક્લેશ રૂપ છે, અને તપ પણ એક માત્ર કાયકષ્ટ રૂપ જ બને છે (૨)

જેમ એકડા વિનાના મીંડાની કાંઇ કિંમત હોતી નથી, તેમ દર્શન વિનાનું જ્ઞાન અને સમકિત વિનાની ક્રિયા મુક્તિ આપી શકતા નથી તે કારણથી "જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષ." એમ જે કેવળી ભગવંતોએ કહ્યુ છે, કે જ્ઞાન અને ક્રિયાથી આત્મા મોક્ષ સાધી શકે છે તે જ્ઞાન અને ક્રિયા સમકિત

નવા છતાં પણ, હજી પોતાનો કોઇ નેતા તેણે માન્યો કે
ીકાર્યો નથી હોતો, એટલે તે જાણતો નથી, કે મોક્ષમાં કેમ
વાય? કોણ ત્યાં સુધી લઇ જાય? એ સ્થાન કેટલે દૂર છે?
વી પૂર્ણ વિગતોથી તે હજી અજાણ છે. તે બતાવનાર હજી
ોઇ તેને મળ્યું નથી એણે માત્ર હજી ધ્યેય નક્કી કર્યું છે. પછી
જીવ તેની દિશા શોધવા નિકળે છે તેમ કરતાં કરતાં કોઇ દેવ
 ગુરુ મળી જાય છે. તેની પાસે જાણે મોક્ષની ટિકિટ રૂપ
સમકિતની તે ખરીદી કરે છે. તેથી સંસાર ભ્રમણ વિશેષ
ટયું, ને અર્ધપુદ્દગલ પરાવર્ત બન્યું. હવે સમ્યક્ત્વ પામ્યા
બાદ કોઇ પણ એવો નિયમ નથી, કે તે અર્ધપુદ્દગલ પરાવર્ત
સુધી રખડે જ. પરંતુ એ સમકિત આવ્યા પછી ચાલ્યું પણ
જઇ શકે છે પાછું આવે, પાછું જાય, જાય–આવે, એમ એ
જન્મમાં પણ અનેકવાર બને. કારણકે નિમિત્તવાસી આત્મા છે
તેમાં ક્વચિત્ કોઇ આત્માને ભયંકર પાપનો ઉદય જાગે,
અરિહંતની, કે જિનશાસનની, સિદ્ધાંત વિરુદ્ધ અપલાપ કરે
ઢાગ ભયંકર આશાતના થઇ જાય, તો અર્ધપુદ્દગલ પરાવર્ત
સુધી પણ શુદ્ધ દેવ–ગુરુ–ધર્મથી તે દૂર રહી રહીને અનંત
નત જન્મમરણો કરે, તેવા ભયંકર આશાતનાવાળા માટે
આટલો દીર્ઘકાળ રખડવાનું બને, બાકી તો સમ્યક્ત્વ આવ
બાદ થોડાક ટાઇમમા પણ મુક્તિ મળી શકે છે. (૧)

બીજો એક નિયમ એવો છે, કે અઢીદ્વીપના મનુષ્ય લો
[illegible] ઓછામા ઓછા છ મહિનામા એક જીવ મોક્ષે જ
છે. એમ થવાથી અનાદિ સંસારી જીવોમાંથી એક
[illegible] મનુષ્ય જેમકે એક કંપનીમાંથી કોઇ સભ્ય
[illegible] તે ઓછો થાય અને કંપની મ

દુઃષમકાલે પ્રતિમા જિનાગમ, અપ્રતિમ ઉપકારા; જ્ઞાન
દશા વળી જાગતી જેની, ચરણ ક્રિયા તેના સાગ
જિણંદા (૭) મહત્ત્વ જ્ઞાનનું વિશ્વે જોજો, કેવળ
જ્યોત પ્રકાશ; શરણું લહીએ એ જ્ઞાનાનું હરે જે દો
વિકારા. જિણંદા૦ (૮) વિવેકલોચનથી જ્ઞાન પ
થીએ, ચઢી ગુણઠાણા સારા; અક્ષય આનંદ લ
જિતેન્દ્ર, ઝળહળ જ્યોતના ધારા. જિણંદા૦ (૯)

. કાવ્યમ્ઃ અર્હદ્ધર્મ૦

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય શ્રી જ્ઞાનપદ
સંશોભિત શ્રીસિદ્ધચક્રાય જલાદિકં યજામહે સ્વાહા.

ઇતિ શ્રી નવપદપૂજાયાં સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા સંપૂર્ણ. ॥૭

ભાવાર્થ

(દુહા) આ સાતમી પૂજામાં સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. વિસ્તારથી તેના એકાવન ભેદો થાય છે. મુખ્ય ભેદો તો માત્ર પાંચ છે, તે આ પ્રમાણે છે. (૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન અને (૫) કેવળજ્ઞાન. જૈન આગમ ગ્રંથોના દશવૈકાલિક નામના એક આગમ ગ્રંથમાં એમ ફરમાવ્યું છે, કે "પઢમં નાણં તઓ દયા" એટલે જ્ઞાન મેળવેલ આત્મા ચરિત્ર પાળે તો તે જીવદયાનું પાલન સહજ કરી શકે એટલે પહેલાં જ્ઞાન અને પછી દયા પાળવાનું સમજી શકે છે. જ્ઞાન વિના જીવ દયા કેમ પાળી શકે. જ્ઞાન એ દયાનું મૂળ છે. જૈન દર્શનનો આ મુખ્ય સિદ્ધાંત છે. જો કે આપણે દુનિયામાં દેખીએ છીએ, કે જે

વિનાનો મનુષ્ય પશુ સમાન ગણાય છે. દેખાવમાં ભલે માનવ હોય, તો પણ તેની અજ્ઞાનતાના લક્ષણો દેખતાં તે પશુ જેવો જ દેખાય છે. મનુષ્યની ઉત્તમતાને દેખવાને બદલે પશુની અધમવૃત્તિ તેનામા દેખાય છે આખા મનુષ્ય ભવને દીપાવનાર એક જ્ઞાન જ છે સમ્યગ્જ્ઞાન જેને ન મળ્યું હોય, તેવા મૂર્ખ માણસની સરખામણી ગધેડા સાથે કરવામા આવી છે, આ ભવ તો જ્ઞાનથી જ દીપાવવો જોઇએ એ જ્ઞાન શું ચીજ છે, તેનું વર્ણન આ પૂજામા કરવામા આવે છે. દર્શન પદની પૂજામાં જે જણાવ્યું છે, કે જ્ઞાન પણ બોજા સમાન છે, તે આ સમ્યગ્ જ્ઞાન નહી. સમ્યગ્દર્શનપૂર્વકના જ્ઞાનને જ સમ્યગ્જ્ઞાન કહી શકાય છે. ગધેડાની ઉપર ચંદનનો ભાર હોય, તે ચદનની સુંગધનો લાભ તે ગધેડો લઇ શકતો નથી. તેમ મનુષ્ય ભવની સાચી આરાધનારુપ સુગંધિદાર જ્ઞાન જેમા ન હોય તેવો મૂર્ખ માણસ સાચા મર્મને જાણી શકતો નથી જો જ્ઞાન ભણ્યો ન હોય, તો તે માણસને જીવદયા કેમ પાળવી, શા માટે પાળવી, ધર્મ શા માટે કરવો, તેની તેને સમજ પડતી નથી. મનુષ્ય જો જીવદયા ન પાળે તો તે માણસ (માનવ) દાનવ જેવો બને છે. આવુ જે જ્ઞાનનું સ્વરુપ કહ્યુ છે, તે સમકિત રહિત આત્માની વિદ્યાઓથી ભિન્ન છે જ્યાં સમકિત નથી ત્યા ગમે તેટલી વિદ્યા, કેળવણી કે જ્ઞાન–અજ્ઞાન રુપ જ બની જાય છે (૧)

ઉપરની વાતને પુષ્ટ કરવા માટે એક શાસ્ત્રીય ઉદાહરણ અહીં આપવામા આવ્યું છે, કે સમ્યગ્જ્ઞાન મેળવ્યા વિના (એટલે કે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વિનાની વ્યક્તિ) કોઇ સાધુ કે શ્રાવક કોડો વર્ષો સુધી ચારિત્ર-વ્રત, તપ, જપ.

અજ્ઞાન દશામાં મેં અનંતા દુઃખો સહન કર્યાં છે. વિવેક વિનાનો તો અનંતો કાલ નકામો ગયો. અહીં નિગોદ એકેંદ્રિયજ હોય છે, છતાં જૂદી બતાવેલ છે. કારણ કે પૃથ્વી-પાણી ને આપણે એકેંદ્રિય કહી શકીએ, પરંતુ તેને નિગોદ કહેતા નથી. માટે અગાઉ જે નિગોદ બતાવી ગયા, તે જૂદી વસ્તુ છે. બેઇંદ્રિય, તેઇંદ્રિય ને ચઉરેંદ્રિય એ ત્રણને ભેગું એક નામ અપાય છે, તે વિકલેંદ્રિય છે. તે નથી જઘન્ય એકેંદ્રિયમાં, કે નથી તો પૂરા પંચેંદ્રિયમાં, એટલે તે પણ જૂદા બતાવ્યા છે. (૧)

અજ્ઞાનતાને કારણે અનેક ગતિઓમાં મારા આત્માએ ઘણી વખત જ્ઞાનની આશાતનાઓ કરવા દ્વારા ઘણાં જ્ઞાનાવરણીય કર્મો બાંધ્યાં છે. જેમ નેપાળાનો (એક ઔષધિનું નામ) સ્વભાવજ એવો હોય છે, કે તેની એક રાઇ જેવડી ગોળી ખાવાથી પણ દશ-વીશ ઝાડા થઇ જાય છે. (કારણ કે એ દવાનો ગુણ જુલાબ કરવાનો છે) તેમ ચોપડી-પુસ્તક કે કાગળને બાળવાથી કે થુંક લગાડવાથી, તેના ઉપર બેસવાથી આપણને જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. તેના પરિણામે મૂર્ખ થવાય, ગાંડા બનાય, મુંગા બનાય કે જીભ તોતડાય, એવા અનેક દુઃખો આપણને સહન કરવાં પડે. એવું પણ બને કે આંખ હોવા છતાં અને તે પણ ઉઘાડી હોવા છતાં, સમ્યગ્‌જ્ઞાનના અભાવે માણસને કાંઇ પણ સમજણ પડતી નથી, કે હું જ્ઞાનાવરણીય કર્મ બાંધી રહ્યો છું, અથવા મનુષ્ય ભવમાં કરવા યોગ્ય આત્મ સાધન ન કરે, તો પણ એનું એને દુઃખ ન થાય કે "મારો સમય નકામો બરબાદ થઇ રહ્યો છે (વગેરે" એટલે [illegible] બનીને વ્યસનોમાં મસ્ત બનીને મિથ્યાત્વ રૂપી [illegible] તે અટવાયા કરે છે. એ કારણથી મનુષ્ય [illegible]

પણ શા કામના ? છતી આંખે ને ઉઘાડી આંખે પોતાનું શ્રેય શાથી થશે, તેની જેને ગમ પડતી નથી. હિંસાઓ કરવાથી મારા મરણો વધશે, અથવા અસત્ય બોલી–ચોરી કરી–મારું નામ હુંજ બદનામ કરી રહ્યો છું, કે મારા પર લોક અવિશ્વાસ કરશે, એવી જેને વિચારણા જ આવતી નથી, માટેજ "આંખ છતે અંધારા" કહી શકાય. તેને કોઇ માર્ગ સૂઝતો નથી. તેથી તેનો ઉદ્ધાર થઇ શકતો નથી. પોતાનું આત્મજ્ઞાન અથવા આત્માનું જ્ઞાન રૂપી તેજ ઢંકાઇ જાય છે, એજ એનું અજ્ઞાન છે. ચોમાસાની ઋતુમા જેમ વાદળોથી સૂર્ય ઢંકાઇ જતો હોવાથી તેનો પ્રકાશ પૃથ્વી પર પડતો નથી, તેવી રીતે પશુ ગતિમાં, મૂર્ખ મનુષ્યભવમાં અથવા અનાર્ય માનવ જન્મમાં હિંસા વિગેરે ઘણા પાપો કરીને દુર્ગતિમા જવાય છે. તેમાં પણ અજ્ઞાનતાજ મૂખ્ય કારણભૂત છે. જો અજ્ઞાન ન હોય અથવા સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થયું હોય, તો ભયંકર દુઃખોવાળા ભાવિનું સર્જન થાય નહિ. (૨)

દુનિયામા દરેક વસ્તુનો કોઇ ને કોઇ સ્વભાવ હોય છે. દાખલા તરીકે લીંબુ ખાટું, મરચું તીખું, અને પાણી ઠંડું હોય છે, તેમ આ જ્ઞાનાવરણીય કર્મનો સ્વભાવ આંખ ઉપર પાટા બાંધીએ તો દેખાય નહી તેવો છે. જ્ઞાન એ આત્માનો ગુણ છે, અને તે પ્રકાશમાન છે. જીવોનું જ્ઞાન એવા પ્રકારનું હોય છે, કે ઘડીમાં ભૂલી જાય અને ઘડીમાં યાદ આવે. જ્ઞાનનો ગુણ કોઇ દબાઇ જાય એટલે ભણેલું પણ ભૂલી જાય અને કોઇ ગુણ સ્પષ્ટ ખુલ્લો રહે ત્યારે યાદ આવે, તેને ક્ષાયોપશમિક જ્ઞાન કહેવાય છે. કર્મોમાં થોડો ક્ષય અને થોડો ઉપશમ ભેગું થાય. તેથી જ્ઞાનનો ક્ષયોપશમ થયો

પર ભગવંતે વિજય મેળવ્યો, એવું આપણે કેમ કહેતા નથી! એ બધું એજ દેખાડે છે, કે જ્ઞાનાવરણીયનો વિજય થયો. આ બધી વસ્તુ જ્ઞાનનું જ મહત્ત્વ બતાવનાર છે. તે પદ્ધતિ અનુસાર આજે પણ લોકમાં ભણેલા બેરીસ્ટર, ડબલ બી. એ, ડૉકટર, આઇ. સી. એસ ની ડીગ્રીઓવાળાને વધારે સારા પગારો મળે છે. સુપ્રીમ કોર્ટના જજો બહુ વિદ્વાન હોય છે, તેઓનું માન આટલું થાય છે, તેમાં કેળવણીનું જ મહત્ત્વ છે. તેમ આત્માને હિતકર ને મોક્ષસાધક સમ્યગ્જ્ઞાનનું મહત્ત્વ અહીં ગણવામાં આવ્યું છે, દુનિયામા જે જે જ્ઞાનના પ્રકારો જોવામાં આવે છે, તે બધાય કેવળજ્ઞાન રૂપી સૂર્યના કિરણો જ છે માટે એવા મહાજ્ઞાનીનું આપણે શરણું લઇએ, તો આપણામાં રહેલા દોષો અને વિકારો નાશ પામે આપણા દોષોને હટાવવા અને આત્માને વિશુદ્ધ બનાવવા જ્ઞાનીઓનું આલબન આપણા શ્રેય માટે જ છે (૮)

વિવેક લોચન આવવાથી આપણે જ્ઞાનરૂપી પગથીઆ ચઢવાનું શિખીએ છીએ, એના દ્વારા ગુણઠાણાંઓનો ક્રમ આપણે પ્રાપ્ત કરીએ એમ ચોથું, છઠ્ઠું, સાતમુ યાવત્ તેરમું ગુણઠાણું મેળવતા કેવળજ્ઞાનની આત્માની સર્વશ્રેષ્ઠ કળાઓને પામીએ એવી આપણે આશા રાખીએ. એ તેરમા ગુણઠાણે પહોંચેલા કેવળજ્ઞાનીઓના આત્મિક આનંદ કદી ક્ષય ન થાય તેવા હોય છે. કદી પણ તેવી ઝળહળતી જ્ઞાન જ્યોતિર્ન ધારા અખંડ આનંદની લહેરીઓ ચાલે છે. તેથી હે ભગવાન્ આપના એ સમ્યગ્જ્ઞાનથી વિવેક ને વિવેકથી કેવળજ્ઞાન રૂપીના [illegible] સાધનોથી સાધ્યની સિદ્ધિ જરૂર થશે (૯

કાવ્યાર્થ મંત્રાર્થ પૂર્વવત્

[illegible] શ્રી [illegible] પૂજ્યાંતર્ગત શ્રી જ્ઞાનપદ પૂજા સંપૂર્ણ. ॥ ૭

અષ્ટમ પદે શ્રી ચારિત્ર પદ પૂજા

: દુહા :

ચારિત્ર પદ જે આદરું, પાળે તે ગુણવંત,
વધતે રંગે દીપતા, સંયમ શ્રેણી લહંત (૧)
અધ્ય આપગ ઇષ્ટ ઠામ લે, જ્ઞાન ક્રિયા તેમ જાણુ,
જ્ઞાનનું ફળ વ્રત કહ્યું, શ્રી જિનવચન સુજાણ. (૨)
ચારિત્ર વિણ કલ્યાણ નહી, ચારિત્ર પરમ આધાર,
તે ચારિત્ર ગુણ નિત નમું, ચારિત્ર તારણ હાર (૩)

ઢાળ (રાગ સાંભળજો મુનિ સંયમ રાગે)

ભાવ થકી મુનિ સંયમ સાધે, શ્રેષ્ઠ શાંત રસ ઝીલે રે. (આંકણી) પૂર્વ ભવોનું કર્મનું દેવું, નજરે નિરખે ભારી રે; ભવ અનંતે અવસર મળીયો, મળે નહીં ફરી વારી રે. ભાવ. (૧) અકામ નિર્જરા કરતો આવ્યો, વળી સકામતા નવિ ભાવી રે; પરવશ દુઃખો ચેતન સહતો, સ્વવશતા હવે આવી રે. ભાવ. (૨) પરમ સંવેગ વૈરાગે ભરીઓ, મોટો દરિયો તરવો રે; ધર્મ મુકાની જિનવર મળીયા, શમ તરંગ મન મંદો રે. (૩) અરિહા સંયમ લેવે તબ, મનઃપર્યવ જ્ઞાન બાળે રે; ચક્રવર્તી પણ છ ખંડ ત્યાગી, ચારિત્ર રંગે મ્હાલે રે. ભાવ (૪) અલ્પાગમ જો ઉગ્ર વિહારી, કાયક્લેશ તસ જાગે રે; ગીતારથ બહુ શ્રુતનું શરણું, ક્રિયા જ્ઞાનથી માનો રે. ભાવ. (૫) ચારિત્રધરનિત

બેસીને રસ્તો બતાવવાનું કામ કર્યું. આમ બેઉ ગામમા સુખરૂપ પહોંચી ગયા. તેમ જ્ઞાન અને ક્રિયાના ઉભય મેળાપથી મોક્ષે પહોંચી શકાય છે, (ज्ञान क्रियाभ्यां मोक्ष.) તે કારણથી એમ કહેવાય છે, કે જેને જ્ઞાન પ્રાપ્ત થાય, તેને પરિણામે વ્રતો ગ્રહણ કરવાનું મન પણ થાય છે. એવું જિનેશ્વર ભગવંતોનું વચન છે. એટલે કે સાચું જ્ઞાન ક્રિયાની પ્રેરણા આપે છે. જેમ મહિનો નોકરી કર્યાનું ફળ પાંચમી તારીખનો મળેલો અઢીસોનો પગાર છે, તથા ખોરાક ખાધાનું ફળ દેહ સ્વાસ્થ્ય છે, તેમ જ્ઞાનપાચનનું ફળ વ્રત ગ્રહણ છે. જો ભણ્યા બાદ કે વિદ્યાપ્રાપ્તિ બાદ અથવા વિદ્વાન થયા બાદ જો એને વ્રત ગ્રહણ કરવાનું મન ન થાય, તો સમજવું કે એને એનું જ્ઞાન ફળ્યું નહીં. જો એ કેળવણીમાં કાંઇ પણ આધ્યાત્મિક તત્ત્વ ન હોય તો સંયમ, સામાયિક કે બીજા વ્રતો પ્રત્યે આદરભાવ ન જ થાય એ સ્વાભાવિક છે ચારિત્ર એ મુક્તિ સાધક ક્રિયા છે. કેટલીક પેટ ભરવા માટેની સ્વાર્થ પોષક વિદ્યાઓ હોય છે, તે વસ્તુતઃ મોક્ષ માટેની હોતી જ નથી, એટલે તે વિદ્યાઓ મુક્તિ સહાયક બને નહીં, એ પણ સ્પષ્ટ છે હવે કોઈકને વ્રત લેવાની ભાવના ઘણીએ હોય છે, છતાં પૂર્વ બાંધેલાં અંતરાય કર્મના યોગે તે વ્રત લઇ શકતા નથી તેમ છતા તેઓનું મન એમ રોજ ઝુરતી રહ્યું હોય છે, કે "મારામા એ વ્રતો પાળવાની શક્તિ ક્યારે આવે ને હું એ વ્રતોને ક્યારે ગ્રહણ કરું!" (૭)

જે આત્માઓ મોક્ષે જાય છે, તેઓ ચારિત્ર લીધા વિના જઈ શકતા નથી સામાન્ય માણસો માટે પણ દુનિયામાં એવો (નિયમ) નિયમ છે, કે [illegible] તપના માગતાં ન આવડે

તો, કે ગણિત કે વ્યાજાદિના હિસાબો ન આવડે તો, ભણ્યા શા કામના? તેમ ચારિત્ર લીધા વિના કે વ્રતો લીધા વગર એટલે કે મેળવેલા જ્ઞાનના ફલને, આચરણમાં કે અમલમાં મૂક્યા વગર કલ્યાણ થઇ શકતું નથી. તેથી ચારિત્ર તો આપણે માટે મહાન આધાર સમાન છે. જેમ પૃથ્વી આપણને ઉભા રહેવા માટેનો આધાર છે, અથવા જેમ બે મહિનાના નાના બાળકને તેની માતા એક આધાર રૂપ છે, તેમ જ્ઞાન પામેલાને આ ચારિત્ર ગુણ મુખ્ય આધાર રૂપ છે. મુક્તિએ પહોંચાડનાર આ ચારિત્રને એક ઉત્તમ ગુણ તરીકે આપણે નિત્ય નમસ્કાર કરીએ છીએ. (૩)

(ઢાળ) મુનિરાજો ચારિત્ર ગ્રહણ કરે છે અને તેમાં જે ઘણા કષ્ટો સહન કરે છે, તેમાં મુખ્ય કારણ એ છે, કે તેઓ સમજે છે, કે મેં અનંતા ભવોમાં જે પાપકર્મો કરીને ઘોર કર્મો બાંધ્યા છે, તેનો નાશ આ સમયે જ થઇ શકશે આજે સમય ઘણો સારો ને અનુકૂળ છે. આવું સમજ પૂર્વકનું ચારિત્ર પાલન થતું હોવાથી, તે ભાવસંયમ કહેવાય છે. ભાવ એટલે ભાવનાપૂર્વકનું વર્તન અથવા સમજણપૂર્વકની આત્મકલ્યાણની ક્રિયા. કોઇ જબરજસ્તીથી ભાવના વગર અને વેઠ રૂપે ક્રિયા કરે તેવી તે નહી હોવી જોઇએ. એને તો દ્રવ્ય ક્રિયા કહેવાય છે પાંચ ઇંદ્રિયોને કાબૂમાં રાખીને મહાવ્રતોને પાળવા એનું નામ સંયમ. દેખીતી રીતે એમ દુનિયામાં માન્યતા હોય છે, કે જાણે લોકોને કોઇ દુઃખ સહન કરવા જતું નથી. એટલે ઘરબાર અને કંચન કામિનીનો ત્યાગ કરીને જો કોઇ મહાન લાભ થતો ન હોય તો ચારિત્ર લેવા શાને આદમી તો તૈયાર થાય જ નહી ઉદ્દેશના લાભ વિના સંયમ પાલનનો કંઇ

કર્મ ખપાવ્યા, તે અકામ નિર્જરા થઇ. એ નિર્જરાથી ખૂશી થવાનું નથી. એમ દુ:ખી થઇને જીવવું એના કરતાં હસતાં મુખે તપસ્યા કરીને સકામ નિર્જરા દ્વારા કર્મ ખપાવવામાં ડહાપણ છે. ધર્મ નિમિત્તે, કે આત્મ કલ્યાણ માટે અથવા મોક્ષ માટે સમજીને માત્ર કર્મક્ષય માટે જે સહન કરાય તે સકામ નિર્જરા કહેવાય છે. એજ હેતુથી મહાપુરુષો સમતાપૂર્વક આવેલાં ઉપસર્ગોને સહે છે, ને તે વખતે ઉત્તર આપતા નથી. મૌન રહીને પોતાના ક્રોધાગ્નિને દબાવવામાં પોતાની મહાનતા રહેલી છે. પર દમનનો માર્ગ છોડીને હવે આત્મ દમનનો માર્ગ પોતે સ્વીકાર્યો છે, તે ઉત્તમ છે. બીજા આત્માઓને દબાવીને ચતુર્ગતિ સંસાર વધતો જાય છે. અને હવે એ ઉન્માર્ગનો ત્યાગ કરીને 'દમવો તો પોતાના આત્માને જ દમવો' એ નીતિથી નદીના સામા પૂરે જવાનું કામ કરવા જેટલી તાકાત મારે હવે સંપાદન કરવી જોઇશે. (૨)

પુદ્ગલિક વસ્તુઓ પ્રત્યેના મમત્વભાવથી દૂર રહીને, ભગવાનના કહ્યા પ્રમાણે સંસારના સાચા સ્વરુપને ઓળખીને, પોતે વૈરાગ્ય ભાવમાં જાગૃત રહે છે. કારણ કે તેને પ્રત્યેક પળે યાદ આવે છે, કે હજી ઘણાં કર્મોનું દેવું બાકી છે અંતર શત્રુઓને જો હું જીતીશ નહીં, તો સંસાર સમુદ્ર ઓળંગીને મોક્ષે પહોંચવાનું કદી બની શકશે નહીં. તે કારણથી જિનેશ્વર ભગવાન જેવા ગુરૂની અથવા કેપ્ટન જે મળ્યા છે તેમના પરમતારક શાસનમાં રહીને શુદ્ધ ભાવે ચારિત્ર આરાધન કેમ ન કરવું? એઓની આજ્ઞાનું પાલન કરીને સમતાના સાગરમાં મગ્ન બનીને મસ્ત બનવું એજ મારે માટે [illegible] છે અપાર સંસાર ઉપરથી વૈરાગ્ય કેળવી, એ આગ

સંસાર સાગરને તરવા માટે પોતાના વૈરાગ્ય રસના છલોછલ ભરેલા હૃદય સાગરમા વીતરાગ ભગવાન રૂપ સુકાનીને આપણી નાવનું સુકાન સોંપી દેવું જોઇએ, અને સમભાવ, ઉપશમ અથવા પ્રશાતતાની લહરીઓનો આનંદ માણવો જોઇએ, એજ સ્વવશતાથી સહવાનું મુખ્ય લક્ષણ છે. (૩)

તીર્થંકર ભગવાન જેવા માટે પણ એવો નિયમ છે, કે જ્યારે ભગવાનની દીક્ષા થાય છે, ત્યારે જ ચોથું મન:પર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. એ એમ બતાવે છે, કે ચારિત્ર લીધા વિના, તીર્થંકર ભગવાન જેવાને પણ, પરમ વૈરાગી હોવા છતાં, ગૃહસ્થાવાસમાં ચોથું જ્ઞાન પ્રગટ થતું નથી. વળી ચક્રવર્તીઓ પણ પોતાના છએ ખંડના વિશાળતમ રાજ્યનો ત્યાગ કરીને સંયમ સ્વીકારે છે, ત્યારે જ મુક્તિ મેળવી શકે છે. તે એમ બતાવે છે, કે રાજ્યનો મોહ ઓછો કરી ને તેનો ત્યાગ કરી ને ચક્રીને પણ સંયમ લેવું પડે છે. જો ચક્રવર્તી ચારિત્ર લે નહી. તો નારકીમાં જ જાય એટલે રાજ્યનો ભાર સંપૂર્ણ રીતે ઉતરી જાય તો ભાવપૂર્વક ઉંચા ચારિત્રનું પાલન કરી શકે. ૧૬-૧૭ ને ૧૮ માં એ ત્રણેય અરિહંતો ને ચક્રવર્તી થયા બાદ તીર્થંકરની ઋદ્ધિ પ્રાપ્ત થઇ હતી. સાર એજ છે, કે ચક્રવર્તી જેવા પણ સંસારને લાત મારી આ સંયમનો સ્વીકાર કરે છે, એવું ઉત્તમોત્તમ આ ચારિત્ર છે. (૪)

જ્ઞાન કેટલું કામ કરે છે, અને ચારિત્ર કેટલું કામ કરે છે, તે આ ગાથામા બતાવવામા આવ્યું છે. કોઇ મુનિરાજ ઓછું ભણ્યા હોય. સંયમ કેવી રીતે પાળવું તેનું કાઇ પણ જ્ઞાન તેમનામા ન હોય, અને જો તે ઘણા લાંબા વિહાર પણ કરે, તો તેની બધી મહેનત નકામી જાય છે. એટલે તેને

અલ્પાગમ કહેવાય છે. તેની આરાધના સફળ થતી નથી. તે હિસાબે એમ કહેવાય છે, કે સારા પ્રકારનું જ્ઞાન મેળવ્યા પછી જ્યાં સુધી બહુશ્રુતપણું મેળવે નહી, ત્યાં સુધી કોઈ બીજા વડિલ બહુશ્રુતજ્ઞાનીની નિશ્રામાં રહીને ચારિત્રનું પાલન કરવું જોઈએ. નહીં તો તે એકલા વિચરી શકે પણ નહીં. તેથી એમ પણ સિદ્ધ થાય છે, કે જ્ઞાનપૂર્વક ક્રિયા ન હોય તો એના લાંબા વિહારો પણ શા કામના ? સંયમીઓના પણ બે પ્રકાર હોય છે. (૧) ગીતાર્થ, કે જેઓ જિન કથિત આગમોના જ્ઞાનના અને તેના રહસ્યોના જાણ હોય છે. તેઓ સ્વયંજ્ઞાની છે. તેઓ સ્યાદ્વાદ સિદ્ધાંતોથી પરિચિત છે. (૨) ગીતાર્થની નિશ્રામાં રહેનારો વર્ગ—કે જેઓ સ્વયં જ્ઞાન બળથી વીતરાગ માર્ગની આચરણા આચરી શકતા નથી, પણ જ્ઞાનીની નિશ્રામાં રહી આત્મકલ્યાણ કરતા હોય છે. જેમ કોલેજમાં પ્રોફેસરો સ્વયં ડિગ્રીધર છે. અને વિદ્યાર્થી વર્ગ તેમના માર્ગદર્શન નીચે ચાલનારો હોય, એ વર્ગ મોટો હોય છે.

હવે એ નિશ્રિત વર્ગમાંથી ૫–૧૦ કે ૨૦ નો સમુદાય બનીને, માથે ગીતાર્થને વડિલ રાખ્યા વિના જો લાંબા વિહાર પણ કરે ને કષ્ટો ઘણાં સહે ને પોતે ત્યાગી કહેવડાવે, પણ એનું ચારિત્ર માત્ર કાય કલેશ જ ગણાય. આથી પણ સિદ્ધ થાય છે, કે જૈન શાસનમાં ગીતાર્થોનું માર્ગદર્શન ખાસ જ માટે ખાસ જરૂરી બની જાય છે. આખો વર્તમાન યુગનો સમાજ ના પૂંઠે ચાલવામાં જ મોટે ભાગે માનનારો છે તેથી ઉત્સર્ગ અને અપવાદ, તેમજ નિશ્ચય અને વ્યવહાર માર્ગના પૂર્ણ જાણ એવા ગીતાર્થનું નેતૃત્વ શાસન [illegible] માને એમાં સંશય ને સ્થાનજ નથી. એ

બહુ લાંબા વિહાર કરનારા તથા પોતાને ત્યાગી હોવાનો ડોળ ગણનારા આગમ માર્ગના જેઓ જાણકાર હોતા નથી. તેવાઓને સમાજે અપનાવવા જોઇએ નહીં. કારણ કે આગમ કથનને અનુરૂપ પોતાનો આચાર તેઓ કેળવી શકતા નથી. પોતાની મતિથી તે ચાલના હોવાથી ગમે ત્યારે તે એકાંતવાદી બની જવાનો પૂરો સંભવ રહે છે. જેઓ ગીતાર્થ છે તેઓનો પોતાની દરેક વાતમાં આગમને આગળ રાખી આગમ દૃષ્ટિથી દેખી દેખીને ચાલનારા હોય છે, તેઓ વિશુદ્ધ એવા અનેકાનવાદના પવિત્ર માર્ગથી ચલિત થતા નથી. એવા દીર્ઘપર્યાયી પુણ્ય પુરુષને બહુશ્રુત કહેવાય છે. જે કેવળી નહીં છતાં કેવળીના જેવી જ પ્રરુપણા કરનારને શ્રુતકેવળી કહેવાય છે. તેમ શ્રુતજ્ઞાનના વિવેક ચક્ષુથી દેખી દેખીને, રાત્રે ચાલતા ટ્રેઇનર મેલની સર્ચ લાઇટની જેમ, ચાલનારા દીર્ઘપર્યાયી મહાજ્ઞાનીને બહુશ્રુત કહેવાય છે. તેમનામાં જ્ઞાન અને ક્રિયાનો સમાનતાપૂર્વક સમન્વય હોય છે અલ્પાગમવાળો

ક્રિયા

જે (અવિહારી હોય તેમા ૭—— હોય છે ત્યારે બહુશ્રુત

જ્ઞાન

નિશ્ચિતમા ક્રિયા હોય છે. તેથી તેની ક્રિયા સફળ + જ્ઞાનનિર્ણય થાય છે, ને ખોટી મહેનતે બહુફળ પામે છે (૫)

ચારિત્ર પ્રાપ્ત કરનારની ઇચ્છા હંમેશાં એવી જ હોય છે, કે રોજને રોજ નવું જ્ઞાન મેળવીને હું મારું સંયમ વધારે ને વધારે શુદ્ધ કરતો રહું. તે કારણે નિત્ય નવો અભ્યાસ કરવાનો પ્રેમ તેને તો અખંડ ચાલુ હોય છે

૨૨ પરીષહોમાંથી કોઇ કોઇ પરીષહ જેમ જેમ સહન કરવામાં આવે, તેમ તેમ તેના નિબિડ–ગાઢ કર્મોનો નાશ થતો જાય છે. જેમ જેમ સહનશીલતા વધતી જાય છે, તેમ તેમ ધૈર્ય પણ વધતું જાય છે. નિર્દોષ અને શુદ્ધ આહાર પાણીથી પોતાના સંયમનો પણ વિશુદ્ધ રીતે તેઓ નિર્વાહ કરે છે. એટલે શરીર પરનો મમત્વભાવ ઓછો કરીને ઇંદ્રિયોનું દમન કરવા દ્વારા પોતાના ચારિત્રને તેઓ સુરક્ષિત રાખે છે. તેમ કરવાથી જ્ઞાન અને ચારિત્ર એ બેઉની સાથે સાથે તપ અને આત્મદમન પણ સહવર્તી ગુણ રૂપે રહે છે. એક તરફ પરીષહો સહન કરવાને ચારિત્રવાન આત્મા પૂર્ણ તૈયાર હોય છે. જેમ કર્મ ખપતા જાય, તેમ આત્મા કર્મથી હલકો થતો જાય છે. તેને આધ્યાત્મિક આનંદ પણ મળતો જાય છે. જેમ શુદ્ધ આહારથી સંયમ દેહને તે પોષે છે, તેમ નિજગુણનો ભોક્તા એ આત્મા સાચા ને સ્વાભાવિક આનંદ રસને પામે છે. વળી દર્શન જ્ઞાનની સાથેનો ચારિત્રનો સંબંધ તો આપણે અગાઉ જાણી ગયા. તેવી રીતે એ ચારિત્રને તપ સાથેય ઘનિષ્ઠ સંબંધ છે. એ ચારેયનો સુમેળ ઉત્તમ ચારિત્રધરની પાસે સાંપડે છે. તેથી એમ કહેવતમાં કહેવાય છે, કે સોનું ને સુગંધ બે મળ્યા, અથવા 'દૂધમાં સાકર ભળી.' જ્ઞાન-દર્શનવાળો પણ ચારિત્ર ને પાળનાર આત્મા પોતાના આરાધનમાં તપને જો સાથે ન રાખે તો પીંછા વિનાના મોર જેવું લાગે. એટલે જેમ વાસણ પર ઓપ ચઢાવાય, ને તેથી એ ચળકે, તેમ ચારિત્ર સાથે તપ ગુણ હોય, તો ચારિત્ર વધારે ઝળકે. તપ સાથે હોય તો એ સંયમીને ઘણી સિદ્ધિઓ પણ પ્રાપ્ત થાય. એ હેતુથી એમ કહી શકીએ, કે સંયમી પુરુ

તપનો ત્યાગ ન જ કરવો જોઇએ. જ્યારે તપ વિનાના સાધુને જોઇએ ત્યારે એમ લાગે, કે એનામાં કાંઇક ખામી કે ત્રુટી છે, ભલે તે દર્શન જ્ઞાનવાળા પણ હોય. છતાં તપને જો તે ન ભૂલે, તો એ ત્રુટી પૂરી થઇ એમ કહેવાય. (૮)

આ સર્વોત્તમ ચારિત્ર ગુણની પવિત્રતાથી વીર પ્રભુના પ્રથમ ગણધર શ્રી ગૌતમ સ્વામીજી અનંત લબ્ધિના નિધાન બન્યા. સકલ ગુણના ધામ બન્યા. કારણ કે તેઓમાં વીતરાગ ભગવાનના વચન પર પૂર્ણ શ્રદ્ધા હતી, ચાર જ્ઞાનના ધણી હતા, વિનયપૂર્ણ ઉચ્ચકક્ષાનું ચારિત્ર હતું, ને છઠ્ઠને પારણે છઠ્ઠનું તપ હતું. એ ચારેયનો સમન્વય એઓશ્રીમાં થયો હતો તેથી એ આદર્શને સામે રાખીને જિતેન્દ્ર વિજયજી મહારાજ કહે છે, કે શ્રી સિદ્ધચક્રજીના પ્રભાવથી અમારું ચારિત્ર નિર્મળ બનજો. કે જેથી દુનિયામાં અજોડ રહેલું એ ચારિત્ર અણનમ ને અનુપમ જ રહે, ને ચારિત્રનો સર્વત્ર જયજયકાર જ થાય. એ પ્રમાણે જ્ઞાનની પૂજામાં જેમ જ્ઞાનનું મહત્ત્વ બતાવ્યું હતું, તેમ આ પૂજામાં ક્રિયાનું મહત્ત્વ જોવામાં આવે છે દુનિયામાં સમકિત વિનાની અને જ્ઞાન વિનાની પણ ક્રિયાઓ જોવામાં આવે છે. પણ મુક્તિની સિદ્ધિ માટે તો દર્શન જ્ઞાન ને ચારિત્રના આવા ત્રિવેણી સંગમની આવશ્યકતા ખાસ માનવામાં આવી છે (૯)

કાવ્યાર્થ મંત્રાર્થ પૂર્વવત્

॥ઇતિ શ્રી નવપદ પૂજામાં અષ્ટમ પદ શ્રી ચારિત્ર પદ પૂજા સંપૂર્ણ ॥૮॥



ઋષભદેવ ભગવંતનું અને શ્રી મહાવીર ભગવાનનું તીર્થંકર નામકર્મ સમાન હતું, કેવળજ્ઞાનમાં સામ્યતા હતી, અનંત આત્મબળમાં ઓછાવત્તી ન હતી, અને શરીર પ્રમાણુના વજ્ર ઋષભ નારાચ સંઘયણુ પણુ મુક્તિ અપાવવાને સમર્થ હોવા છતાં ફેરફારના જ માત્ર કારણે તપસ્યાની ક્ષમતા વધારે ઓછી બની જવા પામી. એટલે પહેલા ભગવાનના શાસનમાં જીવો એક વર્ષથી વધારે તપ કરી શકતા નહીં, અને એક વર્ષ સુધીજ તપ કરવાની પ્રભુની આજ્ઞા પણુ હતી. તેવીજ રીતે ૫૦૦ ધનુષ્યની કાયાવાળા ૨૦ વિહરમાન ભગવંતો આજે મહા વિદેહ ક્ષેત્રોમાં છે. તેઓની પણુ આજ્ઞા એક વર્ષ સુધીના તપ નીજ હોય છે. વધારે નહીં. વળી જેમ અત્યારે મહાવી પ્રભુના શાસનમાં તપ કરવાની આજ્ઞા છ મહિના સુધીજ કે વાની છે, તેમ આવતી ઉત્સર્પિણીમાં જ્યારે શ્રી પદ્મના (શ્રેણિક રાજાનો જીવ) ત્રીજા આરામાં થશે, ત્યારે ૭ હાથ શરીર અને ૬ મહીનાની તપની આજ્ઞા પ્રવર્તશે. ઉત્સર્પિણી ત્રીજા આરામાં ચોવીશે ભગવંતો થાય છે. (૧)

આ તપના બે પ્રકાર છે (૧) બાહ્ય તપ અને (અભ્યંતર તપ. એ બન્ને તપના છ-છ ભેદ છે. આ બાર રના તપ કરવાથી પુરાણા કર્મોનો નાશ થાય છે. બાર ત નામો આ પ્રમાણે છે. બાહ્ય તપના-(૧) અણુસણ (૨) ઉણો (૩) વૃત્તિસંક્ષેપ (૪) રસત્યાગ (૫) કાયક્લેશ અને (સંલીનતા અભ્યંતર તપના-(૧) પ્રાયશ્ચિત (૨) વિનય વૈયાવચ્ચ (૪) સ્વાધ્યાય (૫) ધ્યાન (૬) કાઉસ્સગ્ગ. આ [illegible] તપ [illegible] રૂપ ગણાય છે. આપણે [illegible] તપ સમજીએ છીએ. કારણ, કે

ભૂખ્યા રહેવાનું તપ છે, તેજ દેખાય છે. બાકીના બીજા તપના ૧૧ પ્રકારો પણ સમજવા જેવાં છે. જેવા કે થોડું ઓછું ખાવું એટલે આકંઠ નહીં ખાવું, ઘરમાં ઘી-દૂધ-દહીં હોય, છતાં વિગય ત્યાગ કરવી, ઉભાઉભા કાઉસ્સગ્ગ પ્રતિક્રમણ કરવા, લાગેલા દોષોથી શુદ્ધ થવા પ્રાયશ્ચિત્ત લેવા, દેવ, ગુરુ, ધર્મના વિનય બહુમાન કરવા, ગ્લાન-તપસ્વીઓની સેવા કરવી, ભણે-લાનું પુનરાવલોકન કે નવું જ્ઞાનાધ્યયન કરવું, આત્મધ્યાન અને કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિરતા કેળવવી વિગેરે વિગેરે પણ તપના જ પ્રકારો છે. અનેક રીતની કર્મ નિર્જરાઓના આ વિધાનો જે ભગવાને કહ્યાં છે, તેમાના કોઇ મોહનીય કર્મના નાશ માટે થાય છે, તો કોઇ જ્ઞાનાવરણીય, તો કોઇ અંતરાયના, તો કોઇ વેદનીયના ક્ષય કરવા માટે કામ આવે છે. એમાનું કોઇ પણ તપ આપણા ભાવિના સુધારા માટે જ બને છે તેથી તપને મંગલમય કહ્યું છે. દુનિયામા પણ કોઇ કામની શરૂઆતમાં આયંબિલ તપ કરે છે, એથી કોઇ વિઘ્ન આવતા નથી, અને આવે તો દૂર થઇ જાય છે. (૨)

તેમ અણાહાર તપના અનેક પ્રકારો છે. જેમાં વર્ધમાન તપ, [illegible] તપ, નવપદ આરાધન તપ વિગેરે. તેમાં [illegible] ઓળીઓનું તપારાધન ઘણું મહત્ત્વનું છે, કારણ કે [illegible] પરોઢનું તે વખતે આરાધન [illegible] વર્ધમાન તપમાં [illegible] ૧૦-૨૦ [illegible] પરોક્ષનું [illegible] આ તપમાં [illegible] આયંબિલનું [illegible]

હતો. શુધ્ધ થયા બાદ સો ટચનું બનીને એ સુવર્ણ જેમ બજારમાં મળી શકે છે, તેમ આત્માને શુધ્ધ બનાવવા અને સિદ્ધસ્વરૂપીની સમાનતા મેળવવા જો પ્રયત્ન કરવાનું નક્કી કરવામાં આવે, તો મન, વચન ને કાયાના સંશોધનમાં લાગી જવું જોઇએ, એ જૈન દર્શનનું મૂળ તત્ત્વ છે. કોઇ પૂછે કે જીવ કયારનો ઉત્પન્ન થયો? તેનો જવાબ આજ છે, કે ભગવાન કોઇને ઉત્પન્ન કરતા ન હોવાથી જીવ તો અનાદિનો છે જ. સુવર્ણ પણ જમીનમાં થયું, તેને કોણ બનાવવા ગયું? તેમ નિગોદમાં જીવને કોઇ બનાવવા ગયું નથી. એ સ્વયં જીવ જીવરૂપે જ હતો. જરૂર કહેવું પડશે, કે એના આત્મસ્વરૂપ ઉપર કર્મના જાળાં લાગેલ હતાં ને છે, તેને શુદ્ધ કરવા માટે જ આટલું સ્વરૂપ જાણ્યા બાદ આત્માએ તપ કરવા પ્રેરાવું જોઇએ. (૩)

જીવમાત્ર ચારે ગતિમાં ભમે છે. ત્યાં અનેક પ્રકારના દુઃખો સહન કરે છે. તે દુઃખોને અહીં ભઠ્ઠીની ઉપમા આપવામાં આવી છે ભઠ્ઠી પાસે બેસનારને અગ્નિનો તાપ લાગવાથી જેમ ત્રાસ પડે છે, તેમ આપણને તાવ આવે, કોઈ નુકશાન થયું, અથવા તેવી કોઇ પીડા થાય, તેથી તેને કર્મની ભઠ્ઠી કહી શકાય છે. આયુષ્ય પૂર્ણ થાય છે ત્યારે જીવનું મરણ નિપજે છે તે પણ કર્મની પીડા છે. બીજા જન્મોમાં જ્યાં જ્યાં જન્મે છે, ત્યાં ત્યાં જીવને દુઃખો જ પડે છે, તે પણ કર્મની ભઠ્ઠીનો એક પ્રકાર છે. એ પ્રકારે સત્તામાં રહેલાં કર્મોના ઉદય. સંચયથી ચારે ગતિમા આત્મા જ્યારે ભટકે છે, ત્યાં અનેકવિધ પડનારા એ દુઃખોને જો આ ભવમા જ તપ દ્વારા નષ્ટ કરી દેવા હોય, તો તપસ્યા કરવીજ જોઇએ. જે આત્મ

આ તપ કરતા નથી, તેઓને ચાર ગતિના વિશાળતમ રંગ-મંડપ જેવા લોકમાં અનેક પ્રકારના જુદા જુદા વેષો સજીવીને નાટકીઆની જેમ ફરવું પડે છે. આ પરિભ્રમણ કરવાનું અથવા આવા દુઃખો ભોગવવાનું, મુક્ત થએલા આત્માઓને ચિદાનંદ સ્વરૂપી સિદ્ધ અવસ્થામાં સંભવતું નથી. કારણ કે ત્યાં કર્મરૂપી બીજનો સર્વથા નાશ થએલો હોય છે. બીજ વિના વૃક્ષ ક્યાંથી હોઇ શકે? તેમ કર્મ બીજ ન હોય તો ચતુર્ગતિનું ભ્રમણ પણ ક્યાંથી સંભવે?

આ ગાથામાં વિશેષમાં એ સિદ્ધાંત બતાવવામાં આવ્યો છે, કે કોઈ પણ ગતિમાં આત્માને દુઃખ આપનાર કર્મો જ છે. આત્માનું પોતાનું કાંઇ ચાલતું નથી. જો કે એ વિશેષતમ સત્ય છે, કે તે કર્મો પોતાના જ બાંધેલા છે. આત્મા અત્યારે કર્મોથી પરાધીન છે. એટલે જ એને સ્વતંત્ર બનાવવાનો વિચાર કર્યો જરૂરી છે. આત્મા દુઃખી થાય છે. એટલે કોઇની પણ પાસે જઇને પોતાની ફરીઆદ નોંધાવવા તે તૈયાર હોય છે. દુઃખ કોઇને ગમતું નથી. એ દુઃખોથી જો મુક્ત થવું હોય, તો કર્મોથી મુક્ત થવું જોઇએ. જેમ કહેવાય છે, કે ધનવાન થવું હોય તો પ્રાપ્ય હોવું જોઇએ. ચાર ગતિઓનાં દુઃખોને ઉભા કરનાર એ કર્મો જ છે. કર્મ બીજ નષ્ટ થયા હોવાથી સિદ્ધાત્માઓ એ દુઃખનાં કષ્ટો ભોગવવા રહ્ય નથી માટે ત્યાંના આત્મા સુખી છે. જૈન શાસ્ત્રકારો દુઃખી આત્માઓને ભરવાનો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ૪

શકતા નથી. એ તો શું ? પણ સંવત્સરીનું પ્રતિક્રમણ જેવુંયે તેમનાથી થતું નથી, આવડતું હોતું નથી, તથા કરવા તૈયાર પણ થતા નથી. એ તો આહાર ચટાકાથી પણ વિશેષ બદતર વસ્તુ છે. એવાઓને અહીં ટકોર કરવામાં આવેલ છે, કે "સમજો કે જેમનાથી આ રીતે આ અણુસણ તપનો લાભ જિંદગી સુધી લઇ શકાતો નથી, તેઓએ બીજા બાકીના બીજા ૧૧ પ્રકારના તપોનો લાભ તો જરૂર લેવો જોઇએ. એ ૧૧ તપના આશ્રય શોધ્યા વિનાનો માનવ જન્મ હારી તો ન જ જવો જોઇએ. (૭)

અનંતો કાલ થયો આ ચેતન જન્મ મરણથી માંડી સંસારના અનેકવિધ બીજાં પણ દુઃખો પામી રહ્યો છે, અને ચારે ગતિઓમાં રખડી રહ્યો છે, તે એમ બતાવે છે, કે તેને મુક્તિએ પહોંચાડવા માટે કોઇ પુષ્ટ સાધન અત્યાર સુધીમાં મળ્યું નથી. એટલે એનો અર્થ એ થયો, કે કોઇ તારનાર મળ્યા પણ હોય, છતાં બીજા કોઇ પણ કારણે પોતાના દોષના નિમિત્તે તરી શકયો નથી, એ દીવા જેવું સ્પષ્ટ છે. વળી ઇશ્વર જેવું કોઇ તત્ત્વ હોય તો તેને તારે કેમ નહીં ? એના ઉપરથી એ પણ સિદ્ધ થાય છે, કે અનાદિ નિગોદનો કર્મ વાળો આત્મા "ધન ધનને લાવે" તેમ બીજા અનંતા કર્મોને પણ ભેગાં કરે છે તે પ્રમાણે અકામ નિર્જરા દ્વારા જુનાં થોડાં કર્મોને જેમ જેમ ખપાવતો જાય, તેમ તેમ નવાં કર્મોને પણ બાંધતો જાય, એમ તેનું દેવું વધતું પણ જાય છે તે કારણથી દેવાદાર બનેલો આ આત્મા ઘણાં ઘણાં દુઃખો અકામ નિર્જરાથી સહન કરતો આવ્યો, પણ અનંતા કાળે તે દેવું સમાપ્ત ન થઇ શકે, તેથી કોઇ પરિસ્થિતિમાં અને સંગાથ

હાલતમાં મૂકાઇ ગયો છે. અત્યારે જેમ કોઇ વેપારી વેપાર કે સટ્ટો કરે, ને ખોટ આવે તો દેવાળું કાઢે છે, અને પછી તે કોઇને પણ પૈસા ચુકવતો નથી, તેવું આ આત્મા માટે થઇ શકતું નથી કોઇપણ ભવે કે કોઇપણ કાળે, તે પાઇ પાઇનું દેવું ભરપાઇ કરી આપવું જ પડે છે. કર્મસત્તા તીર્થંકરના આત્માને પણ છોડતી નથી કર્મને લાજ કે શરમ જેવું કાંઇ હેજ નહીં. તપમાં એ ફાયદો છે, કે થોડા વખતમાં અનંતાકાળના બાંધેલા કર્મોને એકી સાથે બાળીને તે ભસ્મ કરી શકે છે. તપ જેવું બીજું કોઇ અમોઘ સાધન નિકાચિત કર્મક્ષય માટે નથી. તેથી તપને અગ્નિની ઉપમા અપાય છે. તે અગ્નિ રૂપજ બની જાય છે, ને કર્મોને બાળે છે થોડા વખતમાં અનંતા કર્મોનો નાશ કરવાથી આત્માને લઘુકર્મી અથવા લઘુ કર્મી બનવાનો લાભ મળે છે. તેથી તે ક્ષાયિક સુખને પ્રાપ્ત કરે છે. તે તપ વખતે જેટલી તેનામાં સમતા અને ક્ષમા હોય, તેટલો જ લાભ વધારે તેને મળે છે.

દુષ્ટ કર્મો કયા આત્માઓએ નથી કર્યાં? ઘોરમાં ઘોર કર્મો કે નિકાચિત કર્મોના નામે ઓળખાય છે. તેવા દૃઢ. નીકાચિત અમાનવીય કર્મો અનંતા જન્મોમાના કેટલા ને કેટલાએ આપણા આત્માએ કેમ નહીં કર્યાં હોય? [illegible]

હોય તેથી શું? એવાં ઘોર પાપ કર્મોથી છૂટકારો જો પામવો હોય, તો તપનું આલંબન કદી છોડવું જોઇએ નહીં. કયા ભવમાં ઘોર પાપ કર્મો કર્યાં હશે, તે આપણે જાણતા નથી, માટેજ જૂદાં જૂદાં તપો કર્યાં જ કરવાં જોઇએ. આ ભવ જેવો અવસર ફરી ક્યારે મળશે? દેવ ને નારકી ગતિમાં તપ થાય જ નહીં. તથા જે માનવભવ પામીને પણ તપ કરતા નથી, તે તિર્યંચ પંચેંદ્રિયના ભવમાં તો ક્યારે કરવાના હતા? એથી સમજાશે, કે આ ભવ કેટલો બધો કિંમતી છે! એની પળે પળ કેટલી બધી કિંમતી છે. કોહિનૂરના હીરા કરતાંય તે અધિક કિંમત ધરાવે છે. આવી કિંમતી પળોને હારી જનારાઓ ચિંતામણી રત્નને વેચીને કાચ લેવા જેવું મૂર્ખતા ભર્યું કામ કરનારા કેમ ન કહેવાય? રસોઈ પકાવવામા અગ્નિની જરૂરત પડે છે, સોનું શુદ્ધ કરવામાં અગ્નિની જરૂરત પડે છે, તેમ આત્માને વિશુદ્ધ બનાવવા તપ અગ્નિની જરૂરીઆત પડે છે. અહિંસા–સંયમ અને તપ એમ ત્રણ પ્રકારના ધર્મમાં તપનું સ્થાન પણ ઘણુંજ મહત્ત્વનું છે આ મહત્ત્વભર્યા તપાનુષ્ઠાનને આત્મવત્ બનાવી દેનારા ભાગ્યશાળી આત્માઓ આ ભવ પરભવને સુધારનારા હોવાથી નમસ્કાર્ય બની જાય છે. (૮)

આ પૃથ્વી તલ ઉપર જો એ તપ ક્ષમા ગુણ યુક્ત થાય તો મનુષ્યના વ્યક્તિત્વને તથા તેના આદરેલા તપને દિપાવનાર બને છે એ તપના પ્રભાવથી સહનશીલતાની સાથે ધીરતા અને ગંભીરતાના ઉચ્ચગુણોને કેળવીને આ પૂજાના કર્તા પૂ. શ્રી જિનેન્દ્રવિજયજી મહારાજ મુક્તિની સાધનામાં મગ્ન બની મુક્તિના અનંતા સુખો મેળવવાની આશા રાખે છે. એનું એજ કારણ છે, કે સંસારી આત્માઓ અધીરા બની જાય છે, ને

ગંભીર હોતા નથી, તેથી છીછરાં કામો કરે છે, ને પાછળથી પસ્તાય છે. પરંતુ આ નવપદારાધનમાં તુચ્છતા કે અધીરાઈ ઘડી પણ ટકી શકે નહીં. બીજાને ક્ષમા નહીં આપનારા ક્રોધીઓ અને ઈર્ષાળુઓ આ તપારાધનનું ફળ મેળવી શકતા નથી. કારણ કે કર્મ બાંધવામાં આત્મા જેટલો શૂરો છે, તેટલો કર્મક્ષયના કામો કરવામાં પરાક્રમ-શાળી જલ્દી બનતો નથી. એવું ઘણે ઠેકાણે જોવાય છે માટે જ તપ કરવાનું મન તેમને થતું નથી. દુનિયામાં આવું તપ પોતે ન કરી શકતા હોવાથી લાખો માનવીઓ આ તપ કરનારાઓને નમી પડે છે. તેનું પણ આજ કારણ છે આ રીતે દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપની સંયુક્ત આરાધના મુક્તિની સિદ્ધિ કરી આપનાર બને છે તપસ્વીનો તપનો પ્રભાવ એટલો બધો હોય છે, કે તેની સામે કોઈ બોલી શકતું નથી એવું તપ તેજ સર્વત્ર પ્રશંસાને પાત્ર બને છે (૯)



અથ કળશ.

ગાયો ગાયો રે શ્રી સિદ્ધચક્ર ગુણ ગાયો, નવપદ મહાતમ વિશ્વે વ્યાપે, જિનશાસન સુખદાયો; દેવ ગુરુને ધર્મ આરાધી, મંગળ છાંય છવાયો રે. શ્રી૦ (૧) છ અઠ્ઠાઇનાં શાશ્વત જાણો, ભાવ આરાધન ઠાયો આસો ચૈત્રી આંબિલ કરતાં, અવિકાર ગુણને પાયે રે. શ્રી૦ (૨) તપગચ્છમાંહી થયા પ્રતાપી, વિજયા નંદસૂરિ રાયો; પાટે તસ શ્રી કમળસૂરીશ્વર, તેજ પ્રતાપ અમાયો રે. શ્રી૦ (૩) લબ્ધિસૂરીશ્વર, શ્રી પ્રતાપી, કવિકુલકિરીટ કહાયો; ઉદ્ધાર જેણે કીધે અમારો, ભવદવથી ઉગરાયો રે. શ્રી૦ (૪) વિમ વિરેદી જાસ પ્રભાવે, જ્ઞાન દીપક પ્રગટાયો; શ્રુ નિધિનો દીધો પટારો, સચન મુખ વિલસાયો રે. શ્રી (૫) ગુણ યશ જેના દિગ દિગ વ્યાપે, ધન ધન સૂરિરાયો; તાસ પંન્યાસ પ્રવિણવિજય ગણિ, મહિમ વિજય સુખદાયો રે. શ્રી૦ (૬) સુરત નિકટ રાંદે પ્રાંચું, ચોમાસું હિતદાયો; આસો માસની ઓળ પ્રસંગે, નરવર મન ઉલ્લસાયો રે. શ્રી૦ (૭) રાંદે

શ્રી ઋષભ જિનેશ્વર, મંદિર પૂજા ભણાયો; ભક્ત-વત્સલ છે જેહનું શાસન, સ્મરણ શત્રુંજય લાયો રે. શ્રી૦ (૮) સંવત બે હજાર ને એક. આશ્વિન પંચમી ઠાયો; મંગળ યોગે પૂરણ પૂજા, ઘર ઘર મંગળ પાયો રે. શ્રી૦ (૯) શ્રી સંઘના ધર્મ ઉમંગે, આચારાંગ સૂત્ર વંચાયો; સંઘ શાસન ને નવપદ સેવા, ઉલ્લાસે વિરચાયો રે. શ્રી૦ (૧૦) સંઘવી જીવનચંદ નવલ-ચંદે, ઓળી સુરત ઉજવાયો, તાસ સ્મરણ એ પૂજા બનાવી. ભક્તિથી આકર્ષાયો રે. શ્રી૦ (૧૧) દેવ દેવી જસ સેવા કરતા, સિદ્ધચક્ર ઉર આયો; કરણ કરાવણ ને અનુમોદન. નરભવ સફળ કરાયો રે. શ્રી૦ (૧૨) ગુણ ગાતાં ને વળી હરખાતાં. પાવન મન વચ કાયા: તપ કરતાં ને વળી નિર્જરતાં. જિતેન્દ્રવિજય ગુણ ગાયો રે. શ્રી સિદ્ધચક્ર ગુણ ગાયો. (૧૩)

(કળશનો અર્થ સુગમ હોવાથી અહીં લખવામાં આવેલ નથી)

: કાવ્યમ્ અર્હદ્ધર્મ૦

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ. તપપદ સંશોભિત શ્રી સિદ્ધચક્રાય જલાદિકં યજામહે સ્વાહા

॥ ઇતિ શ્રી નવપદ પૂજાયાં નવમ શ્રી તપપદ પૂજા સંપૂર્ણ. ૯ ॥

[illegible]

[illegible]

નંબર	૧–નામ	૨–જન્મ	૩–પિતા	૪–માતા	૫–આયુષ્ય	૬–દેહ પ્રમાણ	૭–લંછન
૧૨	વાસુપૂજ્ય	ચંપાપુરી	વસુપૂજ્ય	જયા	૭૨ લાખ વર્ષ.	૭૦ ધનુષ્ય	મહિષ
૧૩	વિમળનાથ	કંપીલપુર	કૃતવર્મ	શ્યામ	૬૦ લાખ વર્ષ.	૬૦ ,,	વરાહ
૧૪	અનંતનાથ	અયોધ્યા	સિંહસેન	સુયશા	૩૦ લાખ વર્ષ	૫૦ ,,	સિંચાણો
૧૫	ધર્મનાથ	રત્નપુરી	ભાનુ નૃપતિ	સુવ્રતા	૧૦ લાખ વર્ષ	૪૫ ,,	વજ્ર
૧૬	શાંતિનાથ	ગજપુર	વિશ્વસેન	અચિરા	૧ લાખ વર્ષ.	૪૦ ,,	હરણ
૧૭	કુંથુનાથ	ગજપુર	શૂર	શ્રીમતી	૯૫ હજાર વર્ષ	૩૫ ,,	છાગ
૧૮	અરનાથ	ગજપુર	સુદર્શન	મહ્હાર	૮૪ હજાર વર્ષ.	૩૦ ,,	નંદાવર્ત
૧૯	મલ્લિનાથ	મિથિલા	કુંભરાજા	પ્રભાવતિ	૫૫ હજાર વર્ષ.	૨૫ ,,	કળશ
૨૦	મુનિસુવ્રત	રાજગૃહી	સુમિત્ર	પદ્માવતી	૩૦ હજાર વર્ષ.	૨૦ ,,	કાચબો
૨૧	નમિનાથ	મિથિલા	વિજયસેન	વપ્રા	૧૦ હજાર વર્ષ	૧૫ ,,	નીલકમલ
૨૨	નેમનાથ	સૌરીપુરી	સમુદ્રવિજય	શિવાદેવી	૧ હજાર વર્ષ.	૧૦ ,,	શંખ
૨૩	પાર્શ્વનાથ	વાણારસી	અશ્વસેન	વામા	૧૦૦ વર્ષ.	૯ હાથ	સર્પ
૨૪	મહાવીર સ્વામી	ક્ષત્રિયકુંડ	સિદ્ધાર્થ	ત્રિશલા	૭૨ વર્ષ	૭ હાથ	સિંહ

[illegible]	[illegible]	૯ નિર્વાણ	૧૦ યક્ષ	૧૧ યક્ષિણી
[illegible]	૩,૦૫,૦૦૦	અષ્ટાપદ	ગોમુખ	ચક્રેશ્વરી
[illegible]	૩ ૩૦,૦૦૦	સમેતશિખર	મહાયક્ષ	અજિતબલા
[illegible]	૩,૩૬,૦૦૦	,,	ત્રિમુખ	દુરિતારી
[illegible]	૬,૩૬,૦૦૦	,,	ઈશ્વર	કાલી
[illegible]	૫ ૩૦,૦૦૦	,,	તુંબરુ	મહાકાલી
[illegible]	૬,૩૦,૦૦૦	,,	કુસુમ	અચ્યુતા
[illegible]	૪,૩૦,૦૦૦	,,	માતંગ	શાંતા
[illegible]	૩,૮૦,૦૦૦	,,	વિજય	જ્વાલા
[illegible]	૧,૭૦,૦૦૦	,,	અજિત	સુતારા
[illegible]	[illegible]	,,	બ્રહ્મ	અશોકા
[illegible]	૧,૭૩,૦૦૦	,,	મનુજેશ્વર	શ્રીવત્સા
[illegible]	[illegible]	ચંપાપુરી	કુમાર	ચંડા

[illegible]	૮ પરિવાર		૯ નિર્વાણ	૧૦ યક્ષ	૧૧ યક્ષિણી
	સાધુ	સાધ્વી			
૧૩	૬૮,૦૦૦	૧,૦૦,૮૦૦	સમેતશિખરજી	ષડ્મુખ	વિજયા
૧૪	૬૬,૦૦૦	૬૨,૦૦૦	,,	પાતાલ	અંકુશી
૧૫	૬૪,૦૦૦	૬૨,૦૦૦	,,	કિંનર	પ્રજ્ઞપ્તિ
[illegible]	૬૨,૦૦૦	૬૧,૬૦૦	,,	ગરૂડ	નિર્વાણી
[illegible]	૬૦,૦૦૦	૬૦,૬૦૦	,,	ગંધર્વ	અચ્યુતા
[illegible]	૫૦,૦૦૦	૬૦,૦૦૦	,,	યક્ષેંદ્ર	ધારિણી
[illegible]	૪૦,૦૦૦	૫૫,૦૦૦	,,	કુબેર	વૈરૂટયા
[illegible]	૩૦,૦૦૦	૫૦,૦૦૦	,,	વરૂણ	અચ્છુપ્તા
[illegible]	૨૦,૦૦૦	૪૧,૦૦૦	,,	ભૃકુટી	ગાંધારી
[illegible]	૧૮,૦૦૦	૪૦,૦૦૦	ગિરનાર	અંબિકા	ગોમેધ
[illegible]	૧૬,૦૦૦	૩૮,૦૦૦	સમેતશિખર	પાર્શ્વ	ધરણેંદ્ર
[illegible]	૧૪,૦૦૦	૩૬,૦૦૦	પાવાપુરી	માતંગ	સિદ્ધાયિકા

સિદ્ધાચલ નિરખી ભવોભવની, અલચ્છી ગઈ રોવંતી,
રિદ્ધિસિદ્ધિ લીલા સુખ પાઈ, હૈડે હેજ હસંતી,
લાલ....પૂરવ પુણ્ય પનોતી....આપો. (૫)

શિવસુંદરી વરવા વરમાલા, કંઠે ઠવી વશ હોતી,
'જ્ઞાન વિમલ' પ્રભુ ગુરુનો મહિમા, કામગવી દોહંતી.
લાલ....પૂરવ પુણ્ય પનોતી....આપો. (૬)

ભાવાર્થ.

હે ભાગ્યવાન! આ તીર્થાધિરાજના સામેજ દર્શન થાય છે એ મહાગિરિવરને વધાવવા માટે મારી પાસે કાંઇ નથી. સાધન વિના હું સાથી વધાવું? મને મહામૂલાં મોતી આપો. હું તેનો ખોબો ભરીને મારી અભ્યંતરની ખુશાલી વ્યક્ત કરું. મારા આજ સુધીના નિષ્ફળ ગયેલા દિવસો મને યાદ આવે છે. અહો, આજે મારો દિવસ સફળ થયો. મારા હૃદય સાગરમાં ભરતી આવી. ન માલુમ સાગરના મોતી ઉછળીને અહીં એકઠા બની ગયા. જાણે મહાસાગર પણ કુદીને અહીં આવી ગયો. જાણે શું એ સાગરે શ્રદ્ધાના મોતી જ વરસાવવા માંડ્યા, અને એથી મારા હૃદયમાં અંધારું હતું, તેમાં મારી અત્યારસુધીની દાદાના દર્શનની આશાઓના બાંધેલા [illegible] આજે એક નિર્મળ જ્યોત પ્રગટી [illegible] હવે બીજો કોઈ આનંદ મારા માટે હવે ક્યાં બાકી? [illegible]

દડો સામો ડબલ જોરથી અથડાઈ આવે છે. તેમ આ તીર્થના કાંકરે કાંકરે અનંતા મોક્ષે ગયેલા છે. તેથી અહીંના પ્રત્યેક પરમાણુ પણ પવિત્ર મનાયા છે, તો પછી એ પવિત્ર ભૂમિની આશાતનાથી પણ ભયંકર નિકાચિત પાપબંધ કરાવનાર બને એ સ્વાભાવિક છે વળી પિતાની ગાળ સાંભળીને જેમ ગુસ્સો આવે છે, તેમ અનન્ય ઉપકારીને તારક પ્રભુની કે એ પૂજ્ય તીર્થની અવિનય–આશાતના થાય તે કર્મબંધ કરાવનાર કેમ નહીં બને ? એમ આશાતનાઓથી બચીને પ્રભુ સામે ધ્યાન લગાવીને હર્ષોત્ફુલ્લિત વદને પ્રભુનુ મુખ દેખ્યા કરવામાં આનંદોત્સવ જેટલો હર્ષ થાય છે

અવી જ રીતે પૂર્વ પુણ્યની સૂચક આ દાદાના દર્શનની ઘટના જ પ્રભુના મુખની સામે જોઇ રહેલ છે. અથવા તો એ પૂર્વ જન્મમાં કોઈ સુકૃત કર્યાં હશે, કે તેથી જે પુણ્યાનુબંધી પુણ્ય બંધાયું હોય, તેના પ્રતાપે જ ભગવાનના તે દર્શન કરે છે એટલે કે એ પુણ્ય પનોતી મુખ મલકાવીને બસ પ્રભુના મુખને જ જોઇ રહેલ છે. એમ **હરખી હરખી નિરખે છે,** પણ તૃપ્તિ નથી. અથવા **નિરખી નિરખી હરખે છે,** તો અતૃપ્તપણે પણ આહ્લાદનો રસ આત્મિક એકાકાર આનંદને ને વરી રહ્યો છે એ એનો સાદો અર્થ છે (૧)

એ પૂર્વના પુણ્યની સંકેતિકા–પનોતી વળી બીજું શું કામ કરી રહી છે ? તે કહે છે, કે એ પનોતી–સંકેતિકા જન્મો જન્મના પૂર્વના એકઠાં કરેલા ઘોર પાપોના પુંજોને તથા દુઃખાદિના મેલને ધોનારી છે. પ્રભુ દર્શનના આનંદ અતિરેકથી હું [illegible] થયે [illegible] એક દિવસ હું જ્યારે ભગવંતના [illegible] [illegible] [illegible] એકત્રિત એક માળા ગુંથવા બેઠો.

(૨) શ્રી અભિનંદન સ્વામીનું સ્તવન.

અભિનંદન જિન! દરિસન તરસીએ,
દરિસન દુર્લભ દેવ.
મત મત ભેદે રે જો જઇ પૂછીએ,
સહુ થાપે અહમેવ...અભિ. (૧)

સામાન્યે કરી દરિસન દોહિલું,
નિર્ણય સકલ વિશેષ.
મદમાં ઘેર્યો રે અંધો કિમ કરે,
રવિ શશિ રૂપ વિલેખ...અભિ. (૨)

હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઇએ,
અતિ દુર્ગમ નય વાદ,
આગમ વાદે હો ગુરુગમ કો નહીં,
એ સબલો વિખવાદ....અભિ. (૩)

ઘાતી ડુંગર આડા અતિ ઘણા,
તુજ દરિસન જગ નાથ,
ધીઠાઈ કરી મારગ સંચરૂં,
સેંગું કોઇ ન સાથ અભિ. (૪)

દરિસન દરિસન રટતો જો ફીરૂં,
તો રણરોઝ સમાન,

વાની આ ચાલબાજીમાં અમને "સત્ય" શોધ્યું જડતું નથી, અને એ બીછાવેલી માયાવી જાળનો અમને ભોગ બનવું પડે છે.

એ વાત સાચી છે, કે આજે જૈન શાસન અનેક ગચ્છો અને મતાંતરોમાં વહેંચાઇ ગયું છે. એક ગચ્છનાયકને મળું છું, તો તે પોતાના મતાનુસાર સ્થાપન કરે છે. એ નથી સમજાતું કે એમાં સર્વજ્ઞ કથન મુખ્ય છે, કે સ્વ કપોલકલ્પિત કલ્પનાજ મુખ્ય છે. જો એનો નિર્ણય કરવા બેસીએ, તો આપણી મૂળ જિજ્ઞાસા તો દૂર જ રહી જાય. એ સ્વમતિ રચિત કલ્પનાઓ કેટલીક વખત વિતંડાવાદમાં ઉતરી જાય છે. કોઇ વાર ઇતર સંપ્રદાયના દ્વેષ અથવા વિરોધથી પેદા થયેલી હોય છે. કોઇ કાપડિયાને ત્યાં જઇએ, ને ત્યાં માલ તે બતાવે, તેમાં પોતાનો માલ જ સારો છે એમ તે કહે છે તેમ આ મતવાળા પોતાનું જ સારું છે, એવો આગ્રહ સેવતા હોય છે. કોઇક વાર સત્ય સિદ્ધાંતનો આગ્રહ હોય તો વાંધો નહીં. સત્યનો આગ્રહ હોવોજ જોઇએ. પણ "અમે આમ માનીએ છીએ" એમ કરીને સ્વમતનુ નામ, જાતખ્યાતિ અને નૂતનપંથ આગળ લાવવાના હેતુ સિવાય સર્વજ્ઞ કથનને સાંભળવા પણ તેઓ તૈયાર હોતા નથી, બીજાનું કથન સાચું લાગે તો પણ સ્વમતાગ્રહ છોડવા તેઓ તૈયાર થઈ શકતા નથી. એ એમનું દુઃખ છે. ખરી રીત તો એ છે, કે ચોથા આરામાં જ્યારે ભગવાનનું સિદ્ધાંતિક વચન સામે ધરવામાં આવતું, ત્યારે સ્વમતાગ્રહને તમામ આત્માઓ છોડી દેતા જો કે અત્યારે પણ એક ઘરમાં પાંચ ભાઇઓના પાંચ મત હોય શકે છે, પરંતુ સંપૂર્ણ મંતવ્યોથી અવિરુદ્ધ રહે તો સૌ હળીમળીને સાથે

હોવાથી એમ કહેવું પડે, કે તેઓ પણ સત્યતત્ત્વ પામી શક્યા નહીં જ હોય, એવું પાકું અનુમાન થાય છે. મહારથી સમકિતની તેઓ વાતો જ માત્ર કરતા હોય છે. સત્યતત્ત્વ પામ્યા ન હોય, તો બીજાઓને ક્લેશમાં અને શંકામાં પાડવાના પાપ સિવાય તેઓને શું ફળ મળી શકે ? એથી જ એમ અહીં ગાથાના પશ્ચાર્ધમાં કહ્યું છે, કે એ મદાંધ બનેલ મતાગ્રહી કે ગચ્છાગ્રહી કેવી રીતે વીતરાગ કથિત પવિત્ર માર્ગની સુંદરતમ અપેક્ષાઓને સમજી શકે ? જેમ જન્મથી જ જે અંધ હોય, તે સૂર્ય કે ચંદ્ર કેવા હોય, તેનું વર્ણન કરી કે ચિતરી શકતો નથી, કારણ કે તેણે કદી એ તેજસ્વીઓને જોયા જ નથી. તેમ આ મતાગ્રહીઓ મૂળ તો અજ્ઞાની અને મિથ્યાત્વી હોય છે. તેમાં વળી સ્વપ્રશંસા ને જાતખ્યાતિના અભિમાનનું મદિરાપાન કર્યું હોય, તેવા મદમાં ઘેરાએલો આત્મા, નિષ્પક્ષપાતપણે સ્વમતિથી વિચારી શકતો જ નથી. કોઇ અણજાણ રબારીની આગળ હીરાનો હાર ધરીએ, તો તેની કિંમત તે આંકી શકે નહીં, અથવા ઘોડાને ગળે હાર પહેરાવાય તો તે ઘોડો જેમ તે હારની કિંમત આંકી શકતો નથી, તેમ આવું સાચું સ્યાદ્‌વાદ તત્ત્વ આ મતવાદીઓને હાથ આવી શકે નહીં. તેમાં કારણ એજ છે, કે તે દુરાગ્રહી છે. એનો દુરાગ્રહ એને સત્યદર્શન કરાવવામાં વિઘ્નભૂત બને છે, ને તેથી દૂર ને દૂર રાખે છે. એ દુરાગ્રહ ન હોય, તો તે નિષ્પક્ષપાતપણે સ્વતંત્ર વિચારણા કરી શકે ને વિવેકબુદ્ધિ પામી શકે.

આવા મતભેદો ધર્મને નામે દુનિયામાં હાને અથડાતા હોય, એટલે અલ્પમતિવાળાઓ એનો ઉંધો અર્થ કરે છે, કે ધર્મમાં પણ ઝગડા ! સંસારીઓ રાગદ્વેષના કૂવામાં પડયા જ છે, ત્યાં ઝગડો દેખાય તો કોઇને આશ્ચર્ય ન થાય, પરંતુ

વરણીયનો તીવ્ર ઉદય હોય, તો ભણતર ઓછું પણ હોય, કોઇ તપસ્યા જ વિશેષ કરતા હોય. દુનિયામાં પણ બધાય બેરિસ્ટર કેમ બની શકતા નથી ? એથી જણાય છે, કે તેટલું જ્ઞાન સંપાદન કરવાની શક્તિ બધામાં હોતી નથી તેમ અહીં સામાન્ય સમાજ આવા ગહન નયવાદ ભણી વિચારીને દર્શન પામે એ શકય જ નથી. જેમ મોટી સંખ્યામાં દર્શન વ્યાપક બનતું જાય, તેમ અમને ખૂશી વધારે થતી જાય, તે હિસાબે સૂક્ષ્મયુક્તિઓથી ભરેલો નયવાદ સૌને સમજવામાં આવી શકે જ નહીં એટલે કાર્યકારણ ભાવથી જે યુક્તિઓ તેમાં સિધ્ધ કરી બતાવી હોય તે બધાયને ગળે કેમ ઉતરી શકે ? જેમ કે " ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય જ " એવું અનુમાન પ્રમાણ લઇને કાર્યકારણ ભાવ સિદ્ધ કરીને ધુમાડો જોઇને (અદૃષ્ટ) અગ્નિને સિદ્ધ કરવાનું કામ બધા કેમ કરી શકે ? એવા અનુમાન પ્રમાણના વાદવિવાદમાં ઉતરવાનું સૌને પાલવે નહીં. એટલે શ્રદ્ધાથી આગમો સાંભળીને દર્શનના ભેદો સમજવા પ્રયત્ન કરીએ તો કેમ ? એ શંકાનો જવાબ મળ્યો, કે એને માટે આજે ગુરુગમ મળતી નથી આજે તો ગુરુકુલવાસમાં ભણવાનું પણ કયાં છે ? પરંપરાથી મળેલી કુંચીઓ બતાવનાર ગુરુઓ આજે મળતા નથી જેમ એક જ ચોપડીમાંથી શિખવાનું હોવા છતાં કોલેજમાં લેકચર આપનાર પ્રોફેસરને રુપિયા ૩૦૦ થી ૫૦૦ નો પગાર અપાય છે. વિદ્યાર્થીને નિશાળે જવાની કે શિક્ષકની જો જરૂર પડતી હોય, તો આગમ યુક્તિઓ સમજવામાં ગુરુગમની આવશ્યકતા જરૂર સિદ્ધ થાય છે એકથી દશ સુધીના આંકડાઓનું જોડું જ્ઞાન મેળવ્યું હોય, તેના પાસે અંકગણિત સમજી લેવાનો પ્રયત્ન જેવો, પરંપરાગત ગુરુગમ

આગમજ્ઞાનથી વંચિત રાખવાનું ઈચ્છે (બને) છે.

વળી એમ કોઇ માનતા હોય કે કાર્ય કારણ ભાવના પ્રમાણે પ્રત્યક્ષ પ્રમાણ અને અનુમાન પ્રમાણોના બળથી સકલ તત્ત્વોનું નિરુપણ અને જાણપણું કરી લેશું. તો તેમાં એ મોટી ભૂલ થાય છે, કે આધુનિક સાયન્સની પદ્ધતિથી ગોચર પદાર્થોની જેમ અગોચર પદાર્થો પણ જો તેઓ હેતુવાદ (અનુમાન પ્રમાણ)ની યુક્તિઓથી પ્રત્યક્ષ પ્રમાણની સહાયથી જાણી શકતા હોત, તો શબ્દજ્ઞાનના એ વિદ્વાનોએ એ દરેક અગોચર પદાર્થોના પણ સ્વરૂપો નક્કી કરી જ દીધા હોત. વ્યાકરણમાં પણ પૂર્વાપર સંબંધો જાણવા માટે તેની પરિભાષાઓનો અને તેના ન્યાયોનો આશ્રય લેવો પડે છે. વળી અનુમાન પ્રમાણથી પણ આત્મા તેનું સ્વરૂપ, તેનું કર્મપારતંત્ર્ય વિગેરે બધુંજ સિધ્ધ થઇ શકે તેમ છે. છતાં તેમાં તેઓનો સ્વાગ્રહ એ વસ્તુના સત્ય સ્વરૂપ સુધી પહોંચવા દેતો નથી એટલે હેતુવાદ-નયવાદ-આગમવાદ વિગેરે વાદવિવાદના ગુચવાડામાંથી બહાર નિકળી, હે પ્રભુ ! જીવો તારું દર્શન કયાથી પામી શકે ? એ એક મહાન ખેદનો વિષય બની જાય છે. કારણ, કે દુર્લભ માનવભવ અને તથા પ્રકારની ધર્મની જિજ્ઞાસા ઘણાં જીવોની હોવા છતાં પણ, વિશુધ્ધ ધર્મ પ્રાપ્તિના સાધનો તેવાઓને એવા સારા નથી મળતા એ ખેદ ઉપજાવનારી બીના છે. (૩)

હે ભગવાન ! જિનદર્શન કેવી રીતે મેળવવું ? એ કાંઇ અનેરૂ ચીજ નથી, કે બજારમા બે રૂપિયા આપી વેચાતી લઇ શકાય આ સંસારનાં કેટલીક આટે આવના વિચારો તો હું જાણી ગયો, કે માનપેટાની જૈન શાસન શીંગડા દીધેલા કપડા

તેમ મારી સાથે રસ્તો બતાવનાર કોઇ વળાવુ પણ નથી. કેવળ એક જ નિષ્ઠાથી જઇ રહ્યો છું, કે "શાસનદેવ મારો માર્ગ નિષ્કંટક બનાવજે. હે ભગવાન, મને સદ્‌બુદ્ધિ આપજે! મને તારા નામનું જ માત્ર શરણુ છે. તારા નામના સહારે જ હું અટુલો છતાં આગળ વધી રહ્યો છું. મને તું નહીં બચાવશે, તો મને હવે કોઈનો આધાર નથી, વળાવુ સાથે હોય તો તો હિંમતભેર તેના પાછળ પાછળ ચાલ્યો જાત?" ભોમિયા સાથે જનારને એ ડર નથી હોતો, કે હું ખોટે માર્ગે જઇ માર્ગભ્રષ્ટ થઇશ, ને મારી જિંદગી જોખમાઇ જશે; કારણુ કે એને વિશ્વાસુ માર્ગનો જાણુ વળાવુ મળી ગયો છે. એ એને હિંમત આપે છે, કે "હું તને ધ્યેય પર પહોંચાડીશ" ડુંગરાળ રસ્તામાં હમણાં પણુ એવું બને છે. જેમકે શ્રી કેસરીઆજી તીર્થની આસપાસ ડુંગરાળ માર્ગના આપણે જાણુ હોતા નથી. પણુ ત્યાંનો ભીલનો એક નાનો છોકરો પણુ સાથે આવીને આખો વિકટ રસ્તો પાર કરી આપે છે વળાવાનું એટલું બધું મહત્ત્વ છે.

એજ હેતુથી અહીં કહેવામાં આવ્યું છે, કે દ્રવ્ય માર્ગના વિઘ્નો તો હજીયે પાર કરી શકીએ, પણ શું કરું? મને દર્શનનો પુરો જોગ નથી મળતો તેમાં મારા પૂર્વના બાંધેલા ઘાતીકર્મો જ આડા આવે છે, ને એ સારો જોગ કવચિત મળે તો પણુ તેમાં વિઘ્ન કરી બાજી બગાડી દે છે. મને વિશ્વાસ છે, કે આ મતમતાંતરો હોય તેવા કાળમાં ને તેવા ક્ષેત્રમાં અહીં જન્મ મળ્યો, તે પણુ એ ઘાતીકર્મોનો જ પ્રભાવ છે હજીયે એ ઘાતીકર્મ મને દર્શનની પ્રાપ્તિમાં ક્યાં સુધી વિઘ્નભૂત બનતા રહેશે, તેની મને ખબર પડતી નથી. [illegible] એ ઘાતીકર્મોનો જ [illegible]

કાંતની ક્રિયા” સંસાર ભ્રમણ સિવાય બીજું કયું ફળ આપી શકે ? એથી એને બિચારા કહ્યા. કર્તા એની દયા ખાય છે, કે એમને માટે વર્તમાન શાસન કામિયાબ બન્યું નહીં એવા તો ઘણુંય દાખલાઓ છે,-જેવાં કે “મોજશોખ માટે યાત્રાએ જાય, ડૉકટરના કહેવાથી બ્રહ્મચર્ય પાળે, ગરમીમાં ગરમ પડે તે માટે કાંદા વિ. ખાવાના બંધ કરે. ખાવા ન મળે એટલે ઉપવાસ થયો માની લે” વિગેરે **દેખાવમાં ધર્મનું આચરણ દેખાય, ને ચતુર્ગતિ સંસાર વધવાનું ફળ મેળવે.** એટલે કહેવું પડે, કે (જ્ઞાન રહિત) માત્ર ક્રિયા કરી એ પ્રભુની સેવા કરવાનું જેઓ માનતા હોય, તેઓ મોટી ભૂલ કરે છે ભગવાનની સેવાનું ફળ તો કર્મથી મુક્ત થવા રૂપ આત્મ-વિશુદ્ધિનું હોવું જોઈએ. **અનેકાંતની અપેક્ષાઓની સમજણ વિનાના ને માત્ર ક્રિયાકાંડમાં જ રાચનારાઓને મુક્તાવસ્થા પ્રાપ્ત થતી જ નથી**

ટૂંકમાં એ અર્થ થયો, કે જેઓ એકાંતે ક્રિયાવાદી બની ગયા છે, ને જેઓ અપેક્ષાઓને કે જ્ઞાનયોગને તિરસ્કારતા હોય છે, તેવાઓ સ્યાદ્‌વાદની ઉત્તમ ક્રિયાઓના ફળ રૂપે આત્માના શુદ્ધ સ્વરૂપ દર્શનના ધ્યેયને પામી શકતા નથી. એમાં એઓ આલંબન રૂપે ભલે આ વીતરાગ કથિત ક્રિયાઓનો સહારો લે છે, તો પણ બિચારા ઉપરની ખામીને કારણે ચાર ગતિમાં રખડે છે (૨)

એ ભગવંતની આજ્ઞાઓનું પાલન અત્યંત કઠિન છે, માટે તો જેઓ ટકી શક્યા નહીં, તેઓએ સ્વચ્છંદી ને સ્વેચ્છાચારી બની મતિભ્રમના દોષને કારણે જુદાજુદા ગચ્છો અને સંપ્રદાયોના વાડા બનાવ્યા

કેમ નહીં હોય? બીજાને દુર્ગતિમાં મોકલવામાં રાજી થનારો તું, તારા માનેલા ગુરુજ-જો દુર્ગતિમાં ગયા હોય તો શું કરશે? જૂદો મત સ્થાપી, અનેકોને પક્ષાગ્રહી બનાવી, સાચા શાસન સેવાના વિરોધી બનાવ્યા. એવા તારા ગુરુની સદ્‌ગતિ કયાંથી થશે? વૃક્ષના મૂળમાં અગ્નિ બળતો દેખવા છતાં વૃક્ષને લીલુંછમ દેખવાની ભાવના રાખવી તદ્દન વ્યર્થ છે. તેમ મમત્વ અને તત્ત્વને મેળ કદી રહી શકતો નથી. એ બેઉમાં વિસંવાદીપણું છે. એટલે ગચ્છાગ્રહીઓ યથાર્થ તત્ત્વ જાણી કે કહી શકતા નથી. પક્ષાગ્રહ પક્ષાઘાત જેવું એક દર્દ છે. તેને શાસ્રીય પરિભાષામાં દૃષ્ટિરાગ કહે છે. એ દૂર કરવા માટે આ ટકોર આ પદ્યના કર્તા ભગવાનની સ્તવનાના બહાને કહે છે. કારણ કે દુરાગ્રહીઓ એવા જીદ્દી હોય છે, કે એ સાભળતા જ નથી. ભલે શાસનનું અહિત થાય છતાં કુતરાની પૂંછડી વાંકી તે વાંકી જ રહે છે, તેમ એઓનો દુરાગ્રહ સદાગ્રહમા પલટી શકનો જ નથી. માટે એ પોકાર અહીં શ્રી અનંતનાથ ભગવાનની પાસે કરવાનું મન થયું કે, હે ભગવાન્! વીતરાગના જ ભક્તો વીતરાગનાજ શાસનની ઠેકડી ઉડાવવામાં નિમિત્ત બને એ શું આશ્ચર્યજનક નથી? જ્યાં વિશાળકાય જિન શાસનને પોતાના નિમિત્તે દાઘ લાગતો હોય, અથવા લાંછન રૂપ બને તેમ હોય, નો બહેતર છે, કે પોતાનો દુર્મત જતો કરવો. એક મહાન શાસનની લાજની ખાતર કે એ મહાન શાસનની સાચી સેવાને નિમિત્તે પોતાની, પોતાના મતની અને પોતાના અનુયાયીઓની આબરૂ-પ્રતિષ્ઠાની આહુતિ આપીને પોતે હતા ન હતા થઈ જવું, એમાં

એમ થાય છે, કે હે ભગવાન! આ શું થવા બેઠું છે? એક દૃષ્ટિથી જોઇએ, તો સાચા આરાધકને આવી વિષમ પરિસ્થિતિ દેખીને અતિશય અંતર્વેદના થયા વિના રહે જ નહીં. એકનો એક છોકરો, ને તે રળતો કમાતો યુવાન હોય, તે કદી ખૂબ બિમાર પડે ને છેલ્લી અણી પર હોય, તો સાચી જન્મદાતા માતાને કેટલું દુઃખ થાય? તેમ જે આ શાસનને પોતાનું શિરછત્ર માને, એની આબરૂને આવા મતવાદીઓ તરફથી ધોકો પહોંચે ત્યારે પ્રાણના ટુકડા થયા વિના કેમ રહે?

એજ કારણથી અહીં પોકાર કરવો પડયો, કે હે વીતરાગ! તમે તો નિરંજન નિરાકાર થઇ ગયા. હું તો હજી સરાગ સંયમી છું. તારો સાચો ભક્ત છું આ બધું દેખીને મારો પ્રશસ્ત રાગ મારા અંતરમાં દુઃખાગ્નિ પેદા કરે છે. એક બાજુ દેવગુરુ કે ધર્મના તત્ત્વોની એ દુરાશ્રદ્ધીઓ વાતો કરે છે, ને બીજી બાજુ પંથ મત અને સ્વગચ્છનો કે ગુરુભક્તિની ઘેલછાનો નશો ચડાવી, સ્વભક્ત વર્ગમાં એક જાતનું મિથ્યા તાન ચડાવે છે. એવી ગાંડી ગુરુભક્તિ બતાવી, વીતરાગ દેવને નીચે પાડવાનું અને વીતરાગ શાસનને લીલુપત લાગે તેવું દુષ્કૃત્ય તેઓ કરી રહ્યા છે. એને એના પાપનો શ્રાપ તો લાગશે જ, પણ મારી ફરજ તો માત્ર શાસનની અખંડ સેવા કરવાની અને આરાધક બની એને અવિચ્છિન્ન પ્રભાવશાળી દેખવાની જ છે. આજે પણ એવું બને છે, કે એક મંદિરમાં દેવને ગુરુ બેઉને બેસાડેલા હોય છે, પછી કોઇ મોટા દિવસે ભક્તો એકઠા થાય છે. તે વખતે બોલી બોલવાનો રિવાજ

હોય છે. ત્યારે ભગવાનની ઝીણી મુશ્કેલીઓ પાચ મણુની થાય.
પછી ગુરુની ગોઠીમાં ત્રો મણુથીએ વધી જાય. તેમાં પણ ઉપા-
નાનીમાં મોહકને જ આદેશ મળે એમ ગુરુ આગળ રહે તો દેવને
ઉતારી જ પાટે કે દેવની સાથે જોગીને સદ્ય આ પ્રમાણે ભગ-
વંતની ધાર આગળના ઠેકે જો કેમ કરી શકાય ? એવા પ્રશ્નો
આવા વનાશ્રીઓના ઉિશદને જ આભારી હોય છે. તેથી
શ્રી આનંદઘનજી મહારાજને ...

[illegible]

કાલીન પરિસ્થિતિ ઉભી થાય ત્યારે, ગીતાર્થ આલંબન લે છે એટલે એ અપવાદ ઉત્સર્ગથી વિરુદ્ધ જ હોય તો એ ગીતાર્થ સમય પર અપવાદને અવલંબે, તો પણ ભગવાનની આજ્ઞાના તે પૂરા પાલક જ છે. વળી સાધુ મહારાજોને ઉંચુ ચારિત્ર પાલન કરવું જોઇએ એમ ભગવાને ઉપદેશ દીધો. પરંતુ આ કાળમાં "બકુશ કુશીલ" ચારિત્ર બહુધા મળશે, એમ પણ પ્રભુએ જ કહ્યું છે. તો એને શિથિલાચાર માનીને નિશ્ચય નય કહેશે કે "એને અમે સાધુ માનશું નહીં" ત્યારે સાપેક્ષ વ્યવહાર માર્ગ એ કહે છે, કે બકુશ કુશીલ પણ ચારિત્ર હોય તે પણ માન્ય રાખવું. કારણ કે તે ભગવાનેજ કહ્યું છે એમા સાપેક્ષ વ્યવહારથી એની ચતુર્વિધ સંઘ રૂપ શાસનમાં ગણત્રી થઇ જ ગણાય. એને જો ન માને, તો ભગવાનની આજ્ઞાનો લોપક જ માનવો જોઇએ. એવા એકાતમતીઓ કે જેઓ 'નિરપેક્ષ વ્યવહાર" ને અપનાવે છે, તેવાઓના તો ચતુર્ગતિ સંસાર વધતો જ જાય છે પણ ઘટતો નથી. આ કારણથી આરાધક આત્માઓને પૂજ્યશ્રીએ ચેતવ્યા કરેલાય, કે 'સાપેક્ષ વ્યવહાર' ના ભગવાનના ઉત્તમ માર્ગને કદી છોડશો નહીં

દુનિયાના વ્યવહારોમાં પણ અપેક્ષાઓ તો હંમેશા જોવી જ પડે છે. જેમ કે ભગવાનને કહીએ છીએ કે "પૂજાનું ફળ મને આપો" એ ફળમાં પણ શું આપે? શું ભગવાન તમને કેરી, નારિયળ કે સંતરાના ફળ ખાવા માટે લાવી આપે? એમ માગો છો? નહીં. પૂજાનું અન્તિમ ફળ મોક્ષ છે. તેની માગણી કરી છે એનું નામ અપેક્ષાવાદ છે એના વિના સંસારમાં પણ ચાલતું નથી. તો જિનવચનમાં ક્યાંથી ઘટી પડે, ગાજી શકે? અપેક્ષાઓને માન આપવા જે તૈયાર નથી, એ દુનિયા

[illegible]માંથી પણ બાતલ સમજવો. જેમ શાસ્ત્રીય વાતમાં એમ કહે-
[illegible]વાય છે, કે સિદ્ધાત્મા અને મારા આત્મામાં કાંઇ અંતર નથી,
માત્ર કર્મોનો વચ્ચે પડદો છે તે દૂર થઇ જાય તો બેઉ સમાન
છે. તેમ કોઇ મુનિરાજની ભાવના ઉંચી હોય, પણ સહનશીલતા
[illegible]ટલી હદે ન પહોંચી હોય, અને દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવના
સંયોગો એવા જ આવી પડે, કે જેથી એને અમુક અપવાદનું
આલંબન લેવું પડે તેવા ગીતાર્થને જોઇને કોઇ એકાંતવાદી
માત્ર ઉત્સર્ગનેજ માન આપીને એમ કહે કે " શું સાધુ આવા
[illegible] હોય? આ શું? " એ જિન કથિત માર્ગના સાપેક્ષ
વ્યવહારને જાણતો હોત, તો આવી રીતે કેવળ ઉત્સર્ગમાર્ગનેજ
[illegible] [illegible] નહીં. [illegible] અપવાદ વ્યવહારને પણ બતાવનાર
[illegible], ભગવાન છે તે ભગવાનનું અપમાન ને અનાદર કરનાર
[illegible] [illegible] છે, તેથી તે એકાંતવાદી થયો, અને તેને માત્ર સંસાર
[illegible] [illegible] [illegible], [illegible] આદર્શ નથી. કારણ કે તે
વીતરાગ વચનનો [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] નથી, [illegible] [illegible] [illegible] [illegible] મમત્વને
[illegible]

[illegible]

લીલાને જાણી શકતા નથી. એમનો મોહવિલાસ નવ્ય મત દ્વારા આવું પાખંડ પ્રવર્તાવે છે, તેને પક્ષાંધ અનુયાયીઓ જોઇ શકતા નથી. ત્યારબાદ પણ જ્યારે ખબર પડે, પોલ ખુલ્લી થઇ જાય, ને સમજાય કે 'મારા ગુરુઓ મને ઉન્માર્ગે ઘસડી જાય છે,' તેમ છતાં કહે છે, કે અમને પૂછડું પકડાવ્યું. હવે આ છોડીએ તો અમને ઉભું કોણ રાખે? એ માન પણ મોહરાજાનો વિલાસ અને તાંડવ નૃત્ય જ છે ને? આજે પણ એવાં ઘણાં દેખાય છે, કે જેઓ દૃષ્ટિરાગનુ વિષ ભક્તવર્ગમાં રેડતાં હોય છે, કે "ભગવાનના નહીં શાસનના નહીં, પણ અમારા રાગી થાઓ...." વળી તેઓ એવું પાખંડ ચલાવે છે, કે મુખેથી મહા-ત્યાગીના ફિરસ્તા પોતે હોય તેવી વાતો કરે છે, ને પછી બીજા તેમનામાં એવાં દૂષણો ભરેલા દેખાય છે, કે તે દેખીને જનતાને શાસન પ્રત્યે તિરસ્કાર થાય છે. એવી ભેદી વ્યક્તિઓથી શાસન આજે ખૂબ ઘવાએલું છે. એવો એક ઘા રૂઝાતો નથી, તેટલામા તો બીજા ૨–૪ ઘા બીજા નિરપેક્ષ વ્યવહારીઓ તરફથી પ્રહારાત્મક થાય છે કોઇ પૂછે કે વારંવાર શાસન પર હુલ્લા આવા કેમ થાય છે? તો તેથી તુરત જ જવાબ મળે છે, કે આજે આ પંચમ કાલના પ્રવાહમા મોહરાજાના આવા વિલાસ ન થાય તો ક્યારે થાય? એના માટે તો મહાપંડિત મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પણ બળતે હૃદયે એકરાર કરતાં શ્રી સીમંધર પ્રભુજીની સ્તવનામા એજ કલ્પાંત કર્યો છે, કે હે ભગવાન આ બધાએ આજે શું માંડ્યું છે? "ધૂમ ધામે ધમાધમ ચલી ..." કહીને એ નિરપેક્ષ વ્યવહારના સ્થાપકોએ સમાજને જ્ઞાનમાર્ગથી દૂર કરી દીધો છે એ ધૂમધામ સંસાર વધારે તેમા નવાઇ શી? માટે જ કહી શકાય, કે જેને ગરજનો કે

[illegible]ના આગ્રહ ન હોય, એવા આત્મજ્ઞાની જ સાપેક્ષ અનેકાંતમય [illegible] ઓળખી શકે છે, ને તેજ સંસારનો પાર પામી શકે !

[illegible] આવું સિદ્ધાન્તમાંથી જ્ઞાની પુરુષો પાસે વારંવાર સાંભળવા છતાં હે મહાનુભાવો ! તમે 'નિરપેક્ષ વચનવાળો વ્યવહાર' શા માટે આચરો છો, અથવા એવા દુર્ગમ ને કાંટાળ [illegible] પ્રવર્તન [illegible] છો ? તેથી તો સંસારની વૃદ્ધિ થશે, એવા મિથ્યા મતોના [illegible]માં [illegible] તેને સ્વીકાર કરીને શું [illegible] [illegible] મિથ્યામતિઓ [illegible] મિથ્યાત્વના [illegible] [illegible] પ્રગટ [illegible] છે, ત્યારે એના [illegible] [illegible] [illegible] શા માટે [illegible] આ [illegible] ભાવાર્થ છે. (૪)

[illegible]

બંધાઈ જાય છે, ત્યારે પોતાના પક્ષને મજબૂત કરવા, આવેશમાં અને પૂર્વગ્રહ પૂર્વકની હઠની પરિપુષ્ટિમાં વચન બોલવા પડે જ છે. આવા પક્ષાગ્રહીઓ પોતાના પક્ષથી તથા પક્ષના અનુયાયીઓથી સપડાએલા ને ગ્રહણ કરાએલા હોવાથી સાચું ને સ્વપર માટે હિતકર બોલી શકતા જ નથી. એટલે પોતે જન્મથી જે પક્ષમાં આવે, અથવા જે પક્ષમાં પોતાના બાપ–દાદા રહેલા હોય, તે પક્ષની પરંપરામા દેવ ગુરુને ધર્મનું સ્વરૂપ જેવું હોય અથવા જેવું માનવામાં ચાલ્યું આવતું હોય, તેવું જ તે બોલે છે, ને બોલવા લાગે છે. સ્વમતિનો કાંઇ પણ વિચાર તે કદી કરતો જ નથી. વળી પોતાના મતને અનુસરનાર ન હોય, તેવાઓ ઉપર છાજતા ને અણછાજતા આક્ષેપો પણ કરે છે. આવા પક્ષપાતીઓને ખરા દેવ–ગુરુ કે ધર્મને ઓળખવાની તક જ ક્યારે મળે? એ તો પોતાની ઉપર જણાવેલી ખટપટોમાં જ વ્યગ્ર હોય છે એટલે સાચું શોધવા કે સાચાનો પરિચય કરવાની એને ફુરસદ જ મળતી નથી. એ એનું મોટું દુર્ભાગ્ય જ છે ને? કોઇ સાધુ મુનિરાજ ઘરમાં વહોરવા પધારે ત્યારે ૮ વર્ષનું બાળક તેની બાને પૂછે છે કે બા! આ કોના, આપણા મહારાજ છે? એને એની બા એ વખતે શિખવાડશે કે, ના આતો પારકા છે. આ આપણા નહીં. એમ આ આપણા નહીં, ને પેલાં આપણા એમ જે ભેદભાવ નાની ઉંમરથી મા બાપ જ બાળકોને વારસા રૂપ શિખવાડે છે, તેજ મુખ્યત્વે અસહ્ય બની જાય છે. આવા મિથ્યામતિ માતા પિતા સ્વ સંતાનોમા ઝેર નહીં તો શું રેડી રહ્યા છે? એ માબાપોને પણ શિખવાડનાર એનો ગુરુવર્ગ છે એટલે આગળ ચાલનાર અને પૂંઠે ચાલનાર બેઉ સ્વહિતની ચિંતા માટે એક ઘડી પણ થોભનાર નથી સમજો કે ભવસમુદ્રમાં

કુવામાં ડૂબતાં, એક નાવડી હાથ લાગી, પણ તે કાણી નિકળી છે. નાવડી ક્યાં સુધી લઈ જઈ શકવાની હતી? આ તો એવું થયું છે. કે ખ્રિસ્તી ને ત્યાં, મુસલમાન ને ત્યાં, કે પારસીને ત્યાં, જન્મેલો એના ધર્મનો જ ધર્મ જેમ માનવા લાગે, તેમ પિતા જે ગચ્છમાં હોય તેજ ગચ્છનો આગ્રહ તેનો પુત્ર રાખે, તો પછી એ ધર્મ કાંઈ નવી કમાઈનો એને લાગતો નથી. તેથી તેને જીવન પર અસર જેટલી નથી [illegible] માટે એ થયો, કે ઉપર જણાવ્યું જે ડૂબતા [illegible] [illegible] જે [illegible] જતા હૈ, તો જ [illegible] શાસ્ત્રોમાં [illegible] થાય [illegible] [illegible] છે?

—

થઇ રહ્યો છે. આવું ઝેર પીપીને પુષ્ટ થએલાઓને અહીં ચેતવણી આપવામાં આવેલ છે, કે તમે જે જે ક્રિયા કરો છો તે તમારી બધીય ફોક જનાર છે. ધૂળ પર કે રાખ પર લીંપણુ કરો ને જેમ મહેનત તમારી નકામી જાય, તેમ તમારી દશા થશે. કારણુ કે તમને મોહ થયો છે, પણુ તમને સાચા દેવ-ગુરુ ધર્મનો ખપ નથી. એમના પાશે પડયા બાદ એમના ફંદામાં ફસાયા. વળી મોહરાજાએ પણુ સારો મોકો દેખીને તમને એના પંજામાં લીધા છે. હવે તમે કયાં ધર્મરાજાનું સાંભળવાના છો ? હવે તો તમને ધર્મરાજાનું વેણુ કડવું લાગશે, ને આ છારપર લીંપણું કરવા જેવી ધર્મના નામે મિથ્યા ક્રિયા કરાવ-નારા સારા લાગશે.

ઝેર બીજાનો નાશ કરે છે. પણુ એજ ઝેર સર્પની દાઢમાં હોય છે, ત્યારે એ સર્પને એ કાંઇ કરતું ય નથી. એ તો એનું ઉત્પાદન સ્થાન છે. તેમ આ મતાગ્રહીઓના અનુયાયી બનીને ઝેરના ઉત્પાદન કાર્યમાં સહયોગી બનવાનું એ કારખાનું બની જાય છે. ત્યાં વિદ્વાનોનો વાસ નથી, મોહનીય કર્મનો નશો જ્યાં ખૂબ ચડે અને પક્ષાપક્ષીના ઝગડા થાય ને તે કોર્ટે પણુ જાય, ત્યારે એને એક શરાબીની દુકાન જ કહી શકાય. આવું આ જમાનામાં કેવી રીતે ચાલી શકે છે એજ સમજવું મુશ્કેલ બની જાય છે. એથી એ સાર લેવાનો છે, કે સમજદાર આત્માઓએ આવું પક્ષપાતી વલણુ અંગીકાર કરવું જ ન જોઇએ. આવા પક્ષપાતોને તિલાંજલિ આપવી જોઇએ. આવા દૃષ્ટાન્તોને આપણી સમક્ષ આ ઉપકારી મહાપુરુષ આ સ્તવનના બહાને જે ધરી રહ્યા છે, તે દૃષ્ટાન્તો વાંચ્યા કે જાણ્યા બાદ આપણામાં રહેવા જ ન જોઇએ,

અને આપણામાં પણ એ દૃષ્ટિરાગનું ઝેર જો ચઢી જાય. તો સમ
જાયું કે આ મહાપુરુષની ભવિષ્યવાણી સાચી પડી, અને એ એક
મહાન ભવિષ્યવેત્તા હતા, એમ કહેવાશે.

આ જે અહીં કહેવામાં આવ્યું છે, તે માત્ર હોઈ નિયમ
આત્મા આવી જાળમાં ન ફસાય એટલા માટે જ છે
[illegible] ભવિતવ્યતાના યોગે જ આવું બનનાર છે, એ તો બનવાનું
[illegible] છે, એ પદાર્થ પોતે પણ જાણતા હતા. પરન્તુ [illegible]
[illegible] જાળમાં ન ફસાય તેટલા માટે એ [illegible]
[illegible]

કાલીન પરિસ્થિતિ ઉભી થાય ત્યારે, ગીતાર્થ આલંબન લે છે. એટલે એ અપવાદ ઉત્સર્ગથી વિરુદ્ધ જ હોય તો એ ગીતાર્થ સમય પર અપવાદને અવલંબે, તો પણ ભગવાનની આજ્ઞાના તે પૂરા પાલક જ છે. વળી સાધુ મહારાજોને ઉંચુ ચારિત્ર પાલન કરવું જોઇએ એમ ભગવાને ઉપદેશ દીધો. પરંતુ આ કાળમાં "બકુશ કુશીલ" ચારિત્ર બહુધા મળશે, એમ પણ પ્રભુએ જ કહ્યુ છે. તો એને શિથિલાચાર માનીને નિશ્ચય નય કહેશે કે "એને અમે સાધુ માનશું નહીં" ત્યારે સાપેક્ષ વ્યવહાર માર્ગ એ કહે છે, કે બકુશ કુશીલ પણ ચારિત્ર હોય તે પણ માન્ય રાખવું. કારણ કે તે ભગવાનેજ કહ્યુ છે એમા સાપેક્ષ વ્યવહારથી એની ચતુર્વિધ સંઘ રૂપ શાસનમાં ગણત્રી થઇ જ ગણાય એને જો ન માને, તો ભગવાનની આજ્ઞાનો લોપક જ માનવો જોઇએ. એવા એકાંતમાનીઓ કે જેઓ 'નિરપેક્ષ વ્યવહાર" ને અપનાવે છે, તેવાઓના તો ચતુર્ગતિ સંસાર વધતો જ જાય છે પણ ઘટતો નથી. આ કારણથી આરાધક આત્માઓને પૂજ્યશ્રીએ ચેતવ્યા કરેલ, કે 'સાપેક્ષ વ્યવહાર' ના ભગવાનના ઉત્તમ માર્ગને કદી છોડશો નહીં

દુનિયાના વ્યવહારોમાં પણ અપેક્ષાઓ તો હંમેશા જોવી જ પડે છે. જેમ કે ભગવાનને કહીએ છીએ કે "પૂજાનું ફળ મને આપો" એ ફળમાં પણ શું આપે? શું ભગવાન તમને કેળાં, નારિયળ કે સંતરાના ફળ ખાવા માટે લાવી આપે? એમ માગો છો? નહીં. પૂજાનું અંતિમ ફળ મોક્ષ છે. તેની આગાહી કરી છે એનું નામ અપેક્ષાવાદ છે એના વિના સંસારમાં પણ ચાલતું નથી. તો જિનશાસનમાં ક્યાંથી ઘડી પણ ચાલી શકે? અપેક્ષાઓને માન આપવા જે તૈયાર નથી, એ દુનિયા

માંથી પણ બાતલ સમજ્યો. જેમ શાસ્ત્રીય વાતમાં એમ કહેવાય છે, કે સિદ્ધાત્મા અને મારા આત્માગાં કાંઇ અંતર નથી, માત્ર કર્મોનો વચ્ચે પડદો છે તે દૂર થઇ જાય તો બેઉ સમાન છે, તેમ કોઇ મુનિરાજની ભાવના ઉંચી હોય, પણ સહનશીલતા એટલી હદે ન પહોંચી હોય, અને દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવના સંયોગો એવા જ આવી પડે, કે જેથી એને અમુક અપવાદનું આલંબન લેવું પડે તેવા ગીતાર્થને જોઇને કોઇ એકાંતવાદી માત્ર ઉત્સર્ગનેજ માન આપીને એમ કહે કે "શું સાધુ આવા હોતા હશે? આ શું?" એ જિન કથિત માર્ગના સાપેક્ષ વ્યવહારને જાણતો હોત, તો આવી રીતે કેવળ ઉત્સર્ગમાર્ગનેજ પકડી રાખે નહીં. એમ અપવાદ વ્યવહારને પણ બતાવનાર એજ ભગવાન છે. તે ભગવાનનું અપમાન ને અનાદર કરનાર તે બને છે, તેથી તે એકાંતવાદી થયો, અને તેને માત્ર સંસાર વધારવાનું જ ફળ મળે, એમાં આશ્ચર્ય નથી. કારણ કે તે વીતરાગ વચનનો વિરાધક થયો. જે જે ગચ્છાગ્રહીઓ મમત્વને છોડતા નથી, તેઓ મુખેથી અપેક્ષાઓપૂર્વકના ઉદ્‌ગાર કદીપણ કાઢી શકતા નથી. કારણ કે તેઓ ભગવાનની અપેક્ષાઓથી અજ્ઞાત છે. તેથી તેઓ નિરપેક્ષ વ્યવહારથી પોતાનું ગાડું ચલાવે રાખે છે. એથી સાપેક્ષતા એના મતમાં હોવી સંભવતી નથી. તે કારણથી અહીં કહ્યું કે તે ગમે તેવી ક્રિયા કરતો હોય, છતાં તેનું ફળ તો સંસાર વૃદ્ધિનું જ થવાનું. આવા મતવાળાનો નિરપેક્ષિત વચન વ્યવહાર જૂઠો ગણાય છે. નકલી ને ગિલિટ કરેલો દાગીનો જેમ વધારે ચમકદાર હોય પણ તે ૪ દિવસ પૂરતો જ. પાંચમે દિવસે ઝાંખો ને કાળો પડી જાય છે. તેમ આવા મતાગ્રહીઓની પૂંઠે જનારાઓ મૂર્ખ હોવાથી એ પ્રપંચ

લીલાને જાણી શકતા નથી. એમનો મોહવિલાસ નવ્ય મત દ્વારા આવું પાખંડ પ્રવર્તાવે છે, તેને પક્ષાંધ અનુયાયીઓ જોઈ શકતા નથી. ત્યારબાદ પણ જ્યારે ખબર પડે, પોલ ખુલ્લી થઈ જાય, ને સમજાય કે 'મારા ગુરુઓ મને ઉન્માર્ગે ઘસડી જાય છે,' તેમ છતાં કહે છે, કે અમને પૂછડું પકડાવ્યું. હવે આ છોડીએ તો અમને ઉભું કોણ રાખે? એ માન પણ મોહરાજાનો વિલાસ અને તાંડવ નૃત્ય જ છે ને? આજે પણ એવાં ઘણાં દેખાય છે, કે જેઓ દૃષ્ટિરાગનું વિષ ભક્તવર્ગમાં રેડતાં હોય છે, કે "ભગવાનના નહીં શાસનના નહીં, પણ અમારા રાગી થાઓ...." વળી તેઓ એવું પાખંડ ચલાવે છે, કે મુખેથી મહાત્યાગીના ફિરસ્તા પોતે હોય તેવી વાતો કરે છે, ને પછી બીજા તેમનામાં એવાં દૂષણો ભરેલા દેખાય છે, કે તે દેખીને જનતાને શાસન પ્રત્યે તિરસ્કાર થાય છે. એવી ભેદી વ્યક્તિઓથી શાસન આજે ખૂબ ઘવાએલું છે. એવો એક ઘા રૂઝાતો નથી, તેટલામાં તો બીજા ૨-૪ ઘા બીજા નિરપેક્ષ વ્યવહારીઓ તરફથી પ્રહારાત્મક થાય છે કોઈ પૂછે કે વારંવાર શાસન પર હુલ્લા આવા કેમ થાય છે? તો તેથી તુરત જ જવાબ મળે છે, કે આજે આ પંચમ કાલના પ્રવાહમાં મોહરાજાના આવા વિલાસ ન થાય તો ક્યારે થાય? એના માટે તો મહાપંડિત મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પણ બળતે હૃદયે એકરાર કરતાં શ્રી સીમંધર પ્રભુજીની સ્તવનામાં એજ કલ્પાંત કર્યો છે, કે હે ભગવાન આ બાવાઓ આજે શું માંડ્યું છે? "ધૂમ ધામે ધમાધમ ચલી..." લઈને એ નિરપેક્ષ વ્યવહારના સ્થાપકોએ સમાજને જ્ઞાનમાર્ગથી દૂર કરી દીધો છે. એ ધૂમધામ સંસાર વધારે તેમ નથી શું? માટે જ કહી શકાય કે જેને ગચ્છનો કે

મતનો આગ્રહ ન હોય. એવા આત્મજ્ઞાની જ સાપેક્ષ અનેકાંતમય ભાષા બોલી શકે છે, ને તેજ સંસારનો પાર પામી શકે !

આવું સિધ્ધાતગાથી જ્ઞાની પુરુષો પાસે વારંવાર સાંભળવા છતાં હે મહાનુભાવો ! તમે 'નિરપેક્ષ વચનવાળો વ્યવહાર' શા માટે આદરો છો, અથવા એવા દુર્ગમ ને કાંટાળે રસ્તે શા માટે પ્રવર્તન કરો છો ? તેથી તો સંસારની વૃધ્ધિ થશે, એવા મિથ્યા મતોના ફંદોમા ફસાઇને, તેને સ્વીકાર કરીને શું ખૂશ થાઓ છો ? કેટલાક મિથ્યામતિઓ ખૂબ નશામાં ચડે છે, ત્યારે એના મિથ્યાત્વનો ખૂબ જોરશોરથી પ્રચાર કરે છે, ને ખુશી થઇ નાચે છે તેથી અહીં કહ્યુ કે "કાંઇ રાચો ?" શા માટે ખૂશી થાઓ છો ? એવો આ ગાથાનો ભાવાર્થ છે (૪)

એકાતે ક્રિયાનો પક્ષ લેનારા ક્રિયાવાદીઓ અથવા પેલા નિરપેક્ષ વ્યવહારથી ક્રિયાઓ કરાવનારા હઠાગ્રહીઓ, જ્યાં સ્વમતની ખેંચપકડથી છૂટ્ટી બની ગયા હોય છે, ત્યાં સાચા દેવ ગુરુ અને ધર્મની ઓળખાણ કેવી રીતે સંભવે ? ગુરુ તો એકાંતવાદી ઉન્માર્ગગામી મળ્યા, હવે કુગુરુ સુધર્મની વાતો કરવાના તો છે જ નહિં. વળી સુદેવના દેવત્વને પણ ઢાંકી દેવા પ્રયત્ન કરે જ. કારણ કે દેવ કરતાં પોતાની માન-પૂજા-ખ્યાતિ વિશેષતર કરાવવા તેમની ગળાડૂબ ઇચ્છા પ્રવર્તે છે, પછી એની પાસે શુદ્ધ દેવ ગુરુને ધર્મની આશા રાખવી જ વ્યર્થ છે. બહારથી એ મતભેદીઓ ભલે વીતરાગના ઉપાસક કહેવડાવતા હોય, છતાં એમનામાં મિથ્યાત્વ ખૂબ ભરેલું હોય છે. તેથી એ વિશુદ્ધ તત્વત્રયીની ઓળખાણ એમને ત્યાં કે એમના મતમાં જ્યાં સુધી રહે, ત્યાં સુધી થતી જ નથી. તો પછી શ્રદ્ધાનુ અવધારણ તો કેમ જ થઇ શકે ? જ્યારે કોઇ પણ ચર્ચા કે વાતનો એક પક્ષ

બંધાઈ જાય છે, ત્યારે પોતાના પક્ષને મજબૂત કરવા, આવેશમાં અને પૂર્વગ્રહ પૂર્વકની હઠની પરિપુષ્ટિમાં વચન બોલવા પડે જ છે. આવા પક્ષાગ્રહીઓ પોતાના પક્ષથી તથા પક્ષના અનુયાયીઓથી સપડાએલા ને ગ્રહણ કરાએલા હોવાથી સાચું ને સ્વપર માટે હિતકર બોલી શકતા જ નથી. એટલે પોતે જન્મથી જે પક્ષમાં આવે, અથવા જે પક્ષમાં પોતાના બાપ–દાદા રહેલા હોય, તે પક્ષની પરંપરામા દેવ ગુરુને ધર્મનું સ્વરૂપ જેવું હોય અથવા જેવું માનવામાં ચાલ્યું આવતું હોય, તેવું જ તે બોલે છે, ને બોલવા લાગે છે. સ્વમતિનો કાંઇ પણ વિચાર તે કદી કરતો જ નથી. વળી પોતાના મતને અનુસરનાર ન હોય, તેવાઓ ઉપર છાજતા ને અણછાજતા આક્ષેપો પણ કરે છે. આવા પક્ષપાતીઓને ખરા દેવ–ગુરુ કે ધર્મને ઓળખવાની તક જ ક્યારે મળે? એ તો પોતાની ઉપર જણાવેલી ખટપટોમાં જ વ્યગ્ર હોય છે એટલે સાચું શોધવા કે સાચાનો પરિચય કરવાની એને ફુરસદ જ મળતી નથી. એ એનું મોટું દુર્ભાગ્ય જ છે ને? કોઇ સાધુ મુનિરાજ ઘરમાં વહોરવા પધારે ત્યારે ૮ વર્ષનું બાળક તેની બાને પૂછે છે કે બા! આ કોના, આપણા મહારાજ છે? એને એની બા એ વખતે શિખવાડશે કે, ના આતો પારકા છે આ આપણા નહીં એમ આ આપણા નહીં, ને પેલાં આપણા એમ જે ભેદભાવ નાની ઉંમરથી મા બાપ જ બાળકોને વારસા રૂપ શિખવાડે છે, તેજ મુખ્યત્વે અસદ્દ બની જાય છે. આવા મિથ્યામતિ માતા પિતા સ્વ સંતાનોમા ઝેર નહીં તો શું રેડી રહ્યા છે? એ માબાપોને પણ શિખવાડનાર એનો ગુરુવર્ગ છે કે જે આગળ ચાલનાર અને પૂંઠે ચાલનાર એક સ્વહિતની ચિંતા માટે એક ઘડી પણ થોભનાર નથી સમજો કે ભવસમુદ્રમાં

કુળના કુળના, કોઈ નાવડી હાથ લાગી. પણ [illegible]
એ નાવડી ક્યાં સુધી લઈ જાય? કારણની દૃષ્ટિ [illegible]
થયું છે, કે ભિન્નતાને ત્યાં. [illegible]
ત્યા. જન્મેલા એના [illegible]
પિતા જે ગચ્છમાં હોય તેજ ગચ્છનો આગ્રહ [illegible]
તે પછી એ ધર્મ [illegible]
તેને બીજા પર શ્રદ્ધા બેસતી નથી. [illegible]
શુદ્ધ તત્ત્વત્રયી જે કુળમાં [illegible]
એ સન્માર્ગે સ્થિર થાય એનો અર્થ શો?

વળી જો કોઈ ઉત્તમ આત્મા પર ઉપકાર કરતાં કરતાં આ પદ કર્તા જેવા મહાત્યાગીની છાયા સ્વભાવ બની હોય, તો ઘર આવતાં, ઘરમાં સમકિતને ટકાવવું કેમ? એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કેમકે આ મતાગ્રહીઓ શુદ્ધ મતને ઘરમાં ભેળવવા માંગતા જ નથી તેથી કહ્યું છે, કે આણેલી શ્રદ્ધા પણ કેમ રહેશે–ટકશે? અહીંના પક્ષપાતી વાતાવરણ વચ્ચે એ શુદ્ધ શ્રદ્ધા ને કોઇ પુણ્યશાળી આત્માજ સાચવી અથવા ટકાવી શકશે. દા. ત. આ વાંચનાર વાંચકગણ પણ જો એમ માનશે, કે આ મારા ગચ્છ કરતાં બીજા મત માટે લાગુ પડે છે. તો તે ખૂબ ખુશી થશે, કે એ બધા આવા કદાગ્રહીઓજ છે, તેઓ-થીજ શાસનને નુકશાન થયું છે. પરંતુ જો એમ લાગશે, કે આ બધું મારા પક્ષને, મારા માનેલા ગુરુઓને, મારા બાપ–દાદા કે જેને શ્રદ્ધાથી, દેવથી પણ અધિક માનતા આવ્યા છે, તેને લાગુ પડે છે તો એને ગુસ્સો એટલો બધો આવશે, કે એનું ધર્મઝનૂન કઇ હદે લઇ જાય તે કહી શકાય નહીં એનુંજ નામ ઝેર છે. એનુંજ નામ મિથ્યાત્વ છે. એનોજ અહીં વિરોધ

થઇ રહ્યો છે. આવું ઝેર પીપીને પુષ્ટ થએલાઓને અહીં ચેતવણી આપવામાં આવેલ છે, કે તમે જે જે ક્રિયા કરો છો તે તમારી બધીય ફોક જનાર છે. ધૂળ પર કે રાખ પર લીંપણ કરો ને જેમ મહેનત તમારી નકામી જાય, તેમ તમારી દશા થશે. કારણ કે તમને મોહ થયો છે, પણ તમને સાચા દેવ-ગુરુ ધર્મનો ખપ નથી. એમના પાણે પડયા બાદ એમના ફંદામાં ફસાયા. વળી મોહરાજાએ પણ સારો મોકો દેખીને તમને એના પંજામાં લીધા છે. હવે તમે કયાં ધર્મરાજાનું સાંભળવાના છો ? હવે તો તમને ધર્મરાજાનું વેણ કડવું લાગશે, ને આ છારપર લીંપણું કરવા જેવી ધર્મના નામે મિથ્યા ક્રિયા કરાવનારા સારા લાગશે.

ઝેર બીજાનો નાશ કરે છે. પણ એજ ઝેર સર્પની દાઢમાં હોય છે, ત્યારે એ સર્પને એ કાંઇ કરતું ય નથી. એ તો એનું ઉત્પાદન સ્થાન છે તેમ આ મતાગ્રહીઓના અનુયાયી બનીને ઝેરના ઉત્પાદન કાર્યમાં સહયોગી બનવાનું એ કારખાનું બની જાય છે. ત્યાં વિદ્વાનોનો વાસ નથી, મોહનીય કર્મનો નશો જયા ખૂબ ચડે અને પક્ષાપક્ષીના ઝગડા થાય ને તે કોર્ટે પણ જાય, ત્યારે એને એક શરાબીની દુકાન જ કહી શકાય. આવું આ જમાનામાં કેવી રીતે ચાલી શકે છે એજ સમજવું મુશ્કેલ બની જાય છે. યોગી એ નાર કહેવાનો છે, કે સમજદાર આત્માઓએ આવું પક્ષપાતી વલણ અંગીકાર કરવું જ ન જોઇએ. આવા પક્ષપાતોને તિલાંજલિ આપવી જોઇએ. આવા દર્શનોને આપણી સમક્ષ આ ઉપકારી મહાપુરુષ આ સ્તવનના બહાને જે ધરી ગયા છે, તે દર્શનો વાંચ્યા કે જાણ્યા બાદ આપણામાં રહેવા જ ન જોઇએ,

અને આપણામાં પણ એ દષ્ટિરાગનું ઝેર જો રહી જાય, તો એમ જણું કે આ મહાપુરુષની ભવિષ્યવાણી સાચી પડી, અને એ એક મહાન ભવિષ્યવેત્તા હતા, એમ કહેવાશે.

આ જે અહીં કહેવામાં આવ્યું છે, તે માત્ર કોઇ ઉત્તમ આત્મા આવી જાળમાં ન ફસાય એટલા માટે જ છે. કારણ કે ભવિતવ્યતાના યોગે જ આવું બનનાર છે, એ તો બનવાનું જ છે, એ પદકાર પોતે પણ જાણતા હતા. પરંતુ જેટલા કબુતર જાળમાં ન ફસાય તેટલા સારા. એ જીવદયાનું ચિંતન તો હિતકારી જ છે "જો જો બચજો" એમ બીજા સારા સજ્જનોને ચેતવવા એતો ઉપકારીનું કામ છે. એ ન્યાયે આ હિત બુદ્ધિથી અહીં સમજાવવામાં આવ્યું. કારણકે આટલી મહેનત કરી ધર્મક્રિયાઓનું કષ્ટ ઉઠાવે, ને પાછળથી ખબર પડે કે આ બધી મહેનત નિષ્ફળ ને નકામી ગઇ, તો તે તુરત કહે કે અમને પહેલાં કહેવું હતું ને? એનો અર્થ બીજો એ પણ નિકળે છે, કે પ્રત્યેક માનવે શુદ્ધ તત્ત્વત્રયીની શોધ કરવી જ જોઇએ. જેમ તેમ કે વિના પૂછે, કે વિના તપાસ કરે જે તે ધર્મ કરવા બેસી જવું એનો અર્થ શો? જે કરો તે સમજી વિચારીને કરો સુદેવ, સુગુરુ ને સુધર્મ જો પરમ વિશુદ્ધાવસ્થાના મળશે, તો તો તમારું કામ થઇ જશે. પછી તમને તમારી ક્રિયામાં વિશ્વાસ થશે તમારા આત્મામાં વિશ્વાસ જામશે, તથા એના બતાવનાર વીત-રાગ પર પણ શ્રદ્ધા જામશે, બાકી તો શુધ્ધ શ્રધ્ધા વિનાની કરેલી ક્રિયાઓ કરો ને ન કરો એ સરખી જ છે. કારણ કે જે તપ તથા સંયમથી નિર્જરા કરવા દ્વારા નિકટ આવવાનું હતું તેજ તપ ને સંયમ શુભાશુભકર્મોનો બંધ કરાવનાર થયા,

તેથી હઠાગ્રહી મડાગાંઠ હોવાથી સંસાર ઘટવાને બદલે ઉલ્ટો વધ્યો. તે હેતુથી અહીં સમકિત નહીં હોવાથી, ને એ હઠાગ્રહીઓની પૂંઠે પૂંઠે જવાથી જે જે ક્રિયા કરી, તે બધીય છાર પર લીંપણ અથવા મેલી ગંદી ભીંત પરના ચિત્રણ જેવું જ થયું જાણવું. એવી ફોગટ મહેનત છોડી દઈ, જ્યાં સમકિત હોય, જ્યાં નિષ્પક્ષતા હોય, જ્યાં શુદ્ધ તત્ત્વત્રયી હોય, ત્યાં જાઓ ને નિર્મળ આરાધના કરી કલ્યાણ કામના સફળ કરો. એવો ભક્તોને આગ્રહ અને સલાહ છે. એવું આડકતરૂં સૂચન પણ અહીં ઉત્તમ આત્માઓને મળી રહે છે. (૫)

ભગવંતે પાપબંધના ૧૮ સ્થાનકો બતાવ્યા છે. એ ૧૮ પાપસ્થાનકમાં કોઈ પણ ઠેકાણે ઉત્સૂત્ર બોલવાનું આવું મોટું પાપ છે, તે કેમ નહીં ગણાવ્યું હોય? એમ આ સ્થળે વિચારક આત્માને સહેજે શંકા થયા વિના રહેશે નહીં. પહેલે પાપસ્થાનકે પ્રાણાતિપાતથી માંડી ૧૮ મે મિથ્યાત્વ શલ્ય સુધી આ નામનું કોઈ પાપ નથી, એ વાત સાચી, પણ એમ સમજવું જોઈએ કે આચરણાઓના એ પાપો ક્રમસર બતાવ્યા તેમાં આ નામ જરૂર નથી. પરંતુ જ્યારે મિથ્યાત્વ મોહનીય કર્મનો ઘોર પાપોદય જાગે છે, ત્યારે આવું વીતરાગ વચનથી વિપરીત બોલવાનું બને છે. જેમ પેલા નિશ્ચય નયવાળા એકાંતવાદીઓએ નિરપેક્ષ વ્યવહાર ચલાવ્યો, ને જે ઉચ્ચાર કર્યા તે બધા ઉત્સૂત્ર નહીં તો શયા છે? સાપેક્ષ વ્યવહાર ત્યારે કયો છે? જિનભાષિત સૂત્રોમાં સાપેક્ષ વ્યવહારમાર્ગ જે બતાવ્યો છે, તે પણ નિશ્ચય નયને અમાન્ય કરીને નહીં. પરંતુ નિશ્ચયને પણ માન્ય રાખી વ્યવહારની અપેક્ષાઓને પણ માન્ય રાખી, એ જ સ્યાદ્વાદનું રહસ્ય છે સ્યાદ્વાદ એ જિનવાણી છે કોટલે મિથ્યા

તેના હૃદયમાં જિન વચન વિરુદ્ધ જે અપલાપ કર્યો, એ ૧૮
મા પાપસ્થાનકમાં જ આવી ગયો સમજવો. અહીં તો આ
કથન જે કહેવું છે, તે તો એ મતવાદીઓને આશ્રીને જણાવા-
યેલ છે, તે પણ ઉન્મત્ત વર્તે છે, ને તેના અનુયાયીઓ પાછળ
પાછળ ચાલનારા સ્વયં અજ્ઞાની હોય, છતાં ઉમળકા કર્યા
કરે છે, ને દોગટના કર્મો બાંધે છે, તેની બહુ દયા આવે છે.
એવાઓ કાંઇ જાણતા હોતા નથી, શાસ્ત્રોને, શાસ્ત્રોની અપેક્ષા-
ઓને બારિકાઇથી સમજવાની તેમનામાં શક્તિ નથી. તેઓ
આવા મતોની કે તેના સ્થાપકોની વાહવાહ ગાવા શા માટે
બેસતા હશે? ને ખાલી દુર્ગતિ જવાનું પસંદ કેમ કરતાં હશે,
એજ સમજાતું નથી.

આ એક એવું ઉચું તત્ત્વ છે, કે તે બહુ વિચારણા માંગે
છે તેને વિચારણા કર્યા પછી જ સમજી શકાય તેમ છે. આ
સાદી કડીઓમાંથી આપણને કર્તા અહીં ઘણું જ તત્ત્વ શિખવાડી
જાય છે, એજ આ કૃતિની ખરી ખૂબી છે. આવી રચનાં આજે
કોઇ બનાવી શકતું હોય તેમ લાગતું નથી. આનું નામ છે.
વિદ્વત્તા! આજે પંડિતો–પ્રકાંડો ઘણાં કહેવડાવે છે, પણ આવી
સાદી ને સરળ કડીઓના અર્થની સંગતિ બેસાડતાં પણ તેઓને
આવડતું નથી. સાપેક્ષ વ્યવહાર એક મહાન આગમની
વસ્તુ છે. કેટલાંય આગમોનું સંદોહન અને મનન મંથન
થાય, ત્યારે આ સાપેક્ષ વ્યવહાર સમજી શકાય તેવો છે. જેમ
કહેવાય છે, કે સામાન્ય કેવળી કોઇવાર ગૃહસ્થીને ત્યાં ગોચરી
લેવા નિકળે, ત્યારે કેવળજ્ઞાનથી એ બધી જ વસ્તુ ૪૨ દોષવાળી
દેખે, તો પણ બીજા સામાન્ય ગીતાર્થ શ્રુતધર સાધુ ગોચરી

જતા હોય, ને એ શ્રુતજ્ઞાનીની દૃષ્ટિથી ૪૨ દોષરહિત ગોચરીની જેમ ગવેષણા થવી શકય હોય, તેજ પ્રમાણે કેવળી બાહ્ય વ્યવહારને માન આપી, શ્રુત વ્યવહાર પ્રમાણભૂત છે, એમ કરી પોતાની દૃષ્ટિથી દોષિત હોય તો પણ ગ્રહણ કરે. આવી વિવેક બુદ્ધિથી સ્થિરતાપૂર્વક વિચારીને જે કદમ ઉઠાવાય તે સૂત્રને માન આપનારો આત્મા કહેવાય.

આટલા કથન બાદ થોડાક બીજો સાર વિશેષરુપે અહીં કર્તા બતાવવા માંગે છે, કે ત્રાજવામાં બધા તોલાતા માલનો ઉપરના કાંટા પર જ જેમ આધાર હોય છે, તેમ આખી જિંદગીની આચરણાઓ અને ક્રિયા વિધિઓમાં મુખ્ય આધાર માત્ર આગમાનુસારીપણા પર જ છે. જેમ ખાધા પીધા બાદ પણ એનીમીઆ રોગને કારણે ખાધાનું લોહી થવાને બદલે પાણી થઇ જાય તો શું કામનું ? તેમ ક્રિયાઓ કરીને સદ્‌ગતિની સાધના થવાને બદલે દુર્ગતિમાં જવાય તેનો અર્થ શું ? ને તેમા પણ ક્રિયાઓ કરવા છતાં આગમ વિહિત અનુષ્ઠાન ન હોવાના જ માત્ર કારણે અને તે શાસ્ત્રોથી વિપરીત હોવાથી સાધના ઉલ્ટી બની જાય છે. જેમ જાપ કરનાર કરે છે, ને પૂરી વિધિ નહીં જાણવાને કારણે, દેવ પ્રસન્ન થવાને બદલે વિપરીત થઇ જાય ને ગાંડા બનાવે કે બીજું શું નું શું નુકસાન પહોંચાડે, તો તેવું શા માટે કરવું ? એવું કામ કે એવી ક્રિયા કરવી જોઇએ, કે કાળ સ્વરૂપ ધ્યેયથી નિરાશ થવાનો પ્રસંગ ન આવે. આખું વર્ષ મહેનત કરે ને મેટ્રિકમાં નાપાસ થાય, તો મહેનતુ ને આશાસ્પદ યુવકને કેવું દુઃખ થાય છે ? તેમ આ ક્રિયાઓ છાર પર લીંપણ જેવી કોરીની બની જાય છે, તેનું તમને કેમ દુઃખ થતું નથી ? એમ કર્તા પૂછે છે. તેવા નુકસાનમાં આપણે ન આવીએ તે

સેવક કહેવડાવવા માંગતા હો, તો આગમો સિવાય એક પણ ડગલું ભરશો નહીં. આગમ આપણા સર્વસ્વ પ્રાણ છે, નહીં તો એના સિવાય તમે નિષ્પ્રાણ કલેવર સમાન જ છો, એમ ચોક્કસ માનજો આ આગમોના સ્વરૂપને સમજવા ઘણો સમય આપવો પડશે, ઘણી વિચારણા કરવી પડશે, અને એને સમજાવનારા કે સંભળાવનારા પાસે જઇને તત્ત્વાવબોધ થાય એવી ચર્ચાઓ કરવી પડશે. વિધિ નિષેધાત્મક વિધાનોના ગહન ભાવો સમજવા પડશે. વળી જે સરકારના તંત્રમાં રહીએ તેના ઓર્ડરનું માન તો આપવું જ પડે. કાયદા કાનૂનનો ભંગ કરવો એ દુનિયામાં પણ એક મહાન ગુન્હો ગણાય છે. કાયદો એ દેશના માનવીઓના સંરક્ષણનું મુખ્ય સાધન છે. એ જો ન હોય, તો હંમેશાં અવ્યવસ્થાનો પાર રહે નહીં. એ કાયદાના એક ગ્રંથમાં એવી શી તાકાત હશે, એ વાંચક વર્ગ સ્વયં વિચારે ! તો પછી આવું ભગવાન મહાવીર દેવના શાસનનું વિશાળ તંત્ર, અને તેની ૨૧૦૦૦ હજાર વર્ષ સુધીની અવસ્થિતિ માટે આ ૪૫ આગમોની કેમ જરૂર નહીં ?

એ જિન સિદ્ધાંત અપેક્ષાવાદથી ભરેલો છે. વચનો અવિતથ છે. સર્વ શુધ્ધ છે તો પછી એની વિરૂધ્ધમાં અપલાપ કરવા બરાબર તો દુનિયામાં કોઇ પાપ નથી. પિતાની, માલિકની કે સરકારની વિરૂધ્ધમાં ભાષણ કરાય તો શિક્ષા કરવામાં આવે છે, તો આ પ્રમાણે જિનવચન વિરૂધ્ધ [illegible] કરવામાં કેમ પાપ નહીં લાગે ? [illegible] એ પાપ હોવાથી પ્રથમ [illegible] પડે છે એમાં કોઇ [illegible] આગમોનો લોપ કરે, કે કોઇ [illegible] લોપ કરે, પરંતુ એ

બધું તાંડવ મોહરાજાનું નહીં તો કોનું છે! જેવી રીતે ને જેટલું પાપ ભયંકરતા ભરેલું એ આજ્ઞાને લોપવામાં છે, તેવી જ રીતે નુકસાનને બદલે અગમ્ય પુણ્યનો લાભ એ આગમ આજ્ઞાના પાલનમાં, એ આગમ વચનો પ્રત્યેની બહુમાનભરી શ્રદ્ધામાં અને વર્તણુકમાં છે. એ કારણથી બેઉ વસ્તુ સાથે બતાવી છે, કે જિનાજ્ઞાનો વિરોધી ભયંકર પાતકી છે, ને જિનાજ્ઞાનો પાલક સાચો ધર્મી છે. જે છોકરો સામું બોલે તે ગમતો જ નથી. પછી ભલે તે ભણેલો ગણેલો પણ હોય. જે પુત્ર આજ્ઞા પાળતો હોય, તે જ પિતાને વહાલો લાગે છે. તેમ આજ્ઞાનું આરાધન શુભ ફળ આપે, ને વિરાધન અશુભ ફળ આપે એ સ્વાભાવિક બની જાય છે. વિરાધનાનો ડર રાખી, આરાધનામાં ઉજમાળ રહેવાનો અમર સંદેશ અહીં મળી રહે છે શાક સમારવા રાખેલા ચપ્પુનો ક્રોધાવેશમાં આવી કોઇને મારવામાં દુરુપયોગ થાય, તો લાભ ને બદલે મોટું નુકસાન પણ થઇ જાય છે ડૉકટરને ત્યાં રાખેલી દવાઓ જે ઘણાંને લાભકારક નિવડે છે, તેજ દવાઓમાંની કોઇ ઝેરી દવાને આપઘાત માટે સાધન બનાવાય તો નુકસાન કયાં નથી થતું? જેને એમ વિરાધનાનું ફળ ભયંકર પાપમાં માનવામાં વાંધો હોય, તે અખતરો સંસારમાં કરી જૂએ. જેમ કે, જે મળે તેની સાથે કડવું બોલે, લાત મારીને વાત કરે, નોકરી કરે ને બોલી કરે કે તમારું કહેલું હું કદી નહીં માનું, પોલીસ સ્ટેશને જઇને કહી આવે કે હું કાયદાને માનતો નથી, ને માન આપવા પણ તૈયાર નથી....વિ....વિ...તો શું પરિણામ આવે છે તેનો અનુભવ કરે!

અહીં સૂત્રને અથવા આજ્ઞા ધર્મને સર્વોત્કૃષ્ટ ધર્મ

બતાવીને કર્તાએ એક સૂચન કર્યું છે, કે સાપેક્ષ સિદ્ધાંત વીતરાગનો હોવા છતાં, અહિંસા ધર્મ, સંયમ ધર્મ તથા તપ ધર્મ વિગેરે ધર્મોની અપેક્ષાએ એ બધાથી ચઢિયાતો આ આજ્ઞા ધર્મ છે, કે "જિન વચન એ અન્યથા નથી જ." ધર્મના બીજા બધાય પ્રકારોની સાથે સરખામણી કરતાં જણાશે, કે દુનિયાભરમાં કે મિલિટરીમાં પણ આજ્ઞા-પાલન જેવો બીજો સર્વોત્કૃષ્ટ કોઇ ધર્મ નથી. "आणाए धम्मो" એજ વસ્તુનું સમર્થન કરે છે. એનો અર્થ એ થયો, કે જિનાજ્ઞાને શિરે ચડાવવી જોઇએ. તેનું દ્યોતક કપાલ પર કેસરનું તિલક ભક્તવર્ગ કરે છે, કે "હે ભગવાન્, હું તારી આજ્ઞા શિરે ચડાઉ છું." તે આજ્ઞા શેઠની, પિતાની, કે ગુરુની આજ્ઞા કરતાં પણ લાખોગુણી મહત્ત્વવાળી છે. જે આજ્ઞાધર્મનો પાલક બને છે, તે આત્મા અહિંસા, સંયમ કે વિનયાદિ ધર્મોને કદી અવગણનાર બનશે જ નહીં, એ પણ એની આજ્ઞાના અમલની ટેક ઉપરથી સમજી શકાય તેમ છે. જિનાજ્ઞાના પાલન માટે મયણા સુંદરીની જેમ પિતાની આજ્ઞાને કોઇવાર તરછોડવી પણ પડે છે.

હવે એ સૂત્ર શું છે? એ શું સમજાવે છે? જો હું અમલ ન કરું, તો તે આજ્ઞાઓને તિરસ્કારવાથી મારા આત્મા પર કઈ અસર પડે? બિગાડનાથી બચવા મારે શું શું કરવું જોઇએ? એના પાલનથી મારા આત્મા પર કેવી કેવી અસર થશે? ને હું મને પોતાને કેટલો અહોભાગ્ય માનીશ? એ બાબતો મારે સમજવા જ જોઇએ. સાંભળીને તદનુસાર અમલ કરવો જ જોઇએ એ અમલીકરણ કરવા સાંસારિક લાભોને છોડીને પણ, મારી અન્યૂનાધિક શક્તિનો ઉપયોગ મારે કરવો જ જોઇએ. એવી ભાવનાથી ભક્તિરૂપ અથવા ધર્માગમનમાં

ઉજમાળ રહેતા આરાધક આત્મા જે મનોના [illegible]
પરમ કલ્યાણકારી જિનોક્ત સ્યાદ્વાદ સિદ્ધાંતનો ઉપાસક છે, જે
વિશુદ્ધ સાપેક્ષ વ્યવહારને અમલમાં મૂકી રહ્યા છે, તેઓ
સન્માર્ગમાં સ્થિર થએલા વિશિષ્ટ આરાધક ધર્મી [illegible]પૂર્વક
ઉલ્લાસથી જે ક્રિયા કરે છે, ને કરાવે છે, તેનું જ "શુદ્ધ
ચારિત્ર છે" એમ ચોક્કસ સમજવું "[illegible] ક્રિયા'
એમ કહીને અહીં "જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષ." નું [illegible].
કે સૂત્રો સાંભળે, તેના પર શ્રદ્ધા કરે, એના ગીતાર્થોનો સંપર્ક
સાધે, ત્યારે તત્ત્વોનાં રહસ્યો સમજાય છે. એ સૂત્રોમાંની અપેક્ષાઓ સમજવા કે સાંભળવા કોઈ જ્ઞાની પાસે જાઓ ત્યારે
તે સમજી શકાય છે. એમની સમજાવટ વીતરાગના 'સાપેક્ષ
સિધ્ધાંત' ની અનુકૂળ છે કે નહીં, એ જરૂર જોવું જોઇએ.
સાપેક્ષ સિધ્ધાંતોની અનુકૂળ જો ન હોય, તો વિચારવાનું રહે
છે કે મારે મુક્તિ માર્ગથી ચલિત થવુ નથી. તેઓ હજી
સાપેક્ષ વચનવાળા શાસ્ત્રો પ્રમાણે વર્તતા ન હોય. તેઓ
જિનાજ્ઞાથી વિરુધ્ધ બોલીને, ભોળી જનતાને ફસાવીને, ધર્મને
બદલે અધર્મ કરાવી ઘોરપાપ માર્ગે જઇ રહ્યા છે, તેથી મારે
દૂર રહેવું. જો એમનું માર્ગદર્શન સૂત્રાનુસારી હોય, તો
વિશેષ આગળ વધાશે, ને ક્રિયા યોગને સારી રીતે સાધી શકાશે.
ક્રિયા કરાવનાર પણ સૂત્રાનુસારી હોવા જોઇએ. એવી રીતે પોતે
પણ જો સૂત્રાનુસારી જ્ઞાન મેળવી, તદનુસાર ક્રિયાનો ખપી
બની તેવી જ ક્રિયાનો અનુરાગી હોય, તો બેઉની ચારિત્ર, સામાયિકાદિની ક્રિયાઓ શુદ્ધ થઇ શકે. આથી એ પણ સિધ્ધ થાય છે,
કે પહેલાં વિચારણા આગમાનુસારી થવી જોઇએ, ને પછી તદનુસાર ક્રિયાનો અમલ થવો જોઇએ. એટલે "પ્રથમ જ્ઞાન ને પછી

ક્રિયા" નો સિદ્ધાંત અહીં સૂચવ્યો. વળી "पढमं-नाणं-तओ दया' (પહેલાં જ્ઞાન ને પછી ચારિત્રમાં પ્રગતિ) નો સિદ્ધાંત કર્તાએ અહીં અપનાવ્યો.

વળી ગુરુ સાપેક્ષ વ્યવહારોના જાણકાર કેવા હોવા જોઇએ, કે જેઓ મતાગ્રહથી પર હોય, તેની પણ આંશિક સૂચના અહીંથી મળી જાય છે, કે જેઓ ઉત્સૂત્ર જેવા ઘોર પાપથી અલિપ્ત રહેતા હોય, જિનાજ્ઞાના પાલનમાં ઉદ્યમશીલ હોય, અને ભગવાનની આજ્ઞાનુસાર પોતાની શક્તિ મુજબ વર્તન રાખતા હોય, તેવાનું જ ચારિત્ર વિશુદ્ધ છે એમ માનવું. એવા વિશુદ્ધ ને આરાધક ભાવવાળાનું શરણ સ્વીકારવું, કે જેથી ધ્યેયની સિદ્ધિ થાય. પૂર્વે બનાવી ગએલા ઉત્સૂત્રભાષી મતવાદીઓએ શાસનને ઘણું જ નુકસાન પહોંચાડ્યું છે, તેથી અહીં સાચાની ઓળખાણ પણ સાથેસાથ આપી દીધી. આટલું ગહન સ્વરૂપવાળું અર્થજ્ઞાન આટલા નાના સ્તવનમાં પંચમ કાલના જ્ઞાનીઓ સમાજને આપી શકે છે, તો વીતરાગ અનંત જ્ઞાનીઓના કથન રૂપ એક સૂત્રમાં અનંતા અર્થ કેમ ન ઘટી શકે? ઉત્સૂત્ર ભાષણનું પાપ આવું ભયાનક છે, એમ બનાવ્યું, તેથી તેનાથી બચવાની સૌને અહીં એક અણમોલ હિત બુદ્ધિથી સૂચના જ માત્ર કરવામાં આવી છે. જેમ રસ્તો વાંકો ચૂંકો હોય, કે ઉંચો નીચો ભરું આવતો હોય, તો પહેલાં અગાઉથી Danger (ડેન્જર) નું લાલ સાઇનબોર્ડ લગાડવામાં આવે છે, તેમ આ સૂચના ડેન્જરની એક સૂચના છે. એ પાટીયું આપણને બચાવનું હોય, તો આ ગમ્ય પુરુષોના અનુભવ વાક્યોથી આપણને લાભ કેમ ન થાય (?)

શ્રી જિનેશ્વર દેવના ૪૫ આગમોના ઉપદેશનો મુખ્ય સાર જ

એ છે, તે અમે ઉપરની ગાથાઓમાં કહી બતાવ્યો. ગચ્છાદિના કે કપોલકલ્પિત મતોના મમત્વ વિના સિદ્ધાંતને અનુસાર જે જે પ્રવૃત્તિ સંસારી આત્મા આદરે, એટલે શુદ્ધ દેવ-ગુરુ અને ધર્મની સાચી પરખ કરી શ્રદ્ધાને ટકાવી રાખે એવો જે સાર ભગવતે ભાંખ્યો છે, તે જ પરમાર્થ છે. ભગવાનના ઉપદેશનો ટૂંક સાર-બહુ સંક્ષેપથી પણ મુખ્યતયા તે દ્વારા બહુજ ઉંડું તત્ત્વજ્ઞાન આપીને પૂજ્યશ્રીએ અહીં જૈન સમાજના વિચારશીલ આરાધક આત્માઓનું સમકિત નિર્મળ રાખવા, અનહદ ઉપકાર કર્યો છે. તેવા હૃદયદ્રાવી ઉપદેશને, શાસ્ત્રોનું દોહન કરવા રૂપ જે અપેક્ષાએ, જે હેતુથી, ને જે વિષયને ઉપલક્ષીને એ વર્ણન કરવામાં આવ્યું છે, તેને જે પુરુષો અગર સ્ત્રીઓ પોતાના ચિત્તમાં હંમેશાં ધારણ કરશે, તે આત્માઓ ઘણાં કાળ સુધી શાતાવેદનીયનાં દેવતાઇ સુખોનો અનુભવ કરી, આનંદના સમૂહનું જે મોક્ષ રૂપ રાજ છે, તેને પામશે, અથવા તો મોક્ષ સુખ પામશે. (૭)



ધ્યેય અને મુદ્રાલેખ

जम्हा न मुत्तिमग्गे मुत्तूणं आगमं इह पमाणं ।
विज्जइ छउमत्थाणं तम्हा तत्थ जइअव्वं ॥

तथा

छट्ठट्ठम दसम दुवालसेहि य अबहुसुअस्स जा सोही ।
इत्तोय अणंतगुणा सोही (जि) जमियस्स नाणिस्स ॥

ભાવાર્થ:—મોક્ષમાર્ગના આરાધકને આગમોક્ત તત્ત્વ જ્ઞાન સિવાય દુનિયામાં કોઇ આધાર નથી, તેથી તેને માટે જ ઉદ્યમ કરો. (૧) અજ્ઞાનીની મોટી તપસ્યાઓથી જે આત્મશુદ્ધિ થાય, તેના કરતાં બહુશ્રુત જ્ઞાનીની જ્ઞાનના બળથી અનંતગુણી શુદ્ધિ થાય છે. (૨)

યાદ રાખો:—

"જ્ઞાન વિના પશુ સારિખા"

—: માટે જ :—

શ્રી સંઘની પ્રત્યેક વ્યક્તિને વિનંતિ કરવાની કે શ્રી જિનેશ્વરદેવના તત્ત્વજ્ઞાનને સમજવા વિદ્યાપીઠની પરીક્ષાઓ આપો–અપાવો.

વિશેષ વિગત માટે પૂછાવો —



શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ,

૧૫૬–૫૭, રવિવાર પેઠ,

પૂના—૨.

ધ્યેય અને મુદ્રાલેખ

जम्हा न मुत्तिमग्गो मुत्तूणं आगमं इह पमाणं ।
विज्जइ छउमत्थाणं तम्हा तत्थ जइअव्वं ॥

तथा

छट्ठट्ठम दसम दुवालसेहि य अबहुसुअस्स जा सोही ।
इत्तोय अणंतगुणा सोही (जि) जमियस्स नाणिस्स ॥

ભાવાર્થ:—મોક્ષમાર્ગના આરાધકને આગમોક્ત તત્ત્વ જ્ઞાન સિવાય દુનિયામાં કોઇ આધાર નથી, તેથી તેને માટે જ ઉદ્યમ કરો. (૧) અજ્ઞાનીની મોટી તપસ્યાઓથી જે આત્મશુદ્ધિ થાય, તેના કરતાં બહુશ્રુત જ્ઞાનીની જ્ઞાનના બળથી અનંતગુણી શુદ્ધિ થાય છે. (૨)

યાદ રાખો—

"જ્ઞાન વિના પશુ સારિખા"

—: માટે જ :—

શ્રી સંઘની પ્રત્યેક વ્યક્તિને વિનંતિ કરવાની કે શ્રી જિનેશ્વરદેવના તત્ત્વજ્ઞાનને સમજવા વિદ્યાપીઠની પરીક્ષાઓ આપો–અપાવો.

વિશેષ વિગત માટે પૂછાવો—

શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ,

૧૫૬–૫૭, રવિવાર પેઠ,

પૂના—૨.

